# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425



27 DECEMBER, 2025 SATURDAY



પેજ 2  ચીનનો ભય વધતાં જાપાને ડિફેન્સ બજેટ વધારી 58 અબજ ડોલર કર્યું

પેજ 3  સફળ પ્રસુતિ કરાવી માતા અને બાળક ને નવજીવન બક્ષ્યું

પેજ 7  'વીર બાલ દિવસ' ની ઉજવણી કરવામાં આવી

પેજ 5 નર્મદા જિલ્લા કલેકટરે મનસુખ વસાવાની વાત સ્વીકારી



I Pakkogujarat/ I VOL : 10 I Issue : 281 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


### સાયબર લુંટારાઓ પર ચીન, મ્યાંમાર, થાઈલેન્ડનું સંયુક્ત આક્રમણ

# મ્યાંમારના સાયબર અડ્ડા પર ત્રણ દેશોનો હુમલો

### મ્યાવદ્દીના કેકે પાર્ક, યાતાઈ ન્યૂ સિટી ડિજિટલ ફ્રોડના મોટા અડ્ડા : 952 ચીની નાગરિકોને ડીપોર્ટ કરાયા : 500 ઈમારતોનો કચ્ચરઘાણ



બેઈજિંગ : દુનિયામાં એઆઈ ટેક્નોલોજીના વિકાસની સાથે સાયબર ગુનેગારો દ્વારા છેતરપિંડીનું પ્રમાણ પણ વધ્યું છે. ડિજિટલ ફ્રોડથી માત્ર ભારત જ નહીં દુનિયાના દેશો પરેશાન છે. આવા સમયે ચીન, મ્યાંમાર અને થાઈલેન્ડે સાયબર ગુનેગારો વિરુદ્ધ દુનિયાભરમાં ઉદાહરણરૂપ કાર્યવાહી કરી છે. ત્રણેય દેશોની એજન્સીઓએ સાયબર ફ્રોડ વિરુદ્ધ સંયુક્ત કાર્યવાહી કરી છે. તેમણે મ્યાંમારના મ્યાવદ્દી ક્ષેત્રમાં જુગાર અને ઓનલાઈન છેતરપિંડી રોકવા આકરું પગલું ઉઠાવતા હાથ ધરાયેલી કાર્યવાહીમાં મ્યાંમારના કેકે પાર્કમાં ૫૦૦ જેટલી ઈમારતો તોડી પાડી હતી અને યાતાઈ ન્યૂ સિટીમાં ડિજિટલ ફ્રોડ કરતા આખા વિસ્તારનો સફાયો કર્યો હતો અને ૯૫૨ને ડીપોર્ટ કરાયા હતા.

મ્યાંમારના યાતાઈ ન્યૂ સિટીના આ વિસ્તારની સરખામણી ભારતના ઝારખંડમાં આવેલા 'જામતારા' સાથે થઈ શકે છે, જે એક સમયે સાયબર ગુના માટે કુખ્યાત હતું. જોકે, આકરી પોલીસ કાર્યવાહી અને સ્થાનિક લોકોમાં જાગૃતિ પછી હવે આ વિસ્તારમાંથી સાયબર ફ્રોડનું જોખમ ઘટી ગયું છે.

ચીન, મ્યાંમાર અને થાઈલેન્ડની પોલીસે પહેલી વખત સંયુક્ત ઓપરેશન હાથ ધરીને મ્યાવદ્દીના કેકે પાર્ક, યાતાઈ ન્યૂ સિટી અને અન્ય મોટા જુગારધામો-ઓનલાઈન છેતરપિંડીના પાર્કો પર હુમલા કર્યા હતા. આ ઓપરેશન હેઠળ ચીનના ૯૫૨ નાગરિકોને ડિપોર્ટ કરાયા હતા. આ માહિતી ચીનના જાહેર સુરક્ષા મંત્રાલયના ગુનાઈત તપાસ બ્યુરોના વીચેટ એકાઉન્ટ પર જાહેર કરાઈ હતી.

ચીનના પબ્લિક સિક્યોરિટી વિભાગની એક ટાસ્ક ફોર્સે મ્યાંમાર અને થાઈલેન્ડની કાયદાકીય એજન્સીઓ સાથે મ્યાવદ્દીમાં સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. આ ત્રણેય દેશોએ સમન્વય કરીને જુગાર અને છેતરપિંડીના અડ્ડા ગણાતા ક્ષેત્રો પર દરોડા પાડવાની કાર્યવાહી કરી હતી. ચીને કહ્યું કે, આ વિસ્તારમાં જુગારના અડ્ડા હતા. સાયબર છેતરપિંડી કરતા ગુનેગારોએ લાંબા સમયથી ચીનના નાગરિકોને નિશાન બનાવ્યા હતા અને તેમની સાથે ડિજિટલ છેતરપિંડી કરી રહ્યા હતા. ચીનમાં આ અંગે વ્યાપક ફરિયાદો ઊઠી હતી.

આ વર્ષની શરૂઆતમાં ચીન, મ્યાંમાર અને થાઈલેન્ડે ટેલિકોમ અને ઓનલાઈન છેતરપિંડીનો સામનો કરવા માટે મંત્રીસ્તરીય સમન્વય તંત્ર સ્થાપિત કર્યું હતું, જેના હેઠળ અનેક તબક્કાની સંયુક્ત કાર્યવાહી કરાઈ હતી. ચીનના સરકારી અખબાર ગ્લોબલ ટાઈમ્સના રિપોર્ટ મુજબ ઓક્ટોબરમાં મ્યાંમારના અધિકારીઓએ ચીન અને થાઈલેન્ડ સાથે અગાઉની સમજૂતી મુજબ મ્યાવદ્દી અને અન્ય ક્ષેત્રોમાં કાર્યવાહી શરૂ કરી હતી. આ સમયે શકમંદોની ધરપકડ કરાઈ હતી અને જુગાર અને ડિજિટલ છેતરપિંડીના અડ્ડા તોડી પાડયા હતા. ત્રણેય દેશોના સંયુક્ત પ્રયાસોથી આ વર્ષે મ્યાવદ્દીમાંથી આ વર્ષ દરમિયાન ઓનલાઈન જુગાર અને છેતરપિંડીમાં સંડોવાયેલા કુલ ૭,૬૦૦ ચીનના નાગરિકોને ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. દુનિયામાં સાયબર ગુનેગારો દ્વારા ડિજિટલ ફ્રોડનું પ્રમાણ વધી રહ્યું છે અને ડિજિટલ કૌભાંડોમાં ચીનના નાગરિકોની સંડોવણી વ્યાપક સ્તર પર હોવાનું સામે આવ્યું છે. તાજેતરના વર્ષોમાં દક્ષિણ-પૂર્વ એશિયામાં મોટાપાયે ડિજિટલ ગુનામાં સંડોવાયેલા ચીની નાગરિકોને ડિપોર્ટ કરાયા હતા. જોકે, પોતાના દેશમાં પાછા ફર્યા પછી સેંકડો ચીની સ્કેમર્સે ફરીથી ડિજિટલ ફ્રોડનું કામ શરૂ કરી દીધું હતું, પરંતુ આ વખતે તેમણે ચીનના નાગરિકોના બદલે વિદેશીઓને નિશાન બનાવવાનું શરૂ કર્યું છે. તેમનું માનવું છે કે ચીનના નાગરિકોને નિશાન નહીં બનાવવાથી સરકારની કાર્યવાહીમાંથી બચી શકાશે. જોકે, ચીનના સત્તાવાળાઓએ ચેતવણી આપી છે કે ડિજિટલ ફ્રોડના પીડિત કોઈપણ દેશના હશે ડિજિટલ ફ્રોડ કરનારાને છોડાશે નહીં. એક કેસમાં ચીનના સાયબર ગૂનેગારોએ ૬૬,૦૦૦થી વધુ ભારતીય નાગરિકોને નિશાન બનાવીને તેમની પાસેથી ૫૦ લાખ ડોલરથી વધુની રકમ પડાવી લીધી હતી.

---

### ખૈબરપુખ્તના મુખ્યમંત્રી જ સમવાયતંત્રી સરકારની સામે પડયા છે

## તહેરિક-એ-ઈન્સાફ પાર્ટી તમામ તાકાતથી આંદોલન શરૂ કરશે : ખૈબરપુખ્તના સીએમ

• પેશાવર



ખૈબરપખ્તુનના મુખ્યમંત્રી સોહેબ આફ્રીદીએ સમવાયતંત્રી સરકાર સામે ખુલ્લો પડકાર ફેંકતા કહ્યું હતું કે, અમારા નેતા ઈમરાન ખાનના આદેશથી અમારી પાર્ટી 'પાકિસ્તાન-તહેરિક-એ-ઈન્સાફ' હવે દેશવ્યાપી આંદોલન શરૂ કરશે અને તે પણ પૂરી તાકાતથી કરવામાં આવશે.

આ માહિતી આપતા પાકિસ્તાનનું દૈનિક 'ડોન' જણાવે છે કે, પોતાનાં વતનના નગર બારામાં જિરગાને સંબોધતાં આફ્રીદીએ કહ્યું હતું કે, 'મી. (ઈમરાન) ખાને સરકાર સાથે મંત્રણા કરવા માટેની તમામ સત્તા વિપક્ષી સંગઠન તહેરિક આચીન-એ-પાકિસ્તાન'ને સોંપી છે અને પીટીઆઈ તે જે કોઈ નિર્ણય લેશે તે સ્વીકારી લેશે.

આ સાથે મુખ્યમંત્રીએ આક્ષેપ કર્યો હતો કે, તિરાહ વિસ્તારમાં હાથ ધરાયેલી લશ્કરી કાર્યવાહીને પ્રાંતીય સરકારે સંમતિ આપી હતી. તેઓ સમવાયતંત્રી સરકાર ખોટો પ્રચાર કરી રહી છે.'ડોન' વધુમાં જણાવે છે કે, 'મુખ્યમંત્રી આફ્રીદીએ પહેલાં પણ અનેકવાર સમવાયતંત્રી સરકારને તિરાહ વિસ્તારમાં વધી રહેલી આતંકી પ્રવૃત્તિઓ અંગે ચેતવી હતી.' ત્યારે કોઈપણ લશ્કરી પગલાં લેવાયાં નહીં પછી એકાએક પ્રાંતીય સરકારની જાણ બહાર જ જબરજસ્ત લશ્કરી કાર્યવાહી શરૂ કરાઈ અને આ કાર્યવાહીમાં આતંકીઓ કરતાં નિર્દોષ નાગરિકો જ વધુ ભોગ બન્યા હતા. જે પરિસ્થિતિ ચલાવી શકાય જ નહીં. તેમાં પણ જ્યારે હિમવર્ષા શરૂ થઈ ગઈ ત્યારે લોકોને ઘર બહાર ધકેલી દેવા તે સહન ન થાય તેવી કાર્યવાહી હતી.ઈમરાન ખાનની ચૂંટાયેલી સરકારે ગેરકાયદે કાર્યવાહી દ્વારા દૂર કરાઈ છે.

---

## ભારત ચીન સાથે યુદ્ધની તૈયારી કરી રહ્યું છે:વોશિંગ્ટન ટાઈમ્સ

ન્યૂયોર્ક : ભારત ભવિષ્યમાં ચીન સાથે સંભવિત યુદ્ધને ધ્યાનમાં રાખીને ખૂબ જ ઉતાવળે હિમાલયમાં પોતાની સૈન્ય તૈયારીઓ મજબૂત કરી રહ્યું છે. આ માટે ભારત હિમાલયમાં યુદ્ધના ધોરણે પૂર્વીય લદ્દાખથી અરૂણાચલ સુધી સરહદ નજીક કરોડો રૂપિયાના ખર્ચે રસ્તા, સુરંગો અને એરસ્ટ્રીપનું નિર્માણ કરી રહ્યું છે તેમ અમેરિકન અખબાર વોલ સ્ટ્રીટ જર્નલના એક રિપોર્ટમાં દાવો કરાયો છે. જોકે, આ રિપોર્ટથી ચીન ભડક્યું છે. ચીનના વિદેશ મંત્રાલયે દાવો કર્યો કે ભારત-ચીનના સંબંધો યોગ્ય દિશામાં આગળ વધી રહ્યા છે. વોલ સ્ટ્રીટ જર્નલનો રિપોર્ટ ઉશ્કેરણીજનક અને આધારહીન છે. અમેરિકા ભારત અને ચીનના સંબંધોમાં અવરોધો ઊભા કરવા માગે છે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર દુનિયામાં સૌથી વધુ ૫૦ ટકા ટેરિફ નાંખતા એશિયામાં ભારત, ચીન અને રશિયા એક મંચ પર સાથે આવી રહ્યા છે. આવા સમયે અમેરિકન અખબાર વોલ સ્ટ્રીટ જર્નલ (ડબલ્યુસજે) ના રિપોર્ટે હોબાળો મચાવ્યો છે. ડબલ્યુએસજેએ એક રિપોર્ટમાં જણાવ્યું છે કે જૂન ૨૦૨૦માં પૂર્વીય લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પર ભારતીય જવાનોની ચીનના સૈનિકો સાથે થયેલી અથડામણમાં ૨૨૦૦ માઈલ લાંબી વિવાદાસ્પદ સરહદ પર ભારતની તેના સૈન્યને સામાન પહોંચાડવાની વ્યવસ્થાની અનેક ખામીઓ ઉજાગર થઈ હતી.ડબલ્યુએસજેના રિપોર્ટમાં જણાવાયું હતું કે, ચીને ભારત સાથે ૧૯૬૨ના યુદ્ધ પછીના સમયથી જ પોતાના સરહદીય વિસ્તારોમાં સતત રેલવે અને રસ્તાનું મોટું નેટવર્ક બનાવ્યું છે.

---

### આતંકીવાદી કૃત્યઃ સીરિયાનું ગૃહ મંત્રાલય

## સીરિયામાં જુમ્માની નમાઝ સમયે મસ્જિદમાં બોમ્બ બ્લાસ્ટ, 8 લોકોના મોત, 18 ઘાયલ

• હોમ્સ

શુક્રવારે સીરિયાના હોમ્સ શહેરમાં અલાવી અલ્પસંખ્યક સમાજની એક મસ્જિદની અંદર બોમ્બ બ્લાસ્ટ થયો છે. જેમાં 8 લોકોના મોત તો 18 લોકો ઘાયલ થયા છે. સીરિયન ન્યૂઝ એજન્સીના એક રિપોર્ટના દાવા પ્રમાણે આ ધડાકો મધ્ય સીરિયાના હોમ્સ શહેરમાં આવેલા વાદી અલ ધહાબ વિસ્તારમાં આવેલી ઈમામ અલી ઈબ્ન અબી તાલિબ મસ્જિદની અંદર થયો છે. પહેલા જૂનની શરૂઆતમાં દમાસ્કસમાં એક ચર્ચમાં થયેલા આત્મઘાતી બોમ્બ વિસ્ફોટમાં 25 લોકો માર્યા ગયા હતા.

હાજર પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું છે કે પ્રાર્થના હોલની અંદર એક જબરદસ્ત વિસ્ફોટ થયો, જેના કારણે છત અને દીવાલ આંશિક રીતે તૂટી પડી, ઘટનાની જાણ થતાં જ બચાવ ટીમોએ ત્રણ પુરુષોના મૃતદેહોને શોધી પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધા હતા. બીજી તરફ આ બ્લાસ્ટમાં 18 લોકો ઘાયલ થયા છે જેમાં મહિલા અને બાળકો પણ છે. સૂત્ર મુજબ છરાના નિશાન, ફ્રેક્ચર, અને આગના કારણે દાઝ્યા હોય તેવા ઘાયલો સારવાર લઈ રહ્યા છે.

ન્યૂઝ એજન્સી AFP રિપોર્ટ પ્રમાણે સીરિયાના ગૃહ મંત્રાલયે આ ઘટનાને આતંકીવાદી કૃત્ય ગણાવ્યું છે. અને કહ્યું છે કે શુક્રવારની નમાઝ દરમિયાન મસ્જિદને ટાર્ગેટ કરવામાં આવી છે. હાલ સીરિયાઈ અધિકારીએ ઘોષણા કરી છે કે શંકાસ્પદ વ્યક્તિઓની ઓળખ માટે તપાસ શરૂ કરી દેવામાં આવી છે. સુરક્ષા દળોએ બ્લાસ્ટ આસપાસના વિસ્તારને ઘેરી લીધો છે સઘન ચેકિંગ શરૂ કરી દેવાયું છે.

બોમ્બ બ્લાસ્ટ અંગે સીરિયાઈ વિદેશ મંત્રાલયએ કહ્યું છે કે ' આ એક કાયર અને ગુનાહિત કૃત્ય માનવ અને નૈતિક મૂલ્યો પર હુમલો છે. આ સુરક્ષા અને સ્થિરતાને નબળું કરવા માટે સીરિયાઈ લોકો વચ્ચે અરાજકતા ફેલાવવાની કોશિશ છે, સીરિયા હંમેશા આતંકવાદના તમામ રૂપો સામે લડવા મજબૂત વલણ રાખશે. સરકાર એ વાત પર જોર આપે છે કે આવા હુમલા સુરક્ષાને મજબૂત કરવા, નાગરિકોની રક્ષા કરવા અને ગુનાહિત કૃત્યમાં સામેલ લોકો સામે કડક પગલાં લેતા રોકી નહીં શકે.અલ જઝીરાના અહેવાલ મુજબ આ મસ્જિદ મુસ્લિમના અલાવી સંપ્રદાય સાથે જોડાયેલી છે, જે સીરિયાની મુસ્લિમ વસ્તીમાં એક લઘુમતી સમાજ છે. આ હુમલો વર્તમાન રાષ્ટ્રપતિ અહેમદ અલ-શરાના નેતૃત્વ હેઠળના સીરિયન બળવાખોર દળોએ દમાસ્કસ પર કબજો કર્યો હતો .

---

## અમેરિકાએ 10 હજાર કિ.મી. દૂર નાઈજીરીયા પર મિસાઈલ્સ ઝીંકી

### ખ્રિસ્તીઓ ઉપર જુલ્મ કરાતો હોવાનો આક્ષેપ કર્યો

નવી દિલ્હી : જ્યારથી ડોનાલ્ડ ટ્રમ્પે કાર્યભાર સંભાળ્યો છે, ત્યારથી અમેરિકાની સેના શાંત બેઠી નથી. દર બીજા દિવસે ટ્રમ્પ પોતાનાં 'વોર-પ્લેન' મોકલી રહ્યા છે. તા. ૨૫ ડીસેમ્બરે તેઓએ કહ્યું : 'અમેરિકાએ નાઈજીરિયામાં પોતાનાં વોર-પ્લેન' મોકલ્યા છે અને ત્યાંના આતંકીઓ ઉપર પ્રબળ અને ઘાતક હુમલા કર્યા છે. આ હુમલા એટલા માટે કરવામાં આવ્યા છે કે, એ આતંકીઓ નાઈજીરિયામાં ઈસાઈઓને ત્રાસ આપી રહ્યા છે અને તેમની હત્યાઓ પણ કરી રહ્યા છે.

મહત્ત્વની વાત તો તે છે કે, આ હુઝા નાઈજીરિયા સરકાર સાથે સહકાર અને સંકલન સાધ્યા પછી કરવામાં આવ્યા છે. કારણ કે, ત્યાં ખ્રિસ્તીઓ ઉપર હુમલા થઈ રહ્યાં છે. તેમ ટ્રમ્પે ટ પર લખ્યું છે.

તેઓએ વધુમાં લખ્યું કમાન્ડર-ઈન-ચીફ તરીકે મેં આપેલી સૂચના પ્રમાણે અમેરિકન વિમાન દળે ઉત્તર-પશ્ચિમ નાઈજીરિયામાં આઈએસઆઈએસ (ઈસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ સીરીયા (ખિલાફત) વાદીઓ ઉપર પ્રચંડ અને ઘાતક હુમલા કર્યા હતા. કારણ કે તેઓ નિર્દોષ ખ્રિસ્તીઓ ઉપર હુમલા કરી તેમને ત્રાસ આપી રહ્યા છે, કેટલાયેની હત્યા પણ કરી છે. તેઓ ખ્રિસ્તીઓની અતિ ક્રૂર રીતે હત્યા કરે છે. તેના જવાબમાં તેમણે સદીઓથી નહીં જોયા હોય તેઓ આ પ્રમાણેનો સામનો કરવો પડશે.નાઈજીરિયામાં ૨૦૨૦ સુધીમાં મુસ્લીમો બહુસંખ્ય (૫૬.૧ ટકા) હતા, ખ્રિસ્તીઓ ૪૩.૪ ટકા હતા. અન્ય ધર્મીઓ ૦.૬ ટકા હતા. નાઈજીરિયામાં મુસ્લીમો અને ખ્રિસ્તીઓ બંનેની સંખ્યા વધતી ગઈ છે. ૨૦૧૦ થી ૨૦૨૦ સુધીમાં મુસ્લીમોની વસ્તીમાં ૩૨ ટકાનો વધારો થઈ ૧૨૦ મિલિયન થઈ ગઈ. ખ્રિસ્તીઓ ૨૫ ટકા વધ્યા. તેમની સંખ્યા ૯૩ મિલિયન થઈ છે. નાઈજીરિયામાં કટ્ટરપંથીઓ ખિલાફત સ્થાપવા માગે છે. ખ્રિસ્તીઓને તે સ્વીકાર્ય નથી તેમાંથી આ હુમલા શરૂ થયા છે. કેટલાક નિરીક્ષકો પૂછે છે કે, આપણે મધ્યયુગ સમયના ક્રૂઝેડ યુગમાં પ્રવેશી રહ્યા છીએ ?

---

### પાક.-ચીન સરહદે તૈનાત કરાશે

## 80 હજાર કરોડના શસ્ત્રોની ખરીદવા સરકારની તૈયારી

નવી દિલ્હી/ઈસ્લામાબાદ : ભારતના પડોશી દેશ પાકિસ્તાન સાથે સતત કથળી રહેલા સંબંધો વચ્ચે સંરક્ષણ મંત્રાલય રૂ. ૮૦,૦૦૦ કરોડના શસ્ત્રોની ખરીદીને મંજૂરી આપવાની તૈયારી કરી રહ્યું છે. બીજીબાજુ ભારતીય સૈન્યે સરહદ પર નિરીક્ષણ વધુ મજબૂત કરવા માટે ૨૦ ડ્રોન ખરીદવાની યોજના બનાવી છે. આ ડ્રોનને પાકિસ્તાન અને ચીન સરહદે તૈનાત કરાશે. દરમિયાન પાકિસ્તાને ફરી એક વખત આતંકી કેમ્પો શરૂ કર્યા છે તથા ભારત ગમે ત્યારે હુમલો કરી શકે છે તેવા ડરથી પાકિસ્તાને પીઓકેમાં ૩૦થી વધુ એન્ટી ડ્રોન સિસ્ટમ તૈનાત કરી છે.

ભારતીય સંરક્ષણ મંત્રાલયની હથિયારોની ખરીદીને મંજૂરી આપતી ટોચની સંસ્થા ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ (ડીએસી) કેટલાક મોટા સ્વદેશી સંરક્ષણ પ્રોજેક્ટ્સને આપવાની તૈયારી કરી રહી છે. ડીએસીની એક મહત્વપૂર્ણ બેઠક શુક્રવારે યોજાઈ હતી, જેમાં ભારતીય સૈન્ય, નેવી અને એરફોર્સ માટે અનેક મોટા સ્વદેશી સંરક્ષણ પ્રોજેક્ટ્સને મંજૂરી મળવાની હતી, પરંતુ આ બેઠક આગામી સપ્તાહ પર મુલતવી રાખવામાં આવી છે. પરિણામે ઈમર્જન્સી પ્રોકરમેન્ટની અંતિમ તારીખ લંબાવીને ૧૫ જાન્યુઆરી કરવામાં આવી છે.સૂત્રોએ જણાવ્યું કે, ડીએસી રૂ. ૮૦,૦૦૦ કરોડની ડિફેન્સ ડીલને મંજૂરી આપવાની હતી. આ બેઠકનો મુખ્ય આશય દેશની સંરક્ષણ ક્ષમતાઓને મજબૂત કરવાનો અને સ્વદેશી સંરક્ષણ ઉત્પાદન વધારવાનો હતો, તેમાં દિલ્હી-એનસીઆરને હવાઈ હુમલાથી બચાવવા એક સ્વદેશી ઈન્ટીગ્રેટેડ એર ડિફેન્સ વેપન સિસ્ટમને મંજૂરી મળવાની ચર્ચા હતી.

---

## કેનેડામાં 8 કલાક તડપ્યાં બાદ ભારતીય યુવકનું મોત, પત્નીએ આપવીતી વર્ણવી

### 'હોસ્પિટલે મારા પતિનો જીવ લીધો.. ' : પત્નીનો વલોપાત

• ટોરેન્ટો

કેનેડામાં રહેતા ભારતીય મૂળના પ્રશાંત શ્રીકુમારનું હોસ્પિટલમાં સમયસર સારવાર ન મળવાને કારણે અવસાન થયું છે. પ્રશાંતની પત્ની નિહારિકા શ્રીકુમારે સોશિયલ મીડિયા પર એક ચોંકાવનારો વીડિયો શેર કરીને હોસ્પિટલ તંત્ર પર ગંભીર આક્ષેપો કર્યા છે. નિહારિકાના જણાવ્યા અનુસાર, તેના પતિને સતત 8 કલાક સુધી હોસ્પિટલના વેઈટિંગ એરિયામાં બેસાડી રાખવામાં આવ્યા હતા, જેના કારણે તેમનું મૃત્યુ નીપજ્યું છે.

નિહારિકાએ વીડિયોમાં જણાવ્યું કે, સોમવાર, 22 ડિસેમ્બરના રોજ બપોરે 12 વાગ્યાની આસપાસ પ્રશાંતને છાતીમાં દુખાવાની ફરિયાદ થઈ હતી. ત્યારબાદ તેમને તાત્કાલિક બપોરે 12:20 વાગ્યે 'ગ્રે નન્સ કોમ્યુનિટી હોસ્પિટલ' લઈ જવામાં આવ્યા હતા.નિહારિકાએ હોસ્પિટલ તંત્ર પર ગંભીર આક્ષેપો કરતાં જણાવ્યું હતું કે, પ્રશાંત બપોરે 12:20થી રાત્રે 8:50 વાગ્યા સુધી, એટલે કે અંદાજે 8 કલાકથી વધુ સમય સુધી માત્ર પ્રાથમિક સારવાર માટે વેઈટિંગ એરિયામાં બેસી રહ્યા હતા. છાતીમાં અસહ્ય દુખાવો અને સતત વધી રહેલા બ્લડ પ્રેશરને કારણે તેમની હાલત કથળી રહી હતી અને છેલ્લી ઘડીએ જ્યારે તેમનું બ્લડ પ્રેશર ચેક કરવામાં આવ્યું ત્યારે તે 210ના અત્યંત જોખમી સ્તરે પહોંચી ગયું હતું. આટલી ગંભીર સ્થિતિ હોવા છતાં, હોસ્પિટલ સ્ટાફે તેમને કોઈ તાત્કાલિક સારવાર આપવાને બદલે માત્ર 'ટાઈલેનોલ' જેવી સામાન્ય પેઈનકિલર આપીને લાંબો સમય રાહ જોવાનું કહ્યું હતું. નિહારિકાએ ભારે આક્રોશ સાથે કહ્યું કે, ગ્રે નન્સ કોમ્યુનિટી હોસ્પિટલના વહીવટીતંત્ર અને સ્ટાફની ઘોર બેદરકારી તેમજ સમયસર તબીબી સહાય ન મળવાને કારણે જ મારા પતિએ જીવ ગુમાવ્યો છે.આ મામલે વિવાદ વધતા હોસ્પિટલનું સંચાલન કરતી સંસ્થા 'કોવેનન્ટ હેલ્થ હેલ્થકેર' એ સત્તાવાર નિવેદન આપ્યું છે. જોકે, તેમણે દર્દીની ગુપ્તતા જાળવવાનું કહીને પ્રશાંતની સારવાર અંગે વિગતવાર ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. હોસ્પિટલે જણાવ્યું હતું કે, 'અમે પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરીએ છીએ.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# દેડકાના આંતરડામાંથી વૈજ્ઞાનિકોને કેન્સર મટાડે તેવા બેક્ટેરિયા મળ્યાં

## ઉંદરના શરીરમાંથી કેન્સરની ગાંઠ મટાડવામાં સફળતા મળી

ટોક્યો : જાપાનના વૈજ્ઞાનિકોએ તારણ કાઢ્યું કે દેડકાં, ગરોળી, સરીસૃપોમાં કેન્સરનું પ્રમાણ ખૂબ ઓછું હોય છે. તેમના શરીરની બનાવટ જ એવી હોય છે કે તેમાં કેન્સરની ગાંઠ બનવાની શક્યતા ઘણી ઓછી છે. આ તારણ પછી સંશોધકોએ દેડકાં પર પ્રયોગો કર્યા અને એમાં એવા બેક્ટેરિયા મળી આવ્યાં જે કેન્સરનો સમૂળગો નાશ કરે છે. સંશોધકોએ ઉંદરો પર પ્રયોગો કર્યા એમાં સફળતા પણ મળી છે. તેના કારણે આગામી દિવસોમાં કેન્સરનો સચોટ ઈલાજ મળશે એવી આશા જીવંત બની છે.

જાપાનની સાયન્સ અને ટેકનોલોજી ઈન્સ્ટિટયૂટના વૈજ્ઞાનિકોએ દેડકાં, ગરોળી જેવા સજીવોમાંથી ૪૫ જુદા જુદા બેક્ટેરિયા શોધી કાઢ્યા. એમાંથી ૯માં કેન્સર સામે લડવાની અદ્ભુત ક્ષમતા જોવા મળી. વળી, એ નવમાંથી એક દેડકાંના આંતરડામાંથી મળેલા બેક્ટેરિયાએ તો સંશોધકોને આશ્ચર્યમાં નાખી દીધા. જાપાનમાં ટ્રી ફ્રોગ કહેવાતા દેડકાંના શરીરમાંથી ઈવિન્જેલા અમેરિકાના નામના બેક્ટેરિયામાં કેન્સરને નાબુદ કરવાની ક્ષમતા છે. સંશોધકોએ ઉંદરોના શરીરમાં આ બેક્ટેરિયાનો પ્રયોગ કર્યો અને એ ઉંદરના શરીરમાંથી કેન્સર સાવ મટી ગયું. આ બેક્ટેરિયાનો માત્ર એક ડોઝથી જ એટલું અસરકારક કામ થયું કે ૩૦ દિવસ પછી સંશોધકોએ ફરીથી એ ઉંદરના શરીરમાં કેન્સરના સેલ નાખ્યા તો એની કોઈ જ અસર ઉંદરના શરીરમાં થઈ નહીં.

સંશોધકોએ તારણ કાઢ્યું એ પ્રમાણે ડ્રાયોફીટીસ જાપોનિકસ પ્રકારના દેડકાંના આંતરડામાંથી મળતાં બેક્ટેરિયા બે પ્રકારે કામ કરે છે. એક તો એ સીધો ટયૂમર પર હુમલો કરે છે. બીજું, તેનાથી શરીરની ઈમ્યૂન સિસ્ટમ મજબૂત થાય છે. ટયૂમરમાં ઓક્સિજન ઓછું હોય એટલે કીમો થેરપીને સારવારમાં સમય લાગે છે. તેની સામે આ બેક્ટેરિયા ઓક્સિજન ઓછું હોય ત્યાં પણ અસરકારક રીતે કામ કરે છે. સંશોધકોએ એવું પણ નોંધ્યું કે આ બેક્ટેરિયાથી ઉંદરોના શરીરમાં કોઈ જ સાઈડ ઈફેક્ટ જોવા મળી ન હતી. હવે સંશોધકો તેને જુદા જુદા પ્રકારના કેન્સરમાં પણ અજમાવશે.

## રાજસ્થાનમાં સાત વર્ષમાં ગેરકાયદે ખનન મુદ્દે 7,000થી વધુ FIR

જયપુર : રાજસ્થાનમાં છેલ્લા સાત વર્ષમાં ગેરકાયદે ખનન, પરિવહન અને સંગ્રહના ગુના હેઠળ કુલ 7,173 FIR નોંધાઈ છે. ચોંકાવનારી વિગત એ છે કે, એકલા અરવલ્લી પટ્ટાના જિલ્લામાં જ 4,181 પોલીસ કેસ થયા છે. સમગ્ર રાજસ્થાનની વાત કરીએ તો છેલ્લા સાત વર્ષમાં ગેરકાયદે ખનનની નાની-મોટી 71,322 ઘટના સામે આવી છે, જેમાં પોલીસ કેસની સાથે દંડ ભર્યો હોય એવા કિસ્સા પણ સામેલ છે. આ પ્રકારના કેસની વાત કરીએ તો અરવલ્લી ક્ષેત્રના જિલ્લામાં કુલ 40,175 કેસ નોંધાયા છે. ઉલ્લેખનીય છે કે રાજસ્થાનના 20 જિલ્લા અરવલ્લીની શ્રેણીમાં આવે છે. જો કે, કોંગ્રેસના પાંચ વર્ષ અને ભાજપના બે વર્ષના શાસનના વિવિધ ઘટનાઓ અને પોલીસ ફરિયાદના આંકડામાં પણ મોટો તફાવત છે. આ અંગે વાત કરતા ત્રણ વાર ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા ભાજપ નેતા અને પ્રવક્તા રામલાલ શર્માએ જણાવ્યું હતું કે, 'રાજસ્થાન સરકાર અરવલ્લીનો એક-એક પથ્થર સુરક્ષિત રાખવા કટિબદ્ધ છે. છેલ્લા બે વર્ષમાં અમારી સરકારે ખનન માફિયા સામે કડક કાર્યવાહી કરી છે.'સરકારી આંકડા મુજબ, 15 ડિસેમ્બર 2018થી 14 ડિસેમ્બર 2023 દરમિયાન કોંગ્રેસના શાસનમાં અરવલ્લી ક્ષેત્રના જિલ્લામાં ગેરકાયદે ખનનની 29,209 ઘટનાઓ બની હતી. તેની સામે ભાજપના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા સરકારના પ્રથમ બે વર્ષમાં એટલે કે 13 ડિસેમ્બર 2023થી 2025 સુધીના સમયગાળામાં આ સંખ્યા 10,966 છે.

ગભરાટ - બીજા વિશ્વયુદ્ધ પછી જાપાનનું ડિફેન્સ બજેટ પહેલી વખત આટલું થયું

# ચીનનો ભય વધતાં જાપાને ડિફેન્સ બજેટ વધારી 58 અબજ ડોલર કર્યું

## ઈઝરાયેલના ગોલ્ડન ડોમ જેવી સિસ્ટમ પણ વિકસાવશે



ટોક્યો : ચીનના વધતા જતાં ભયના કારણે જાપાને પણ બુદ્ધનો માર્ગ છોડીને ખાંડા ખખડાવવા માંડયા છે. જાપાનની કેબિનેટે દેશના ઈતિહાસમાં અત્યાર સુધીના સૌથી મોટા ૯ ટ્રિલિયન યેન (૫૮ અબજ ડોલર)ના ડિફેન્સ બજેટને મંજૂરી આપી છે. આ બજેટ રૂપિયામાં ૫.૨૫ લાખ કરોડ જેટલું થાય છે. ૨૦૨૬ના ડ્રાફટ બજેટમાં એપ્રિલ ૨૦૨૫ની તુલનાએ ૯.૪ ટકાનો વધારો દર્શાવાયો છે.

આમ જાપાને સળંગ ચોથા વર્ષે તેના ડિફેન્સ બજેટમાં વધારો કર્યો છે. જાપાન તેના સંરક્ષણ ખર્ચ જીડીપીના બે ટકા લઈ જવા માંગે છે. જાપાનના વડાપ્રધાન પદે તાકાઈચીએ સત્તા સંભાળ્યા પછી જણાવ્યું છે કે ચીન જો તાઈવાન પર હુમલો કરશે તો અમે ચોક્કસ તેની મદદે જઈશું. તેની સાથે તેમણે જાપાની સમુદ્ર વિસ્તારની જોડે ચીનની વધતી જતી લશ્કરી પ્રવૃત્તિને જોખમી ગણાવી હતી. ભારતનું સંરક્ષણ બજેટ અંદાજે સાત લાખ કરોડન્ એટલે કે ૮૧ અબજ ડોલરનું છે. જાપાન ટૂંક સમયમાં ડિફેન્સ બજેટમોં ભારતની લગોલગ પહોંચી જઈ શકે.

અમેરિકા દ્વારા લશ્કરી ખર્ચમાં વધારો કરવાના દબાણને લઈને તાકાઈચી સરકારે માર્ચ સુધીમાં જીડીપીના બે ટકા સુધીનો લશ્કરી ખર્ચ હાંસલ કરવાનો લક્ષ્યાંક મૂક્યો છે. આમ તેઓ નિયત લક્ષ્યાંકને બે વર્ષ પહેલાં જ હાંસલ કરવા માંગે છે. જાપાન તેના લશ્કરને મજબૂત બનાવવા ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં તેની સુરક્ષા અને સંરક્ષણ નીતિમાં પણ ફેરફાર કરવાનું આયોજન ધરાવે છે.

જાપાન હવે પોતે જ લાંબી રેન્જના મિસાઈલો વિકસાવી રહ્યુ છે, આમ તેણે બીજા વિશ્વયુદ્ધ પછી પોતાના પર લાદેલું સ્વનિયંત્રણ ચીનના ડરના કારણે છોડયું છે. જાપાનની વર્તમાન સુરક્ષા વ્યૂહરચના મુજબ ૨૦૨૨માં ચીનને દેશની સામેનો સૌથી મોટો વ્યૂહાત્મક પડકાર ગણાવ્યો હતો. જાપાનનું લશ્કર અમેરિકાના સહયોગમાં હવે વધુને વધુ પ્રમાણમાં આક્રમક ભૂમિકા અદા કરવાની તૈયારી કરી રહ્યું છે.

જાપાને તેની મિસાઈલ ક્ષમતા વિસ્તારવા માટે જ ૯૭૦ અબજ યેન એટલે કે ૬.૨ અબજ ડોલર ફાળવ્યા છે. માર્ચમાં તેની પ્રથમ બેચ સરહદ પર ગોઠવાઈ પણ જશે. જાપાનના અપગ્રેડ કરાયેલા મિસાઈલ ટાઈપ-ટુની રેન્જ ૧૦૦૦ કિ.મી.ની છે. આ ઉપરાંત જાપાન ઈઝરાયેલના ગોલ્ડન ડોમ જેવી સિસ્ટમ શીલ્ડ ૨૦૨૮ સુધીમાં તૈયાર કરવા આયોજન કરી રહ્યું છે. તેમા સર્વેલન્સ માટે અનમેન્ડ એર, સી સરફેસ અને અંડર વોટર ડ્રોન ગોઠવવામા આવશે અને વળતો જવાબ આપતી પ્રણાલિ પણ હશે. તેના પાછળ જાપાન ૧૦૦ અબજ યેન એટલે ક ૬૪ કરોડ ડોલર ખર્ચશે. ચીનના વિદેશ વિભાગના પ્રવકતાએ જણાવ્યું હતું કે નવા પીએમના નેતૃત્વમાં જાપાન શાંતિપૂર્ણ વિકાસનો માર્ગ છોડીને જોખમી દિશામાં આગળ વધી રહ્યું છે.

CBIએ હાઈકોર્ટના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો

# ઉન્નાવ રેપ કેસમાં કુલદીપ સિંહ સેંગરની મુશ્કેલી વધી : સેંગરના જામીન પર રાહુલ ગાંધીના પ્રહાર

રાજકીય મુદ્દો

## પીડિતાને ન્યાય અપાવવો સર્વોચ્ચ પ્રાથમિકતા: CBI

• ઉન્નાવ

ઉન્નાવ રેપ કેસમાં દોષિત કુલદીપ સિંહ સેંગરની સજા સસ્પેન્ડ કરીને જામીન આપવાના દિલ્હી હાઈકોર્ટના આદેશ વિરૂદ્ધ CBIએ મોટો નિર્ણય લીધો છે. હવે CBIએ દિલ્હી હાઈકોર્ટના આદેશને પડકારતી સ્પેશિયલ લીવ પિટિશન સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી છે. આ SLP દિલ્હી હાઈકોર્ટના આરોપી કુલદીપ સિંહ સેંગરની સજાને સ્થગિત કરવાના અને તેને જામીન આપવાના આદેશને પડકારે છે.

દિલ્હી હાઈકોર્ટે 23 ડિસેમ્બરે નીચલી કોર્ટ દ્વારા સેંગરને આપવામાં આવેલી આજીવન કેદની સજા પર રોક લગાવી હતી અને શરતી જામીન મંજૂર કર્યા હતા કોર્ટે 15 લાખ રૂપિયાના અંગત બોન્ડ પર આ રાહત આપી હતી. અપીલનો ઉકેલ ન આવે ત્યાં સુધી તેની સજા સ્થગિત કરી, જે ચોક્કસ શરતોને આધીન હતી. દિલ્હી હાઈકોર્ટે કુલદીપ સિંહ સેંગરને પીડિતાના ઘરના 5 કિલોમીટરના દાયરામાં ન જવા અને પીડિતા કે તેની માતાને ધમકીએ ન મળે તેવી ખાતરી કરી જામીન આપ્યા હતા. કહ્યું હતું કે શરતોનું ઉલ્લંઘન થશે તો જામીન આપમેળે રદ થઈ જશે. જો કે કુલદીપ સિંહ સેંગર જેલમાં રહે છે કારણ કે CBIએ તેને પહેલાથી જ એક અલગ કેસમાં હત્યાના ગુનામાં 10 વર્ષની જેલની સજા ફટકારી છે. નોંધનીય છે કે દિલ્હી હાઈકોર્ટના આદેશનો અભ્યાસ કર્યા પછી, CBIએ 26 ડિસેમ્બર, 2025ના રોજ સુપ્રીમ કોર્ટમાં સ્પેશિયલ લીવ પિટિશન (SLP) દાખલ કરી છે.

CBIનું કહેવું છે કે, આ મામલો ખુબ જ ગંભીર છે અને તેમાં પીડિતાને ન્યાય અપાવવો સર્વોચ્ચ પ્રાથમિકતા છે. આરોપીની અપીલ અને જામીન અરજીને દિલ્હી હાઈકોર્ટમાં CBI અને પીડિતાના પરિવારોએ આકરો વિરોધ કર્યો હતો. CBIએ સમય રહેતા પોતાનો જવાબ અને લેખિત દલીલો પણ કોર્ટમાં દાખલ કરી હતી. તેઓ પીડિતાના પરિવારે પણ જામીનનો વિરોધ કરતા સુરક્ષાને લઈને ગંભીર આશંકાઓ અને ધમકીઓનો હવાલો આપ્યો હતો. છતાં પણ કુલદીપ સિંહ સેંગરની સજાને સ્થગિત કરવાના અને તેને જામીન આપવાનો આદેશ હાઈકોર્ટ દ્વારા કરવામાં આવતા મામલો હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે.

ઉન્નાવ ગેંગરેપ કેસમાં પૂર્વ ધારાસભ્ય કુલદીપ સિંહ સેંગરને દિલ્હી હાઈકોર્ટ દ્વારા જામીન મળતા પીડિતાનો પરિવાર નારાજ થયો છે. આ સ્થિતિ વચ્ચે પીડિતાએ રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી સાથે મુલાકાત કરી હતી. રાહુલ ગાંધી (Rahul Gandhi) એ કુલદીપ સિંહ સેંગર (Kuldeep Singh Sengar)ને મળેલી જામીન પર આકરી પ્રતિક્રિયા આપતા તેને શરમજનક અને નિરાશાજનક ગણાવ્યું છે. તેમણે સોશિયલ મીડિયા એક્સ પર પોસ્ટ કરી સવાલ ઉઠાવ્યો હતો કે, 'જ્યારે પીડિતા ભયના ઓથાર હેઠળ જીવી રહી હોય ત્યારે દુષ્કર્મીઓને જામીન આપવા એ કેવો ન્યાય છે?' અગાઉ ઈન્ડિયા ગેટ પર પ્રદર્શન કરી રહેલી પીડિતાની માતાને સુરક્ષાદળો દ્વારા હટાવવાની ઘટનાની પણ તેમણે આકરી ટીકા કરી હતી. દિલ્હી હાઈકોર્ટના નિર્ણય પર પ્રતિક્રિયા આપતા પીડિતાએ કહ્યું કે, 'હું હાઈકોર્ટ ગઈ. ચુકાદો સાંભળતી વખતે મેં વિરોધ કરવાનો પ્રયાસ કર્યો, પણ મારું કોણ સાંભળે? આખી ચર્ચા અંગ્રેજીમાં થઈ. જો ચર્ચા હિન્દીમાં હોત, તો કદાચ હું પૂછી શકી હોત કે મારી સાથે આવું કેમ થઈ રહ્યું છે. હવે મને સમજાયું કે સામાન્ય લોકો, ખાસ કરીને ગરીબ અને પીડિત મહિલાઓ માટે ન્યાય કેટલો જટિલ બની ગયો છે. ચુકાદા પછી હું સંપૂર્ણપણે ભાંગી પડી હતી. હું એટલી દુઃખી હતી કે મને આપઘાત કરવાનું મન થયું. પણ પછી મેં મારા બાળકો તરફ જોયું અને મારા પરિવાર વિશે વિચાર્યું. મૃત્યુ ન્યાય નહીં આપે, જો ભગવાને મને જીવતી રાખી છે, તો કદાચ સંઘર્ષ માટે રાખી છે. મારો સીધો સવાલ છે કે, જો આવા જઘન્ય ગુનાના આરોપીને જામીન મળી શકે તો પીડિત અને સાક્ષીઓ કેવી રીતે સુરક્ષિત રહેશે?'

# બિહારમાં ઉદ્ઘાટન પહેલા જ 13 કરોડના ખર્ચે તૈયાર થયેલો રોપ-વે તૂટી પડ્યો

## વર્ષોની મહેનત પર પાણી ફર્યું, કરોડો સ્વાહા

• રોહતાસ

હમરા બિહાર મેં..કંઈ પણ થઈ શકે છે, ગમે ત્યારે પુલ પડી શકે છે, ગમે ત્યારે નિર્માણાધીન બિલ્ડિંગ તો હવે રોપ વે, નીતિશ સરકાર વિકાસની ગુલબાંગો હાંકી રહી છે પણ વાસ્તવિકતા હવે લોકોના આંખે વળગીને ચોંટે છે. આજે બિહારના રોહતાસમાં રોપવે ટ્રાયલ રન દરમિયાન જ તૂટી પડતાં તેના કામકાજ આને ગુણવત્તા સામે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. સદનસીબે રોપ વેના ટ્રાયલ રનમાં હોવાથી કોઈ જાનહાનિ થઈ નથી પણ જો આ ટ્રાયલ રન સફળ રહ્યું હોત તો નવા વર્ષમાં લોકો માટે ખુલ્લો મૂકવાનો હતો. જે મોટી દુર્ઘટનાને નોતરું હતું તેવું કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી.

રોહતાસમાં પ્રાચીન રોહતાસગઢ કિલ્લા અને રોહિતેશ્વર ધામ મંદિર સુધી પહોંચવાની સુવિધા માટે આ રોપવે બનાવવામાં આવ્યો છે. જેનું બાંધકામ 12 ફેબ્રુઆરી, 2020ના રોજ શરૂ થયું હતું. શરૂઆતમાં, રોપવેમાં ઘણી તકનીકી ખામીઓ આવી હતી. તમામ મુશ્કેલીઓ દૂર કર્યા પછી, રોપવેનું કામ પૂર્ણ થયું હતું. પણ ટ્રાયલ રન પૂર્ણ થાય તે પહેલાં જ તેના ઘણા થાંભલા તૂટી પડ્યા. કહી શકાય કે મુહૂર્તના પહેલા કોળિયામાં જ માખી આવી છે. રોપ વે તૂટી પડવાનો એક વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

ન જાણ્યું જાનકી નાથે કાલે શું થવાનું? પણ અહીં આ ઘટના કુદરત સર્જિત નથી પણ માનવ સર્જિત છે. કરોડો રૂપિયાના ખર્ચે બનેલો આ પુલની ગુણવતા કેવી હશે તે વિચારો, આશરે 60 કિલોમીટરનું અંતર થોડી મિનિટોમાં કાપવાની યોજના, અંદાજિત 13 કરોડનો ખર્ચ, 5 વર્ષ નિર્માણ, બધુ જ પાણીમાં, બિહારમાં વર્ષોથી નીતિશ સરકારનું રાજ છે. આ પહેલી ઘટના નથી જ્યાં કાચા કામને કારણે અઘટિત ઘટના ઘટી હોય, આ પહેલા નિર્માણાધીન પુલ ધસી પડ્યો હતો. શું નીતિશ સરકાર કોન્ટ્રાકટરને મનફાવે તેમ નિર્માણ કરવા છુટોદાર આપી રહી છે. કેમ બિહારમાં જ આવી ઘટનાઓ વારંવાર ઘટે છે. લોકો કહી રહ્યા છે કે સરકારની નિયતમાં જ ખોટ છે, જેના કારણે કોન્ટ્રાકટરો બસ સ્ટ્રક્ચર ઊભું કરી રહ્યા છે. કેવું અને કેટલું ચાલશે એ બધુ ભગવાન ભરોસે!

આશરે 1324 મીટર લાંબા આ રોપવેમાં 5 ટાવર છે. કેટલાક ટાવરનો ઢાળ 40 ડિગ્રી છે. આ રોપવે ખુલવાથી, આશરે 1400 ફૂટની ઊંચાઈ પર સ્થિત રોહતાસગઢ પહોંચવું સરળ હતું. પહેલા લોકોને ત્યાં પહોંચવા માટે 60 કિલોમીટરની સફર કરવી પડી હતી અથવા તો ચાલીને જવું પડતું હતું. આશા હતી કે નવા વર્ષમાં રોહતાસગઢ કિલ્લા અને રોહિતેશ્વર ધામ મંદિર પહોંચવા સારી સુવિધા મળશે પણ હવે વર્ષોની મહેનત પર પાણી ફરી ગયું છે. સ્થાનિકો રોપ વેના કામમાં ભ્રષ્ટાચારના આરોપો જડી રહ્યા છે.

# બાંગ્લાદેશમાં હિન્દુઓની ક્રૂર હત્યા અવગણી ના શકીએ... વિદેશ મંત્રાલયે કરી યુનુસની ઝાટકણી

• ઢાકા

ભારત સરકારે બાંગ્લાદેશમાં ચાલી રહેલા રાજકીય સંકટ અને લઘુમતી હિન્દુઓ પર અત્યાચાર માટે કડક પ્રતિક્રિયા આપી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું છે કે બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર થતી હિંસા ચિંતાનો વિષય છે, અમે દીપુ દાસની હત્યાની નિંદા કરીએ છીએ. અમને આશા છે કે આરોપીઓને કોર્ટના કઠેડામાં લાવવામાં આવશે. ભારત સરકારે બાંગ્લાદેશમાં વચગાળાની યુનુસ સરકારની નીતિ પર ચિંતા વ્યક્ત કરી છે.ભારતીય વિદેશ મંત્રાલયે એ પણ કહ્યું છે કે 'બાંગ્લાદેશમાં વર્તમાન વચગાળાની સરકારના કાર્યકાળ દરમિયાન લઘુમતી હિન્દુઓની હત્યા, આગચંપી અને જમીન પચાવી પાડવા સહિત 2,900 ઘટનાઓ સામે આવી છે.. આ સમાચારોને રાજકીય હિંસા કહીને નજર અંદાજ ન કરી શકાય, ભારત બાંગ્લાદેશમાં મુક્ત, ન્યાયી અને સમાવેશી ચૂંટણીઓ થાય તેવું ઈચ્છે છે. ભારત બાંગ્લાદેશના નાગરિકો સાથે સારા સંબંધો સ્થાપિત કરવા માટે પ્રતિબદ્ધ છે. અમે ત્યાં શાંતિ અને સ્થિરતાની આશા રાખીએ છીએ.'ભારતીયોને H-1B વિઝા એપોઈન્ટમેન્ટ રદ થવા પર પડી રહેલી મુશ્કેલી અંગે પણ સવાલ કરતાં ભારતીય વિદેશ મંત્રાલયે કહ્યું છે કે 'ઘણા ભારતીય નાગરિકોએ વિઝા શિડ્યુઅલ અને રિ-શિડ્યુઅલ અંગે ફરિયાદ કરી છે. વિઝા આપવાનો અધિકાર જે તે દેશનો છે, તો પણ ભારતે અમેરિકાના અધિકારીઓ સામે આ મુદ્દો ઉઠાવી ચિંતા વ્યક્ત કરી છે. MEA મુજબ આ કારણે ભણતર અને પારિવારિક જીવન પર અસર પડી રહી છે. સરકાર અમેરિકાના પક્ષ સાથે સતત સંપર્કમાં છે જેથી ભારતીય નાગરિકોને પડી રહેલી સમસ્યાઓ ઓછી થાય'બાંગ્લાદેશના રાજબાડી જિલ્લામાં બુધવાર (24 ડિસેમ્બર) મોડી રાત્રે ગામલોકોના એક ટોળાએ ખંડણીના આરોપમાં એક હિન્દુ વ્યક્તિને માર મારીને હત્યા કરી.

# હિમાલયન-તિબેટ રેન્જમાં ભયાનક ભૂકંપનો ખતરો

નવી દિલ્હી : ભારતની ટેક્ટોનિક પ્લેટમાં ભેદી હિલચાલ થઈ રહી છે. પૃથ્વીનો ઉપરનો હિસ્સો ટેક્ટોનિક પ્લેટ કહેવાય છે. એ મેગ્મા નામના પદાર્થ પર તરે છે. મેગ્મા એવા પદાર્થને કહેવાય છે કે જે ખનીજ, ગેસ વગેરેથી બને છે અને તે મજબૂત મિશ્રણ હોય છે. જો કોઈ સ્થળે એનો ભરાવો થાય તો એ લાવાના રૂપમાં બહાર નીકળે છે. એ પદાર્થ મેગ્મા પર ગાઢ ટેક્ટોનિક પ્લેટ હોય છે અને તેમાં જો હિલચાલ થાય તો ભૂકંપ આવે છે. સામાન્ય રીતે ટેક્ટોનિક પ્લેટનું હલનચલન ખૂબ ઓછું હોય ત્યારે ભૂકંપની તીવ્રતા પણ નગણ્ય હોય છે, પરંતુ જો એમાં હિલચાલ વધે તો શક્તિશાળી ભૂકંપ ત્રાટકીને હાહાકાર મચાવે છે. સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના સિસ્મોલોજી વિભાગના સાઈમન ક્લેમ્પરર અને તેમની ટીમે ભારતની ટેક્ટોનિક પ્લેટનો અહેવાલ તૈયાર કરીને અમેરિકન જિયોફિઝિકલ યુનિયન સમક્ષ રજૂ કર્યો હતો. એમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી કે ભારતીય ટેક્ટોનિકમાં મોટી ઉથલપાથલ થઈ રહી હોવાથી હિમાલયન રેન્જ અને તિબેટ પર ભવિષ્યમાં મોટા ભૂકંપનો ખતરો છે. વૈજ્ઞાનિકોએ નોંધ્યું કે ભારતની ટેક્ટોનિક પ્લેટ તિબેટની નીચે બે ભાગમાં વહેચાઈ રહી છે. નીચલો મજબૂત હિસ્સો એક તરફ ખસી રહ્યો છે અને ઉપરનો હિસ્સો મેંટલમાં સરકી રહ્યો છે. મેન્ટલ એને કહેવાય છે જે પ્લેટની નીચેનો હિસ્સો હોય. ઉપરનો હિસ્સો થોડો હળવો હોવાથી એ આગળની બાજુ સરકે છે. તેનાથી ભવિષ્યમાં હિમાલય હજુ ઊંચો થશે, અથવા તો એકાએક નીચો થઈ જશે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આપી માહિતી

# 'લાલ કિલ્લાની બહાર થયેલા બ્લાસ્ટમાં 40 કિલો વિસ્ફોટકનો થયો ઉપયોગ'

• નવી દિલ્હી

દિલ્હીના લાલ કિલ્લાની સામે થયેલા કાર બોમ્બ વિસ્ફોટ અંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ચોંકાવનારો ખુલાસો કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે વિસ્ફોટમાં 40 કિલો વિસ્ફોટકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જ્યારે ત્રણ ટન વિસ્ફોટકો પહેલાથી જ મળી આવ્યા હતા. વિસ્ફોટ પહેલા જ કાવતરામાં સામેલ આખી ટીમની ધરપકડ કરવામાં આવી હતી. આ સમગ્ર નેટવર્કની તપાસ અમારી તમામ એજન્સીઓ દ્વારા ખૂબ જ અસરકારક રીતે કરવામાં આવી હતી.



દિલ્હી બ્લાસ્ટની તપાસ કરી રહેલી NIA એ આ કેસમાં અત્યાર સુધીમાં 9 લોકોની ધરપકડ કરી છે, જેમાં ત્રણ ડોક્ટર મુઝમ્મિલ, અદીલ રાથર અને શાહીન સઈદ અને એક મૌલવી ઈરફાનનો સમાવેશ થાય છે. આ કેસ જમ્મુ અને કાશ્મીર પોલીસ તરફથી પર્દાફાશ કરાયેલા વ્હાઈટ-કોલર ટેરર મોડ્યુલ સાથે જોડાયેલો છે.

NIA અનુસાર, મુઝમ્મિલનો મિત્ર ઉમર 10 નવેમ્બરના રોજ વિસ્ફોટકોથી ભરેલી કાર ચલાવી રહ્યો હતો અને આતંકવાદી હુમલાનો મુખ્ય કાવતરાખોર હતો, જેમાં 15 લોકો માર્યા ગયા હતા. વિસ્ફોટ ઉમર જે હ્યુન્ડાઈ i-20 કાર ચલાવી રહ્યો હતો તેમાં થયો હતો. નવી દિલ્હીમાં આતંકવાદ વિરોધી પરિષદ 2025નું ઉદ્ઘાટન કરતા કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે, 'જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં બૈસરન ખીણમાં થયેલા આતંકવાદી હુમલાએ સમગ્ર દેશને હચમચાવી નાખ્યો હતો. તે હુમલા દ્વારા આતંકવાદીઓનો ઉદ્દેશ્ય દેશમાં સાંપ્રદાયિક સૌહાર્દને ખલેલ પહોંચાડવાનો અને કાશ્મીરમાં શરૂ થયેલા વિકાસ અને પર્યટનના નવા યુગ પર હુમલો કરવાનો હતો.'

તેમણે કહ્યું કે, ખૂબ જ સચોટ ગુપ્ત માહિતીના આધારે આપણા સુરક્ષા દળોએ ત્રણેય આતંકવાદીઓને ખતમ કરી દીધા અને પાકિસ્તાનને એક મજબૂત સંદેશ આપ્યો. આ પહેલો આતંકવાદી કેસ છે જેમાં આતંકવાદી કૃત્યના કાવતરાખોરોને ઓપરેશન સિંદૂર દ્વારા સખત સજા આપવામાં આવી છે, જ્યારે શસ્ત્રો સાથે આતંકવાદી હુમલો કરનારાઓને ઓપરેશન મહાદેવ હેઠળ ઠાર મરાયા છે.

# ડભોઈ સેશન કોર્ટ ધ્વારા પોક્સો-બળાત્કારના આરોપીને 20 વર્ષની સજા નો હુકમ

### પોલીસે પોક્સો અને બળાત્કાર ની કલમો હેઠળ ફરિયાદ દાખલ કરી હતી

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ ના ગત વર્ષે સગીરા ને ભગાડી ને તેની મરજી વિરુદ્ધ વારંવાર દુષ્કર્મ ગુજારી ગર્ભવતી બનાવનાર આરોપી સામે પોક્સો અને બળાત્કાર ની કલમ હેઠળ ગુન્હો નોંધાયો હતો. જે કેસ સેશન કોર્ટ માં ચાલી જતા આરોપી ને 20 વર્ષ ની સજા અને રૂપિયા 25,000નો દંડફટકારાયોહતો. તેમજ ભોગ બનનાર સગીરાનેલીગલ ઓથોરિટી સેલ ને 10.40 લાખનું વળતર ચૂકવવાનો પણ કોર્ટે આદેશ આપ્યો હતો.ડભોઈ ના એક ગામ ની સગીરા ને પટાવી ફોસલાવી ધાક ધમકી આપી આરોપી સંજય ઘનશ્યામભાઈ વસાવા નામ નો આરોપી ભગાડી ગયો હતો.જેને મહિનાઓ સુધી પોતાની સાથે રાખી પોલીસ અને સગીરાના પરિજનો ની નજર થી દૂર રહ્યો હતો. સગીરા ને મરજી વિરુદ્ધ શોષણ કરતા સગીરા ગર્ભવતી થઈ હતી.સગીરા ના પરિજનો ની ફરિયાદ આધારે પોલીસે પોક્સો અને બળાત્કાર ની કલમો હેઠળ ફરિયાદ દાખલ કરી આરોપી ને સગીરા સાથે ઝડપી પાડ્યો હતો. બન્ને નું મેડિકલ કરાવી તપાસ ના પુરાવા,સગીરા ની જુબાની અને સરકારી વકીલ ની અસરકારક દલીલો ને ગ્રાહ્ય રાખી ને નામદાર સેશન કોર્ટ ધ્વારા આરોપી ને સજા ફટકારી હતી.સજાના હુકમ માં આરોપી સંજય વસાવા ને 20 વર્ષ ની કેદ અને 25,000 રૂપિયા નો દંડ ફટકાર્યો હતો. તેમજ લીગલ ઓથોરિટી સેલ ને ભોગ બનનાર સગીરા ને રૂપિયા 10.40 લાખ નું વળતર ચૂકવવાનો પણ આદેશ કરાયો હતો.આરોપી ને સજા ફટકારતા તેના સગા સબંધીઓ સહિત કોર્ટ પરિસર માં સન્નાટો વ્યાપી જવા પામ્યો હતો.

# કાંકરિયા કાર્નિવલ માં મનોદિવ્યાંગજનો એ મચાવી ધુમ

• અમદાવાદ

શહેર માં ચાલતા કાંકરિયા કાર્નિવલ માં નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટ નાં મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓ એ 40 મિનિટ માં બે ગ્રુપ ડાન્સ ટીમલી અને ભગત ગોરાકુંભાર થીમ પર કરેલ અને 6 સોલો ડાન્સ પરફોર્મ કરેલ.સાથે પ્રખ્યાત શ્લોક ગાયક ઓમ વ્યાસે પણ 20 મિનિટ વિવિધ સંસ્કૃત શ્લોક નું ગાન કરેલ. આ કાર્યક્રમ સ્ટેજ નંબર 2 પર થી પરફોર્મ કરવા માં આવેલ, ત્યારબાદ મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓ એ એમના વાલીઓ સહ કાર્નિવલ ની મુલાકાત પણ લીધી હતી.



**વિરોધ** ડભોઇ શહેર વડોદરી ભાગોળ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ દ્વારા

# બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થઈ રહેલાં અત્યાચાર સામે વિરોધ પ્રદર્શન યોજાયું

### ભારતીય દુતાવાસો હિન્દુઓની સુરક્ષા માટે જરૂરી પગલા ભરવા ઘટતુ કરે તેવી માંગ કરી

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ શહેર વડોદરી ભાગોળ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ દ્વારા વિરોધ પ્રદર્શન કરાયું બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થઈ રહેલાં અત્યાચાર સામે ડભોઈમાં પુતળા દહન વિશ્વ હિન્દુ પરિષદ જે બજરંગ દળ ડભોઈ મા AHP અને બજરંગ દળ સહિત VHPએ બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતા અત્યાચાર સામે ડભોઈમાં હિન્દુ સંગઠનોએ પુતડા દહન કરી ઉગ્ર વિરોધ નોંધાવ્યો. બાંગ્લાદેશમાં હિનદુ સમાજ પર થઈ રહેલા અત્યા અત્યારચારના વિરોધમાં ભારતભરમાં ઉગ્ર વિરોધ નોંધાઈ રહ્યો છે. ત્યારે ડભોઈ નગરમાં પણ આંતરરાષ્ટ્રિય હિનદુ પરિષદ અને વીએચપી અને બજરંગદળના આગેવાનો દ્વારા બાંગ્લાદેશના વડાપ્રધાનનું પુતળા દહન કરાયુ હતું. અને સુત્રોચ્ચાર કરી વિરોધ નોધાવ્યો હતો. ભારતના પાડોશી બાંગ્લાદેશમાં હિન્દુ સમાજ પર થઈ રહેલા અત્યાચાર અનેવિરોધમાં હુમલાઓના દેશભરમાં ઉગ્ર પ્રદર્શન થઈ રહ્યા છે. આ રાષ્ટ્રીય આંદોલનના ભાગરૂપે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળ ડભોઈ, વિશ્વ હિન્દુ પરિષદ અને ડભોઈ નગર હિન્દુ આગેવાનો



દ્વારા વડોદરી ભાગોળ પાસે બાંગ્લાદેશના વડાપ્રધાનનું પૂતળું દહન કરી વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. "બાંગ્લાદેશ સરકાર હિન્દુઓની સુરક્ષા કરે", "હિન્દુઓ પરના અત્યાચાર બંધ કરો" જેવા જોરદાર સૂત્રોચ્ચારથી સમગ્ર વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો. બાંગ્લાદેશમાં હિન્દુઓ પર હિંસા, અત્યાચાર, હત્યા જેવી ઘટનાઓ સહિત હિન્દુઓના મકાનમા લુંટફાટ, મંદિરોનો નાશ જેવા અત્યાચારો રોકાવા જોઈએ. દિપુચંદ દાસ નામના હિન્દુ યુવાનને ઝાડ પર લટકાવી સડગાવી મારી નાંખ્યો હતો. ઢાકામા ભારત વિરોધી કાવતરા રચાઈ રહ્યા છે. કટ્ટરપંથી ઓ ખુલ્લેઆમ ધમકીઓ આપે છે.આવા અત્યાચાર અટકાવી ભારત સરકાર દ્વારા કડક પગલાં લેવાય અને બાંગ્લાદેશના રાષ્ટ્રપતી અને વડા પ્રધાન તેમજ ભારતીય દુતાવાસો હિન્દુઓની સુરક્ષા માટે જરૂરી પગલા ભરવા ઘટતુ કરે તેવી માંગ કરી હતી.

ડભોઈ સરકારી હોસ્પિટલ પોતે જ 'બીમાર

# ઓપરેશન થિયેટરના પોપડા ઉખડ્યા, સર્જનના અભાવે દર્દીઓ રામભરોસે

**બેજવાબદારી** સ્ટાફની હાજરીમાં લાપરવાહી જોવા મળે છે : જર્જરિત ઓ.ટી.નું રિપેરિંગ કરવામાં આવે તેવી લોકમાંગ




• ફકીરા ખત્રી ડભોઈ

': ડભોઈ શહેર અને તાલુકાની જન તા માટે આશીર્વાદ સમાન ગણાતું સરકારી દવાખાનું અત્યારે વિવાદોનું કેન્દ્ર બન્યું છે. હોસ્પિટલનું તંત્ર અને વિવાદ જાણે એક સિક્કાની બે બાજુ બની ગયા હોય તેમ લાગી રહ્યું છે. ક્યારેક સ્ટાફની દાદાગીરી તો ક્યારેક તબીબોની લાપરવાહી સામે આવે છે, પરંતુ હાલમાં ઓપરેશન થિયેટર (OT) ની જર્જરિત હાલત અને સર્જનના અભાવે ગરીબ દર્દીઓની હાલત કફોડી બની છે ઓપરેશન થિયેટરના છતના પોપડા ખરે છે દર્દીઓ જાય ક્યાં? પ્રાપ્ત વિગતો અનુસાર હોસ્પિટલના ઓપરેશન થિયેટરની હાલત અત્યંત ખખડધજ છે ઓ.ટી.ની છત પરથી પોપડા ખરી રહ્યા છે જે કોઈ મોટી દુર્ઘટનાને આમંત્રણ આપી રહ્યા છે. આ પરિસ્થિતિમાં ઓપરેશન કરવું જોખમી હોવા છતાં, હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ દ્વારા મરામત કરાવવા બાબતે કોઈ ગંભીરતા દાખવવામાં આવતી નથી વાંસ હોય તો જ વાંસળી વાગે તેમ સુવિધાના નામે અહી મીંડું જોવા મળી રહ્યું છે તબીબોનો અભાવ અને ખાનગી હોસ્પિટલોની લૂંટ હોસ્પિટલમાં કાયમી સર્જનની પણ અછત છે. ઓપરેશનની સુવિધા ન હોવાને કારણે મધ્યમ અને ગરીબ વર્ગના દર્દીઓને નાછૂટકે મોંઘીદાટ ખાનગી હોસ્પિટલોમાં જવાની ફરજ પડી રહી છે. સરકારી યોજનાઓનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓ અહીં માત્ર ધક્કા ખાઈ રહ્યા છે. સ્ટાફની મનમાની: બસના ટાઈમે 'અપ-ડાઉન' અને બગડેલા હાજરી મશીનોહોસ્પિટલના વહીવટમાં પણ અનેક છીંડાઓ જોવા મળ્યા છે:

મોટાભાગનો સ્ટાફ બસના સમય મુજબ અપ-ડાઉન કરે છે, જેના કારણે ઈમરજન્સી સમયે દર્દીઓને હાલાકી ભોગવવી પડે છે સ્ટાફની હાજરીમાં લાપરવાહી જોવા મળે છે.

સ્ટાફની હાજરી નોંધવા માટેના બાયોમેટ્રિક (અંગૂઠાના) મશીનો પણ લાંબા સમયથી બગડેલા છે. આ સ્થિતિ સ્ટાફ માટે ભાવતું હતું ને વૈદ્યએ કહ્યું જેવી સાબિત થઈ રહી છે કારણ કે તેમની અવર-જવર પર કોઈ રોકટોક રહી નથી જિલ્લા આરોગ્ય તંત્રની કુંભકર્ણ નિદ્રા સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે, જિલ્લા આરોગ્ય વડાએ અગાઉ હોસ્પિટલની મુલાકાત લઈ ગંભીર ગેરરીતિઓ ઝડપી પાડી હતી. તેમ છતાં, આજદિન સુધી કોઈ કડક પગલાં લેવામાં આવ્યા નથી. જાણે જિલ્લા આરોગ્ય અધિકારી કુંભકર્ણની નિદ્રામાં હોય તેમ લાગી રહ્યું છે.જનતાની માંગ: ડભોઈ સરકારી દવાખાનાને આધુનિક બનાવવાની વાતો તો દૂર રહી, પણ ઓછામાં ઓછું તેને 'દવાખાના યોગ્ય' બનાવવામાં આવે અને તુરંત સર્જનની નિમણૂક કરી જર્જરિત ઓ.ટી.નું રિપેરિંગ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

# મંજુસર ખાતે 'કામદાર સંવાદ': કામદારોના શોષણ સામે કોંગ્રેસનો બુલંદ અવાજ

### કોંગ્રેસ સરકારોએ બનાવેલા કામદારોના રક્ષણના કાયદાઓને ભાજપ સરકારે એક પછી એક નાબૂદ કર્યા

• વડોદરા

વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં યોજાયેલી 'જન આક્રોશ યાત્રા'ના છઠ્ઠા દિવસની શરૂઆત સાવલીના પવિત્ર ભીમનાથ મહાદેવના દર્શનથી કરવામાં આવી. યાત્રા દરમિયાન માર્ગમાં ઠેર-ઠેર સ્વાગત પોઈન્ટ પર કાર્યકરો અને સ્થાનિક લોકોએ યાત્રાનું ઉત્સાહભેર સ્વાગત કર્યું હતું.

યાત્રા દરમિયાન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડા તથા વિધાનસભા વિરોધ પક્ષના નેતા ડૉ. તુષારભાઈ ચૌધરીએ માર્ગમાં આવેલા મહારાણા પ્રતાપ અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલિ વ્યક્ત કરી હતી.

યાત્રા મંજુસર GIDC પહોંચતા આગેવાનો દ્વારા કામદારો સાથે સંવાદ યોજાયો. GIDCના ફેક્ટરી કામદારોએ લાંબા કામના કલાકો, ઓછું વેતન,સલામતીનોઅભાવ,અકસ્માતોમાં વળતર ન મળવું, ટ્રેડ યુનિયન પર પ્રતિબંધ અને પોલીસ-પ્રશાસન દ્વારા દબાણ જેવી ગંભીર સમસ્યાઓ અંગે પોતાની યથાર્થ રજૂઆત કરી હતી.

કામદાર સંવાદમાં સંબોધન કરતા GPCC પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, GIDCમાં કાયદેસર 8 કલાકના બદલે 12 કલાક સુધી જબરદસ્તી કામ કરાવવામાં આવે છે, પરંતુ સરકાર આંખ આડા કાન કરી રહી છે. ફેક્ટરીઓમાં સલામતીના નિયમોનું પાલન થતું નથી, પરિણામે વારંવાર અકસ્માતોમાં કામદારોના જીવ જાય છે, છતાં ગરીબ અને પરપ્રાંતીય કામદારોને વળતર પણ મળતું નથી.

તેમણે જણાવ્યું કે, કોંગ્રેસ સરકારોએ બનાવેલા કામદારોના રક્ષણના કાયદાઓને ભાજપ સરકારે એક પછી એક નાબૂદ કર્યા છે. ટ્રેડ યુનિયનોનું રજિસ્ટ્રેશન બંધ કરી દેવાયું છે અને કામદારોના હિતને બદલે ઉદ્યોગપતિઓના હિતમાં શાસન ચાલી રહ્યું છે. ખેડૂતો માટે જેમ ત્રણ કાળા કાયદા લાવ્યા હતા, તેમ જ કામદારો માટે પણ કાળા કાયદા લાવવામાં આવ્યા છે.

શ્રી ચાવડાએ સ્પષ્ટ કહ્યું કે કોંગ્રેસ ઉદ્યોગોના વિરોધમાં નથી, પરંતુ કામદારોના શોષણના ભોગે નફો કમાવાની નીતિ કોંગ્રેસ ક્યારેય સ્વીકારશે નહીં. કામદારો સંગઠિત થશે તો જ શોષણ સામે લડત શક્ય છે. કોંગ્રેસ પાર્ટી કામદારોના 8 કલાકના કામના કાયદા, મહિલાઓની સુરક્ષા, કાયમી નોકરી, કોન્ટ્રાક્ટ અને ફિક્સ પગાર પ્રથા નાબૂદી, અકસ્માત વળતર અને 85% સ્થાનિક રોજગાર કાયદાના અમલ માટે સડકથી વિધાનસભાઅનેસંસદસુધીસંઘર્ષકરશે. તેમણે કામદારોને આશ્વાસન આપ્યું કે ટૂંક સમયમાં અસંગઠિત કામદારો માટે સંગઠન રચી દરેક કાનૂની, રાજકીય અને આંદોલનાત્મક લડત કોંગ્રેસ પાર્ટી લડશે.

આ પ્રસંગે વિધાનસભા વિરોધ પક્ષના નેતા ડૉ. તુષારભાઈ ચૌધરીએ જણાવ્યું કે, કામદારો પોતાની તમામ રજૂઆત લેખિતમાં વિધાનસભા ખાતેવિરોધપક્ષનીઓફિસપર મોકલાવે. તેમણે ખાતરી આપી કે આ તમામ પ્રશ્નો સંબંધિત મંત્રીઓ, અધિકારીઓ તથા મુખ્યમંત્રી સમક્ષ રજૂ કરવામાં આવશે અને આગામી બજેટ સત્રમાં વિધાનસભામાં ઉઠાવવામાં આવશે.

# મહેસાણા હાઈવે પર સ્પાની આડમાં ચાલતા દેહવ્યાપારનો પર્દાફાશ, ડમી ગ્રાહક મોકલી સંચાલકને દબોચ્યો

• મહેસાણા

મહેસાણામાં છેલ્લા કેટલાક સમયથી સ્પા અને મસાજ પાર્લરની આડમાં અનૈતિક પ્રવૃત્તિઓ ફૂલીફાલી છે, ત્યારે મહેસાણા પોલીસની એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ (AHTU) એ એક મોટી કાર્યવાહી કરી છે. મહેસાણા-અમદાવાદ હાઈવે પર આવેલા એક સ્પામાં પ્રોફેશનલ સર્વિસના બહાને ચાલતા કૂટણખાનાનો પોલીસે પર્દાફાશ કર્યો છે. આ મામલે પોલીસે સ્પા સંચાલકની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મહેસાણા AHTU પોલીસને બાતમી મળી હતી કે મહેસાણા-અમદાવાદ હાઈવે પર આવેલા એક સ્પામાં સંચાલક દ્વારા બહારથી સ્ત્રીઓ બોલાવીને દેહવ્યાપારનો ધંધો કરાવવામાં આવે છે. આ ચોક્કસ બાતમીના આધારે પોલીસે દરોડો પાડવા માટે એક આયોજનબદ્ધ જાળ બિછાવ્યું હતું. પોલીસે એક વ્યક્તિને 'ડમી ગ્રાહક' બનાવીને સ્પામાં મોકલ્યો હતો. પોલીસે સ્થળ પરથી સંચાલક અતુલકુમાર નાયીને



રંગેહાથ ઝડપી પાડ્યો હતો. તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે, આરોપી અતુલ નાયી સ્પામાં ગ્રાહકોને આકર્ષવા માટે બહારથી યુવતીઓ બોલાવતો હતો અને તેની આડમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ ચલાવતો હતો.

# ઈડર શહેરમાં જાહેરમાં ગંદકી કરતાં લોકો દંડાયા

• દુર્ગેશ જયસ્વાલ ઈડર

ઈડર શહેરમાં સ્વચ્છતા જાળવવા સ્વચ્છતા અભિયાન અંતર્ગત ઈડર નગરપાલિકાના ચીફ ઓફિસર જૈમિનકુમાર ચૌધરીએ શહેરના વિવિધ વિસ્તારોમાં વહેલી સવારે અચાનક લઈ જાહેર સ્થળો પર ગંદકી કરતાં કેટલાક વ્યક્તિઓને સ્થળ પર જ ઝડપી દંડ કર્યો હતો. શહેરમાં આવેલી નોનવેજ દુકાનો પર પણ તપાસ હાથ ધરી દુકાનોની આસપાસ ખુલ્લામાં નોનવેજ કચરો નાખતા વેપારીઓને તાત્કાલિક તેને દૂર કરવા તેમજ ભવિષ્યમાં આવી ગંદકી ન કરવા સૂચના અપાઈ હતી. ચીફ ઓફિસર જૈમિન ચૌધરીએ જણાવ્યું હતું કે, છેલ્લા અઠવાડિયાથી પાલિકાની ટીમ દ્વારા સ્વચ્છતા ડ્રાઈવ સતત ચાલુ છે. વહેલી સવારે 7 વાગ્યાથી શહેરના અનેક વિસ્તારોમાં તપાસ હાથ ધરાઈ છે. આ દરમિયાન કર્મચારીઓ નગરપાલિકા દ્વારા કરેલ સ્વચ્છતાનું કામ પણ તપાસવામાં આવે છે. તેમજ ગંદકી કરતાં લોકો સામે દંડની કાર્યવાહી કરવામાં આવી રહી છે.તેમજ કચરો સળગાવતા લોકો સામે પણ કડક કાર્યવાહી કરાશે.

રાહ ૧૦૮ ટીમની સરાહનીય કામગીરી

# રાહ ૧૦૮ ની ટીમને પ્રસુતિ પીડાનો કોલ મળતા સફળ પ્રસુતિ કરાવી માતા અને બાળક ને નવજીવન બક્ષ્યું

• રાજેશ જોષી : વાવ-થરાદ

થરાદ તાલુકાના ખોડા ગામના વાડી વિસ્તારમાં રહેતાં બેનને પ્રુસુતીની પીડા ઉપડતા જ તેમના પતિએ 108 ને કોલ કર્યો હતો.આ કોલ રાહ 108 EMRI ગ્રીન હેલ્થ સર્વિસીસ ની ટીમ ને મળતા ૧૦૮ ના ઈએમટી અશોકભાઈ સાધુ અને પાઈલોટ સેધાભાઈ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ સાથે ઘટના સ્થળ પર પહોંચ્યા હતાં. ઘટના સ્થળ પર પહોંચ્યાં પછી EMT દ્વારા તપાસ કરતા સગર્ભાની પરિસ્થિતિ ગંભીર માલુમ પડતા તરત જ એમ્બ્યુલન્સ માં લઈ ને હોસ્પિટલ તરફ રવાના થઈ ગયા હતા પરંતુ થોડાક જ આગળ જતા ઈએમટી અશોકભાઈ દ્વાર દર્દી ને તપાસ કરતા બાળક નું માથું બહાર દેખાતું હોવાથી એમ્બ્યુલન્સ સાઈડ કરાવી ડિલિવરી એમ્બ્યુલન્સ માં જ કરાવી પડે તેમ હોવાથી આથી ઈએમટી દ્વારા અમદાવાદ ખાતે 108 ના ડૉ ને દર્દીની સંપૂર્ણ માહિતી આપી તેમની સલાહ મુજબ અને ૧૦૮ ના પાયલોટ સેધાભાઈ ની મદદ વડે એમ્બુલન્સમાં જ સફળતા પુર્વક બાળક નો જન્મ કરાવવામાં આવ્યો હતો. તથા વધુ સારવાર અર્થે માતા અને બાળક ને સામુહીક આરોગ્ય કેન્દ્ર પીલુડા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બાળક નો જન્મ થતા પરિવાર માં હર્ષોલ્લાસ ની લાગણી ફેલાઈ હતી. આમ 108 એમ્બ્યુલન્સ દ્વારા કટોકટી ના સમયે જરાપણ વિલંબ કર્યા વગર એમ્બુલન્સમાં જ ડિલિવરી કરાવતા માતા અને બાળક ને નવજીવન મળ્યું હતું. પ્રોગ્રામ મેનેજર બળદેવભાઈ રબારી અને EME નીતિન ગોરાદરા દ્વારા ટીમ ની પ્રશાનીય કામગીરી બદલ બિરદાવવા માં આવ્યા હતા.



# તીર્થગામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું

### ૪૦ બોટલ જેટલું રક્ત એકત્રિત કરાયું હતું



•રાજેશભાઈ જોષી : વાવ-થરાદ

વાવ થરાદ જીલ્લા પંચાયત અને તાલુકા આરોગ્ય કચેરી વાવ પ્રેરીત અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તીર્થગામ આયોજિત અને ધારપુર મેડિકલ કોલેજ ના સહયારા સહયોગથી ગતરોજ તીર્થગામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું અને તાલુકા હેલ્થ ઓફીસર ભરતભાઈ મણવર ના માર્ગદર્શન અને તાલુકા સુપરવાઈજર અને મેડિકલ ઓફીસર ડૉ. કિશનસિંહ ચૌહાણ અને મ.પ.હે.સુ ખેમજીભાઈ મોરીખિયા અને એકાઉન્ટન્ટ ભરતભાઈ પ્રજાપતિ અને તમામ સબ સેન્ટર ના મ.પ.હે.વ અને તમામ કર્મચારીઓના સહયોગથી કુલ ૪૦ કરતા વધારે બોટલ એકત્ર થઈ અને તમામ ગ્રામજનો અને તમામ કર્મચારી ઓનો ખૂબ સાથ સહકાર રહ્યો હતો અને કેમ્પ સફળ થયો.

## અમદાવાદ સ્થિત કહોડા પાટીદાર સમાજનો ૧૮ મો સ્નેહમિલન સમારંભ યોજાયો

અમદાવાદ સ્થિત કહોડા પાટીદાર સમાજનો અઢારમો સ્નેહમિલન સમારોહ સુંધા ચામુંડા માતાજી તળેટી રાજસ્થાન ખાતે યોજાયો જેમાં સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું હતું . તેમજ બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ ઈનામ વિતરણના દાતા તરીકે દિલીપભાઈ મફતલાલ પટેલ સેવા આપી તેમજ ભોજનના દાતા તરીકે કેતુલકુમાર માધવલાલ પટેલે લાભ લીધો હતો સમગ્ર કાર્યક્રમનું સંચાલન તેમજ વ્યવસ્થા રાજેશભાઈ, પ્રહલાદભાઈ, વિનુભાઈ, ચિરાગભાઈ તેમજ હસમુખભાઈ દ્વારા કરવામાં આવી હતી. બાળકો તેમજ વડીલો માટે સંગીત ખુરશી તેમજ અવનવી રમતની સ્પર્ધા



રાખવામાં આવી હતી. આ રમત ગમતનું આયોજન તેમજ એન્કરિંગ હિરેનભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

ગભરાટ

### જ્યારે ટ્રેનો ક્રોસિંગ થાય છે ત્યારે સમસ્યા વધુ ઘેરી બની જાય છે

# ડભોઈ થી બોડેલી છુછાપુરા રેલવે સ્ટેશન પર મુસાફરોનો જીવ જોખમમાં

### પ્લેટફોર્મના અભાવે ટ્રેનમાંથી કૂદવા મજબૂર

•ફકીરા ખત્રી ડભોઈ

છુછાપુરા ડભોઈ-બોડેલી સેક્શન ભારતીય રેલવે એક તરફ આધુનિકીકરણ અને 'અમૃત ભારત' સ્ટેશન યોજના હેઠળ કરોડો રૂપિયાનો ખર્ચ કરી રહી છે, ત્યારે બીજી તરફ ડભોઈ-બોડેલી લાઈન પર આવેલું છુછાપુરા રેલવે સ્ટેશન તંત્રની ઘોર બેદરકારીનો નમૂનો બની રહ્યું છે.અહીં પૂરતા પ્લેટફોર્મની સુવિધા ન હોવાને કારણે દરરોજ સેંકડો મુસાફરોએ પોતાનો જીવ જોખમમાં મૂકીને મુસાફરી કરવી પડી રહી છે શું છે મુખ્ય સમસ્યા જ્યારે ડભોઈ તરફથી આવતી ટ્રેન અને બોડેલી તરફથી આવતી ટ્રેન છુછાપુરા સ્ટેશને ક્રોસિંગ માટે ભેગી થાય છે, ત્યારે મોટી મુશ્કેલી સર્જાય છે. સ્ટેશન પર એક જ મુખ્ય પ્લેટફોર્મ હોવાથી, બીજી ટ્રેન પ્લેટફોર્મ વગરના ટ્રેક પર ઊભી રાખવામાં આવે છે.બીજા ટ્રેક પર પ્લેટફોર્મ ન હોવાથી ટ્રેન અને જમીન વચ્ચેનું અંતર ઘણું વધી જાય છે.વૃદ્ધો, મહિલાઓ અને બાળકોએ ટ્રેનના ઊંચા પગથિયાં પરથી નીચે કૂદવું પડે છે અથવા જીવના જોખમે નીચે ઉતરવું પડે છે.મુસાફરોમાં રોષ અને તંત્ર સામે સવાલ સ્થાનિક મુસાફરો અને દૈનિક અપડાઉન કરતા લોકોની માંગ છે કે અહીં વહેલી તકે બીજા પ્લેટફોર્મની સુવિધા કરવામાં આવે. લોકોનું કહેવું છે કે:અકસ્માતનો ભય: ક્રોસિંગ વખતે ઉતાવળમાં ઉતરતા મુસાફરો ગમે ત્યારે ટ્રેન નીચે આવી શકે છે અથવા પડી જવાથી ગંભીર ઈજા થઈ શકે છે. સુવિધાનો અભાવ: ડિજિટલ ઈન્ડિયા અને આધુનિક રેલવેના દાવાઓ વચ્ચે છુછાપુરા જેવા ગ્રામ્ય વિસ્તારના સ્ટેશનો કેમ વંચિત છે? ગંભીર માંગ: મુસાફરોની માંગ છે કે રેલવે તંત્ર કોઈ મોટી દુર્ઘટના બને તેની રાહ જોયા વગર તાત્કાલિક ધોરણે પ્લેટફોર્મની ઊંચાઈ વધારે અથવા નવું પ્લેટફોર્મ બનાવે.હવે જોવાનું એ રહે છે કે રેલવે વિભાગના ઉચ્ચ અધિકારીઓ આ જનતાની બૂમ સાંભળે છે કે પછી મુસાફરોએ આમ જ જોખમી મુસાફરી ચાલુ રાખવી પડશે.



### ફરિયાદના આધારે સાયબર ગઠિયાઓની શોધખોળ શરૂ કરવામાં આવી

# અમદાવાદમાં દરરોજ 10 હજાર કમાવવાની લાલચ આપી ગઠિયાએ છેતરપિંડી આચરી

ઠગાઈ

### ટાસ્ક પૂરા કરવા કમિશનની લાલચ આપીને વાસણાની મહિલા સાથે 72 હજારથી વધુની ઠગાઈ




•અમદાવાદ

અમદાવાદ શહેરના ન્યૂ વાસણામાં રહેલી મહિલા સાથે સાયબર ઠગીયાઓએ છેતરપિંડી આચરી છે. મહિલાએ ઈન્સ્ટાગ્રામમાં ઘરે બેઠા પાર્ટ ટાઈમ કમાવવાની જાહેરાત જોઈ હતી. જે બાદ આપેલ લિંક ખોલી વોટ્સએપ નંબર પર મેસેજ કરતા સાયબર ગઠિયાઓએ રોજના ઘરે બેઠા 1000થી લઈને 10,000 રૂપિયા કમાવવાની લોભામણી લાલચ આપી હતી.ટેલીગ્રામ પર અલગ અલગ ટાસ્ક પૂરા કરવાના બહાને મહિલા પાસેથી અલગ અલગ યુપીઆઈ આઈડી પર 72 હજારથી પણ વધુ રૂપિયા ટ્રાન્સફર કરાવવામાં આવ્યા હતા.જે બાદ કમિશન આપવાની લાલચ આપી રિચાર્જ કરેલા રૂપિયા પણ પરત ન આપતા મહિલાને છેતરપિંડી થઈ હોવાનું જણાયું હતું. જેથી મહિલાએ સાયબર ગઠિયા વિરુદ્ધ સાયબર ક્રાઈમ પોર્ટલ પર છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ નોંધાવી છે.ન્યૂ વાસણામાં રહેતી સાથે સાયબર ગઠિયાઓએ લોભામણી લાલચ આપી છેતરપિંડી આચરી છે. 16 સપ્ટેમ્બરના દિવસે મહિલા જ્યારે મોબાઈલમાં ઈન્સ્ટાગ્રામમાં રિલ્સ જોઈ રહી હતી ત્યારે મિશોની એક રિલ્સમાં ઘરે બેઠા પાર્ટ ટાઈમ કામ કરી રોજના 10,000 કમાવવાની જાહેરાત જોઈ હતી.જેથી ઘરે બેઠા કમાવવા માટે મહિલાએ રિલ્સમાં કોમેન્ટ કરતા એક લિંક ખુલી હતી. જેના પર મહિલાએ ક્લિક કર્યું ત્યારે +880 1336- 466888 નંબરનું વૉટ્સએપ ખુલી ગયું હતું. જેમાં મેસેજ કરતા રીપ્લાય કરનાર વ્યક્તિએ પોતે મિશો કંપનીના એચ.આર તરીકે ઓળખ આપી હતી.જે બાદ તેને મહિલાને એક દિવસના 1000થી લઈને 10,000 હજાર સુધી ઘરે કમાવવાની લાલચ આપી હતી. મહિલાને ઘરે બેઠા પૈસા કમાવવાની લાલચ જાગતા તેને ગઠિયા પર વિશ્વાસ કેળવ્યો હતો. જે બાદ સાયબર ગઠિયાએ ટાસ્ક કરવા માટે એક લિંક મોકલી આપી હતી. જે લિંક પર મહિલાએ ક્લિક કર્યું હતું ત્યારે Meesho_ Frederica નામનું ટેલિગ્રામ એકાઉન્ટ ખૂલ્યું હતું. જેમાં સાઈન અપ કર્યા બાદ સાયબર ગઠિયાએ અલગ અલગ ટાસ્ક આપી તે પૂરા કરી Meesho એપમાં રિચાર્જ કરવા કહ્યું હતું. પહેલા થોડા દિવસ મહિલાનો વિશ્વાસ કેળવવા માટે ગઠિયાએ ટાસ્ક પૂરા કર્યા બાદ કમિશન એપમાં આપવામાં આવતું હતું.જે બાદ મહિલાએ વધુ પૈસા કમાવવાની લાલચમાં અલગ અલગ યુપીઆઈ આઈડી પર રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. તેમજ ટાસ્ક પૂરો કરવા માટે મહિલા પાસે 72,335 રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતા. મહિલાએ સાયબર ગઠિયાના કહ્યા પ્રમાણે રૂપિયા મોકલી આપ્યા હતા. જે બાદ અચાનક કમિશન ન આપતા મહિલાએ રિચાર્જ કરેલા રૂપિયા પરત માંગ્યા હતા. અનેક વખત કહેવા છતાં રિચાર્જ કરેલા રૂપિયા પરત ન આપતા છેતરપિંડી થઈ હોવાનું જણાતા મહિલાએ સાયબર ક્રાઈમ પોર્ટલ પર ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે સાયબર ગઠિયાઓની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

# રાજ્યમાં ટાઈગરની હાજરીની NTCAની સત્તાવાર જાહેરાત

### ગુજરાતના ગીરમાં સિંહ, દીપડો અને હવે વાઘ એકજ સ્થળે જોવાશે

•ગીર



ગીરથી ઓળખાતું ગુજરાત હવે એશિયાઈ સિંહોની ધરતી પૂરતું સીમિત રહ્યું નથી. ત્રણ દાયકા કરતાં વધુ સમય બાદ રાજ્યનાં જંગલોમાં વાઘની સ્થાયી હાજરી નોંધાતાં ગુજરાત ફરી એકવાર 'ટાઈગર સ્ટેટ' તરીકે ઓળખ મેળવવાની દિશામાં આગળ વધી રહ્યું છે. દાહોદ જિલ્લાના રતનમહાલ અભયારણ્યમાં વાઘ લાંબા સમયથી વસવાટ કરી રહ્યો હોવાનું રાષ્ટ્રીય વાઘ સંરક્ષણ સત્તામંડળ (NTCA) દ્વારા સત્તાવાર રીતે માન્ય કરવામાં આવ્યું છે. આમ, વિશ્વમાં ત્રણ બિગ કેટ હોય એવું પહેલું સ્થળ આપણું ગુજરાત બન્યું છે. NTCAના અધિકારીઓ માને છે કે એક જ વિસ્તારમાં લાંબા સમય સુધી વાઘનું ટકીને રહેવું એ ગુજરાતનાં જંગલો વાઘ માટે અનુકૂળ હોવાનો પુરાવો છે. આ સફળતા રાજ્યના વન સંરક્ષણ પ્રયાસો માટે પણ મહત્ત્વની માનવામાં આવી રહી છે. વન અને પર્યાવરણ વિભાગના મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે આ પ્રત્યેક ગુજરાતી માટે ગર્વની વાત છે. ગુજરાતમાં એક સમયે મોટી સંખ્યામાં વાઘની હાજરી હતી, પરંતુ કાળક્રમે ગુજરાતમાંથી વાઘની પ્રજાતિ લુપ્ત થઈ ગઈ. રાજ્યમાં છેલ્લે વર્ષ 1989માં વાઘની વસતિગણતરી થઈ હતી, ત્યારે અધિકારીઓને વાઘના પંજાનાં નિશાન તો મળ્યાં હતાં, પરંતુ વાઘ ક્યાંય જોવા મળ્યો નહોતો. એ બાદ વર્ષ 1992માં વાઘની વસતિગણતરીમાંથી ગુજરાતની બાદબાકી કરવામાં આવી હતી અને રાજ્યએ 'ટાઈગર સ્ટેટ'નો દરજ્જો ગુમાવ્યો હતો. ત્યાર બાદ વર્ષ 2019 વાઘ જોવા મળતાં આશાનું કિરણ જાગ્યું હતું, પરંતુ દુર્ભાગ્યે એ વાઘ માત્ર 15 દિવસ સુધી જ જીવિત રહી શક્યો હતો. 'અત્યારે જે વાઘ ગુજરાતમાં વસવાટ કરી રહ્યો છે એ સૌપ્રથમ 22 ફેબ્રુઆરી, 2025ના રોજ વન વિભાગના કેમેરા ટ્રેપમાં કેદ થયો હતો. 23 ફેબ્રુઆરી, 2025ની સવારે પીપલગોટા રાઉન્ડ, કંજેટા રેન્જના સ્ટાફ દ્વારા વન્યજીવોની હિલચાલના નિયમિત પેટ્રોલિંગ દરમિયાન મોટા કદના પગનાં નિશાન (પગ માર્ક્સ) જોવા મળ્યાં હતાં. આ પગનાં નિશાન સામાન્ય દીપડા કરતાં મોટાં હોવાથી આ વિસ્તારમાં લગાવેલા કેમેરા ટ્રેપનાં ચિત્રોનું વિશ્લેષણ કરવામાં આવ્યું અને 22 ફેબ્રુઆરી, 2025ના રોજ રાત્રિના આશરે 2:40 વાગ્યે વાઘની તસવીર કેદ થયેલી જોવા મળી હતી.' 'નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA)ને જાણ કરાઈ હતી. એના આધારે નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA) ની ટીમે ગુજરાતમાં અભ્યાસ કરીને પોતાના પ્રારંભિક રિપોર્ટમાં રતનમહાલ વન્યજીવ અભયારણમાં વાઘની હાજરીની પુષ્ટિ કરી છે અને દેશમાં વાઘની વસતિગણતરીમાં ગુજરાતનો સમાવેશ કર્યો છે, સાથે જ ગુજરાતમાં વાઘના વસવાટ કરવા ઈકો સિસ્ટમ હોવાની પણ પુષ્ટિ કરી છે અને આ ઈકો સિસ્ટમને મજબૂત કરવા માટેનાં પગલાં પણ સૂચવ્યાં છે.' વન વિભાગના જણાવ્યા મુજબ, મધ્યપ્રદેશની સરહદ પરથી ફેબ્રુઆરી મહિનામાં એક યુવાન વાઘ રતનમહાલ વિસ્તારમાં પ્રવેશ્યો હતો. શરૂઆતમાં એને રખડતો વાઘ માનવામાં આવ્યો, પરંતુ છેલ્લા દસ મહિનાથી એક જ વિસ્તારમાં એની સતત હાજરીએ સ્પષ્ટ કરી દીધું છે કે તેણે આ જંગલને પોતાનું ઘર બનાવી લીધું છે. કેમેરા ટ્રેપ અને ફોટોગ્રાફિક પુરાવાઓના આધારે NTCAએ ગુજરાતને 2026ની અખિલ ભારતીય વાઘ ગણતરીમાં સામેલ કરવાનો નિર્ણય લીધો છે. ગુજરાતમાં વાઘની છેલ્લી સત્તાવાર ગણતરી 1989માં થઈ હતી. ત્યાર બાદ વાઘના પુરાવા ન મળતાં રાજ્યને વાઘ ગણતરીમાંથી બહાર રાખવામાં આવ્યું હતું. 1990ના દાયકાથી ગુજરાત 'ટાઈગર સ્ટેટ'નો દરજ્જો ગુમાવી ચૂક્યું હતું. હવે રતનમહાલમાં વાઘની સ્થિર હાજરી સાથે આ લાંબી રાહનો અંત આવ્યો છે. આગામી સમયમાં વાઘની ગણતરી દરમિયાન એને રેડિયો કોલર પહેરાવવાની યોજના છે, જેથી એની ગતિવિધિઓ પર નજર રાખી શકાય, સાથે જ રતનમહાલ આસપાસના વિસ્તારોમાં શિકાર પ્રાણીઓની ઉપલબ્ધતા અને માદા વાઘની સંભાવનાનો પણ સર્વે કરવામાં આવશે. જો તમામ પરિસ્થિતિ અનુકૂળ સાબિત થાય તો રતનમહાલને ભવિષ્યમાં વાઘ અભયારણ્ય તરીકે વિકસાવવાની દિશામાં પગલાં લેવાઈ શકે છે. એક તરફ ગીરમાં સિંહોની સંખ્યામાં વધારો અને બીજી તરફ રતનમહાલમાં વાઘની હાજરી છે. આ બંને ઘટના ગુજરાતને વન્યજીવન સંરક્ષણના રાષ્ટ્રીય નકશા પર નવી ઓળખ આપી રહી છે. હવે રાજ્યનાં જંગલોમાં સિંહની ત્રાડ સાથે વાઘની ગર્જના પણ સંભળાવા લાગી છે. આ અંગે વન વિભાગના વરિષ્ઠ અધિકારી(IFS) ડૉ. જયપાલ સિંહના જણાવ્યા અનુસાર, વાઘને રતનમહાલનું જંગલ માફક આવી ગયું છે અને એ નિયમિત રીતે આ વિસ્તારમાં જોવા મળે છે. રતનમહાલમાં પૂરતું પાણી, શિકાર અને કુદરતી આવાસ ઉપલબ્ધ હોવાથી વાઘ અહીં નિર્ભય રીતે રહે છે. વાઘની ગતિવિધિઓ, સ્વાસ્થ્ય અને વર્તન પર સતત નજર રાખવામાં આવી રહી છે, સાથે સાથે એને કાયમી રીતે અહીં જ રોકી શકાય એ માટે રાજ્ય સરકાર અને વન વિભાગ સક્રિય બન્યાં છે. આ વાઘ પાછો જતો રહે એ પહેલાં એની વસતિ વધારવાની દિશામાં મહત્ત્વનું આયોજન થઈ રહ્યું છે. વાઘ માટે ચિતલ, સાંભર જેવા શિકારની સંખ્યા વધારવાનાં પગલાં લેવામાં આવ્યાં છે.

# અમદાવાદના વાસણાના સ્વામિનારાયણ મંદિરમાં ભક્તિના બહાને છેતરપિંડી

### શ્રદ્ધાળુ બનીને આવેલો શખસ 6 લાખનો હાર લઈ ફરાર

•અમદાવાદ

અમદાવાદમાં છેતરપિંડીના કિસ્સા સતત વધી રહ્યા છે, ત્યારે હવે ગઠિયાઓએ ભગવાનના ઘર સમાન મંદિરને પણ બાકાત રાખ્યું નથી. અમદાવાદના વાસણા વિસ્તારમાં સ્થિત સ્વામિનારાયણ મંદિરમાં એક શખ્સે માનતા પૂરી કરવાના બહાને મંદિરના વહીવટકર્તા સાથે લાખોની છેતરપિંડી આચરી છે. મળતી માહિતી મુજબ, ગોપાલભાઈ નામના એક શખ્સે વાસણા સ્વામિનારાયણ મંદિરના કોઠારી સ્વામીનો સંપર્ક કર્યો હતો. તેણે જણાવ્યું હતું કે, તેની દીકરીનું સરકારી મેડિકલ કોલેજમાં એડમિશન મળી ગયું હોવાથી તેણે ભગવાનને સોનાનો હાર ચઢાવવાની માનતા રાખી હતી. આ માનતા પૂરી કરવા માટે તેણે સોનાનો હાર જોવો પડશે તેમ કહી કોઠારી સ્વામીને વિશ્વાસમાં લીધા હતા. આરોપી ગોપાલે કોઠારી સ્વામીને હારના પેમેન્ટ પેટે એક ચેક આપ્યો હતો. ચેક આપીને પૂરો વિશ્વાસ કેળવ્યા બાદ, તેણે હારનો નમૂનો જોવાનું બહાનું કાઢ્યું હતું. કોઠારી સ્વામીએ શ્રદ્ધાળુ સમજીને તેને 51 ગ્રામ વજનનો અને આશરે 6 લાખની કિંમતનો સોનાનો હાર જોવા માટે આપ્યો હતો.



હાર હાથમાં આવતાની સાથે જ તક જોઈને આરોપી ગોપાલ ત્યાંથી રફુચક્કર થઈ ગયો હતો. થોડી વાર સુધી તે પરત ન આવતા અને તેનો મોબાઈલ ફોન પણ સ્વીચ ઓફ આવતા કોઠારીસ્વામીને છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. આ મામલે વાસણા પોલીસ સ્ટેશનમાં ગોપાલ નામના શખ્સ વિરુદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે આ અંગે ગુનો નોંધીને મંદિરના CCTV ફૂટેજ અને મોબાઈલ લોકેશનના આધારે આરોપીને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## પોલીસના નામે તોડ કરવાનું ભારે પડ્યું: વડોદરામાં વચેટિયો 2.50 લાખની લાંચ લેતા એ.સી.બી.ના હાથે ચઢ્યો

•વડોદરા

ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (ACB) એ વડોદરામાં પોલીસ ઈન્સ્પેક્ટરના નામે લાંચની માંગણી કરનાર ખાનગી વ્યક્તિ (વચેટિયા) ને લાખોની રકમ સાથે ઝડપી પાડ્યો છે. વારસિયા પોલીસ મથકે ફરિયાદ દાખલ કરાવવા માટે પોલીસના નામે નાણાં પડાવતા આ શખ્સની ધરપકડથી વડોદરા પોલીસ બેડામાં ફફડાટ વ્યાપી ગયો છે.

ફરિયાદીની વારસિયા વિસ્તારમાં આવેલી સર્વે નંબર 329ની જમીન પર કોઈ અજાણ્યા બિલ્ડર દ્વારા બાંધકામ શરૂ કરી દેવામાં આવ્યું હતું. આ બાબતે ફરિયાદીએ વારસિયા પોલીસ સ્ટેશનમાં અરજીઓ કરી હતી. આ અરજીના આધારે સામાવાળા વિરુદ્ધ એફ.આઈ.આર. (FIR) નોંધાવવા માટે આ કામના આરોપી સુરેશભાઈ રામચંદ તોલાણી (રહે. મકરપુરા રોડ) એ વારસિયાના PI વસાવા સાહેબના નામે રૂ. ૫,૦૦,૦૦૦/- ની લાંચની માંગણી કરી હતી.આરોપીએ શરત રાખી હતી કે ફરિયાદ નોંધાવતા પહેલા રૂ. ૨.૫૦ લાખ આપવા અને કામ થયા બાદ બાકીની રકમ ચૂકવવી.ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે અમદાવાદ એ.સી.બી.નો સંપર્ક કર્યો હતો. વડોદરાના ચોખંડી વિસ્તારમાં આવેલી 'અનુભવ એન્ટરપ્રાઈઝ' નામની દુકાનમાં ટ્રેપ ગોઠવવામાં આવી હતી. જ્યાં આરોપી સુરેશ તોલાણી ફરિયાદી પાસેથી લાંચના પ્રથમ હપ્તા પેટે રૂ. ૨,૫૦,૦૦૦/-સ્વીકારતા જ એ.સી.બી.ની ટીમે તેને રંગેહાથ ઝડપી લીધો હતો.અમદાવાદ શહેર એ.સી.બી. ના પોલીસ ઈન્સ્પેક્ટર વી.ડી. ચૌધરી અને તેમની ટીમે આ સફળ ઓપરેશન પાર પાડ્યું હતું.

# ગુજરાતના પ્રજ્ઞિકા વાકા લક્ષ્મીને પ્રધાન મંત્રી રાષ્ટ્રીય બાલ પુરસ્કારથી નવાજવામાં આવ્યા

### ગુજરાત U-૭ ગોલ્ડ, ગુજરાત U-૯ ચેમ્પિયનશિપ અને રાષ્ટ્રીય સ્કૂલ્સ ચેસ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે

• નવી દિલ્હી

૭ વર્ષની ચેસ પ્રતિભાશાળી વાકા લક્ષ્મી પ્રાગ્નિકા (સુરત, ગુજરાત) સર્બિયામાં ૨૦૨૫ માં યોજાયેલી FIDE વર્લ્ડ સ્કૂલ્સ ચેસ ચેમ્પિયનશિપમાં U-૭ ગર્લ્સ કેટેગરીમાં ૯/૯ ના પરફેક્ટ સ્કોર સાથે વર્લ્ડ ચેમ્પિયન બની હતી. તે અનેક વખત ગુજરાત સ્ટેટ ચેમ્પિયન અને રાષ્ટ્રીય સ્તરની મેડલ વિજેતા છે, જેણે ગુજરાત U-૭ ગોલ્ડ, ગુજરાત U-૯ ચેમ્પિયનશિપ અને રાષ્ટ્રીય સ્કૂલ્સ ચેસ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે.

વાકા લક્ષ્મી પ્રાગ્નિકાને રમતગમતના ક્ષેત્રમાં તેમની શ્રેષ્ઠતા માટે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાલ પુરસ્કારથી નવાજવામાં આવી રહી છે. 26.12.2025 ના રોજ વિજ્ઞાન ભવન, નવી દિલ્હી ખાતે વીર બાલ દિવાસ દિવસની ઉજવણીની પૂર્વસંધ્યાએ ભારતના માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ દ્વારા પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાલ પુરસ્કાર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

ઉપરાંત, પુરસ્કાર વિજેતા 26.12.2025 ના રોજ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે વીર બાળ દિવસ ઉજવણી દરમિયાન ભારતના માનનીય પ્રધાનમંત્રી શ્રી



નરેન્દ્ર મોદીજીને મળશે.

પ્રાગ્નિકાને મેડલ, પ્રમાણપત્ર, પ્રશસ્તિપત્ર અને રોકડ પુરસ્કારથી નવાજવામાં આવી હતી.

શ્રી દેવ પટેલ (સેક્રેટરી, AICF અને પ્રમુખ, GSCA) પ્રજ્ઞિકાને ચેસની રમતમાં તેણીની ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ હૃદયપૂર્વક અભિનંદન પાઠવે છે. તેમણે એમ પણ ઉમેર્યું કે 'તમારા સમર્પણ, ખંત અને નોંધપાત્ર કૌશલ્યથી ચેસ સમુદાય અને આપણા રાષ્ટ્ર માટે ખૂબ જ ગૌરવ વધ્યું છે. આ સફળતા તમને તમારી આગળની સફરમાં વધુ ઊંચાઈઓ સુધી પહોંચવા માટે પ્રેરણા આપે.'

**ગરમાવો** 75 લાખના તોડકાંડ મુદ્દે મનસુખ વસાવા આજે સમર્થકો સાથે કલેક્ટર કચેરીએ પહોંચ્યા

# ધારાસભ્ય ચૈતર 75 લાખની માંગણીઅંગેની વાત નર્મદા જિલ્લા કલેકટરે મનસુખ વસાવાની વાત સ્વીકારી

### કલેક્ટર ઓફિસમાં સાંસદ અને જિલ્લા પ્રમુખે મિટિંગ યોજી

• દીપક જગતાપ, રાજપીપલા

નર્મદા જિલ્લામાં ચર્ચાસ્પદ બનેલા 75 લાખ રૂપિયાના તોડ કાંડ મામલે આજે મોટો વળાંક આવ્યો છે. નર્મદા જિલ્લા કલેક્ટર સંજય મોદીએ પોતાના અગાઉના નિવેદનથી યુ-ટર્ન લઈને સાંસદ મનસુખ વસાવાની વાત સ્વીકારી હોવાનું સામે આવ્યું છે.આ મામલે આજે સાંસદ મનસુખ વસાવા જિલ્લા ભાજપ પ્રમુખ સહિતના કાર્યકર્તાઓ સમર્થકો સાથે જિલ્લા કલેક્ટર કચેરી પહોંચ્યા હતા, જ્યાં સાંસદ અને કલેકટર સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન જિલ્લા કલેકટરે સ્વીકાર્યું હતું કે 75 લાખ રૂપિયાની માંગ ચૈતર વસાવા દ્વારા કરવામાં આવી હતી. આ માહિતી માર્ગ અને મકાન વિભાગના ઈજનેર મોદી દ્વારા કલેક્ટરને જણાવવામાં આવી હોવાનું પણ કલેક્ટરે માન્ય કર્યું હતું. ઉલ્લેખનીય છે કે બે દિવસ પહેલા સાંસદના આક્ષેપ બાદ ચૈતર વસાવા જિલ્લા કલેક્ટરને મળ્યા હતા, તે સમયે કલેક્ટરે 75 લાખ રૂપિયાની વાતને ખોટી ગણાવી હતી. પરંતુ આજે જિલ્લા કલેક્ટરે સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે આ વાત રાજપીપળા નહીં પરંતુ કેવડિયા



હેલિપેડ ખાતે થઈ હતી.આ સમગ્ર પ્રકરણ દરમિયાન સાંસદ મનસુખ વસાવાએ અગાઉ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે જો તેમને ન્યાય નહીં મળે તો તેઓ ભાજપ છોડશે. આજે બેઠક બાદ સાંસદે કહ્યું કે, "મારી સાથે ભાજપ પાર્ટી ઊભી છે, મને પાર્ટી પર વિશ્વાસ છે અને આજે જિલ્લા પ્રમુખ સહિતના કાર્યકર્તાઓ મારી સાથે આવ્યા છે. મેં કહ્યું હતું કે ન્યાય નહીં મળે તો ભાજપ છોડી દઈશ, પરંતુ આજે જિલ્લા કલેક્ટરે પણ મારી વાતને સાચી માની છે, એટલે હવે હું પાર્ટી સાથે જ છું.એમ સાંસદે જણાવ્યું હતું. જોકે કલેકટરની ચેમ્બરમાં કલેક્ટરે સાંસદનું આવેદનપત્ર સ્વીકાર્યું હતું અને સાંસદ ની વાત સાંભળ્યા પછી કલેક્ટર સંજય મોદીએ જણાવ્યું હતું કે સાંસદશ્રીઆપણા સૌ માટે આદરણીય છે.સાંસદે રજૂ કરેલા મુદ્દાઓ ને હું સમર્થન આપું છું.હેલિપેડ પર આ વાત થઈ હતી. કાર્યપાલક ઈજનેર મારફત મને આ વાત જાણવા મળી હતી.આ મુદ્દે ડેડીયાપાડા ધારાસભ્ય એ જે આવેદનપત્ર આપ્યું છે એની મેં તપાસ પણ સોંપી દીધી છે.કલેક્ટર ચેમ્બર માં વાત થઈ હતી એ વાત ખોટી હોવાનું અને કેવડિયા હેલિપેડ પર વાત થઈ હતી એ વાતને કલેકટરે સ્વીકારી હતી અને સાંસદ ની વાત નું સમર્થન કર્યું હતું.ધારાસભ્ય એ સીધી મારી સાથે વાત નથી કરી પણ કાર્યપાલક ઈજનેર અને કોન્ટ્રાકટ રો મારફત ધારાસભ્ય એ રૂપિયા ની માંગણીકરી હતી એ વાતનો પણ કલેક્ટરે ખુલાસો કર્યો હતો.અને જણાવ્યું હતું કેકાર્યપાલક ઈજનેર રજા ઉપર ઉતરી ગયા છે.

એ હાજર થાય એટલે એમની પાસેથી આધાર પુરાવા માંગ્યા છે એ પુરાવા આપ્યેથી હું કડક પગલાં લઈશ એવી બાંહેધરી પણ કલેકટરે સાંસદ ને આપી હતી. "જો કે બેઠક પૂર્ણ થયા બાદ જિલ્લા કલેક્ટર સંજય મોદી તમામ સાથે વાતચીત થયા પછી પોતાની ઓફિસમાંથી બહાર નીકળી ગયા. અને મીડિયા સાથે વાત કરવાનું ટાળ્યું હતું, જેના કારણે સમગ્ર મામલો વધુ ચર્ચાસ્પદ બન્યો છે. આ ઘટનાને પગલે કલેકટર અને માર્ગ મકાન કાર્યપાલક ઈજનેર સતીશ મોદી રજા ઉપરી જતા હવે નર્મદા જિલ્લામાં આ મુદ્દે રાજકીય હલચલ તેજ બની છે અને આગળ શું પગલાં લેવાશે તે તરફ તમામની નજર ટકી છે.સામે ચૈતર વસાવા નું સ્ટેન્ડ કેવું રહેશે એ પણ હવે જોવું રહ્યું.

ગાંધીનગરના બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા

# સુઘડની બાલાજી અગોરામાં મકાનની સ્લાઈડર બારીથી પ્રવેશી 1.07 લાખની ચોરીને અંજામ આપ્યો

**પોલીસને પડકાર** હવે સોસાયટીઓમાં પણ નાઈટ પેટ્રોલિંગ વધારવાની માંગ ઉઠી




• ગાંધીનગર

ગાાંધીનગરમાંવાહનચોરીના બનાવોની વચ્ચે શિયાળાની ફુલ ગુલાબી ઠંડી શરૂ થતા રાત્રિના સમયે બંધ મકાનોને નિશાન બનાવતી તસ્કર ટોળકીએ સુઘડની 'બાલાજી અગોરા' વસાહતમાં ત્રાટકીને રૂ . 1.07 લાખના મુદ્દામાલ ચોરીને અંજામ આપ્યો છે. આ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી તપાસ કરતા પરિવાર ગોવા ફરવા ગયો હતો તે દરમિયાન તસ્કરોએ ગેલેરીના સ્લાઈડર તોડી ઘરમાં પ્રવેશ કરી ચોરીને અંજામ આપ્યો હોવાનું બહાર આવ્યું છે. શિયાળાની રાત્રિનો લાભ ઉઠાવી તસ્કર ટોળકીઓએ તરખાટ મચાવવાનું શરૂ કર્યું છે. સુઘડ વિસ્તારની બાલાજી અગોરા વસાહતમાં ત્રાટકી ગોવા પ્રવાસે ગયેલા એક પરિવારના બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો આશરે 1.07 લાખની રોકડ અને દાગીનાની ચોરી કરી રફુચક્કર થઈ ગયા ની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. ગાંધીનગરના સુઘડની બાલાજી અગોરામાં રહેતા રૂબીબેન ધર્મેન્દ્રસિંહ રાજપૂતનો પરિવાર ગત 12 ડિસેમ્બરના રોજ ગોવા ફરવા ગયો હતો. તેમના પતિ કચ્છમાં નોકરી કરે છે અને પુત્ર-પુત્રી બહાર રહેતા હોવાથી મકાન બંધ હતું. ગત તા.23ડિસેમ્બરના રોજ જ્યારે પરિવાર પરત ફર્યો અને ઘરમાં તપાસ કરી તો કબાટના લોકર તૂટેલી હાલતમાં જોવા મળ્યા હતા. તસ્કરોએ કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ 1.07 લાખની મત્તા પર હાથ સાફ કર્યો હતો. આ બનાવની જાણ થતા અડાલજ પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસે આ મામલે તપાસ કરતા તસ્કરોએ મકાનની રેકી કરી હોવાનું સામે આવ્યું છે. તસ્કરોએ મુખ્ય દરવાજાને બદલે ગેલેરીના સ્લાઈડરને નિશાન બનાવ્યા હતા. તસ્કરોએ પહેલા ગેલેરીની મચ્છરદાની કાપી નાખી હતી અને ત્યારબાદ સ્લાઈડર બારી તોડીને અંદર પ્રવેશ્યા હતા. ઘરમાં ઘૂસ્યા બાદ તસ્કરોએ કબાટના લોકર તોડીને તેમાં રાખેલા કિંમતી ઘરેણાં અને રોકડ રકમની ચોરી કરી હતી. પોલીસે એફએસએલ અને ડોગ સ્ક્વોડની મદદ લઈને તસ્કરોના સગડ મેળવવાની તજવીજ હાથ ધરી છે. ત્યારે શિયાળાની ઠંડીમાં વધતા જતા ચોરીના બનાવોને પગલે હવે સોસાયટીઓમાં પણ નાઈટ પેટ્રોલિંગ વધારવાની માંગ ઉઠી છે.

# દહેગામના નાંદોલ રોડ પર BMW કારમાંથી ચાઈનીઝ દોરીનાં જથ્થા સાથે એક ઝડપાયો

### રૂ. 12,000ની કિં.નાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના 30 નંગ રીલ મળી

ગાંધીનગર જીલ્લાના દહેગામ તાલુકાના નાંદોલ રોડ પર લક્ષ્મીપુરા નજીકથી દહેગામ પોલીસની ટીમે પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે બીએમડબલ્યુ કારમાં લઈ જવાતી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના જથ્થા સાથે કારચાલકની ધરપકડ કરી તેના વિરુદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. દહેગામનાપીઆઈએમ.એન.દેસાઈના માર્ગદર્શન હેઠળ દહેગામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરી ઝડપી લેવા માટે સર્વેલન્સ સ્ક્વોર્ડની ટીમના ઘનશ્યામસિંહ, મોહનભાઈ સચિનકુમાર, સોહિલસિંહ અનિલભાઈ, વેશીભાઈ પ્રકાશકુમાર તેમજ પિયુષકુમાર સહિતની ટીમ ખાનગી વાહનો દ્વારા પેટ્રોલિંગ કરી રહી હતી તે સમયે સ્ટાફનાં અનિલભાઈ તથા વેશીભાઈને સંયુક્ત રીતે ખાનગી બાતમી મળી હતી કે એક કારમાં એક શખ્સ ચાઈનીઝ દોરીનો જથ્થો લઈ હાલીસા ગામ તરફથી દહેગામ આવનાર છે જે આધારે પોલીસે નાંદોલ



રોડપર લક્ષ્મીપુરાપાસે વોચ ગોઠવી હતી દરમિયાન બાતમી વાળા નંબરની કાર આવતા પોલીસે તપાસ કરતા ડેકીમાંથી રૂ. 12,000ની કિં.નાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના 30 નંગ રીલ મળી આવતા પોલીસે કારચાલક રાજકુમાર રાવજીભાઈ પગી (દેવીપૂજક) (રહે. પાલૈયા ગામ, દેવીપૂજક વાસ) ને ઝડપી લઈ તેના વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# અમદાવાદમાં શોપિંગ ફેસ્ટિવલનો ફિયાસ્કો, 6માંથી 3 જગ્યાએ કોઈ નવી બજાર ઊભી કરાઈ નથી

• અમદાવાદ

દેશ અને દુનિયાના સૌથી લાંબા શોપિંગ ફેસ્ટિવલ તરીકે જેને દર્શાવાઈ રહ્યો છે, તેવા અમદાવાદના શોપિંગ ફેસ્ટિવલના નામે જાણે કે ધુપ્પલ ચાલતું હોય તેવું ચિત્ર સામે આવ્યું છે. 6 ડિસ્ટ્રિક્ટ અને 20થી વધુ શોપિંગ હોટસ્પોટ ઉભા કરી નાના વેપારીઓ માટે રોજગારીનો નવો મંચ ઉભો કર્યો હોવાના દાવા કરાય છે. જ્યારે વાસ્તવમાં ફેસ્ટિવલના નામે ત્રણ જ જગ્યા પર 150થી 200 સ્ટોલ ભાડે આપી વિશેષ બજાર ઉભા કરાયા છે. જ્યારે કાંકરિયા, માણેકચોક, રતનપોળ, સીજી રોડ અને લો ગાર્ડનમાં પહેલેથી ચાલતી દુકાનોને જ મ્યુનિ.એ શોપિંગ ફેસ્ટિવલનો ભાગ ગણાવી દીધી છે. વોકલ ફોર લોકલ તેમજ શોપ લોકલના નારા સાથે શરૂ કરાયેલા અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલમાં વિદેશી બ્રાન્ડ ધરાવતા શોપિંગ મોલને તંત્ર ખરીદીના હોટસ્પોટ ગણાવી રહ્યું છે! આ ફેસ્ટિવલ થકી રાજ્યભરના નાના વેપારીઓ, હસ્તકલાના કારીગરોને રોજગારીનું માધ્યમ પૂરું પાડવાની વાતો કરી મ્યુનિ. હવાઈ કિલ્લા બાંધી રહ્યું છે. ફેસ્ટિવલમાં શોપિંગ માટે 6 ડિસ્ટ્રિક્ટ અને 20 હોટસ્પોટ તૈયાર કરાયા હોવાના બણગાં ફૂંકાઈ રહ્યા છે. જ્યારે હકીકતમાં 6માંથી નિકોલ, એસબીઆર રોડ અને વસ્ત્રાપુર એમ માત્ર 3 જગ્યા પર હસ્તકલાના કારીગરો, બહારગામના નાના વેપારીઓને 150થી 200 સ્ટોલ ભાડે અપાયા છે. જ્યારે કાંકરિયા, રામબાગ રોડ, લો ગાર્ડન પર તો જૂની દુકાનોને જ ફેસ્ટિવલનો ભાગ ગણાવી દીધી છે. તેમજ શોપિંગ ફેસ્ટિવલના સ્થળે યોજાતા ગીત-સંગીત વગેરેના કાર્યક્રમોમાં પણ નવા અને ઉભરાત કલાકારોને નામ માત્રની તક અપાઈ છે. શોપિંગ ડેસ્ટિનેશનના નામે જૂની બજારોમાં ફક્ત લાઈટ લગાવી તંત્રએ ઉત્સવ મનાવી લીધો છે. ઉપરાંત વર્ષોથી ચાલતી 8500 જેટલી દુકાનોને ફેસ્ટિવલમાં સમાવી હવે તેમાં થયેલા વેચાણને તંત્ર શોપિંગ ફેસ્ટિવલની સફળતા ગણાવશે.

# ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-2ના અધિકારીઓની વ્યાપક બદલી

• ગાંધીનગર

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યભરમાં ગુજરાત એજ્યુકેશન સર્વિસ (GES) ક્લાસ-2ના અધિકારીઓની મહત્વપૂર્ણ બદલીનો હુકમ બહાર પાડવામાં આવ્યો છે. 26 ડિસેમ્બર 2025ના રોજ જાહેર થયેલા આ આદેશ મુજબ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે કાર્યરત અનેક આચાર્યો, અધિકારીઓ અને નિરીક્ષકોને નવા જિલ્લામાં નિમણૂંક આપવામાં આવી છે.શિક્ષણ વિભાગ દ્વારા જારી કરાયેલા આ ટ્રાન્સફર ઓર્ડરમાં અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર સહિતના જિલ્લાઓને આવરી લેવામાં આવ્યા છે. વહીવટી સુવ્યવસ્થા અને શિક્ષણની ગુણવત્તામાં વધુ સુધારાના હેતુથી આ બદલી કરવામાં આવી હોવાનું વિભાગીય સૂત્રો જણાવે છે.આદેશ અનુસાર કેટલાક અધિકારીઓને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, કેટલાકને સરકારી માધ્યમિક શાળાઓ અને RMSA હેઠળની શાળાઓમાં નવી જવાબદારી સોંપવામાં આવી છે. આ બદલી તાત્કાલિક અમલમાં મૂકવાની સૂચના આપવામાં આવી છે.શિક્ષણ વિભાગે સ્પષ્ટતા કરી છે કે, આ બદલી સંપૂર્ણપણે વહીવટી હિત અને શૈક્ષણિક વ્યવસ્થાના મજબૂતીકરણ માટે કરવામાં આવી છે. આગામી દિવસોમાં નવા અધિકારીઓની નિમણૂંકથી શિક્ષણ કામગીરી વધુ સક્રિય બનશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ગાંધીનગરમાં ભાજપ સંગઠનની કસરત શરૂ

# જગદીશભાઈ વિશ્વકર્માના નિવાસે બેઠકોનો દોર, મહામંત્રી-ઉપપ્રમુખ સહિત તમામ પદો પર 'ફાઈનલ ઓપ'

• ગાંધીનગર

ગાંધીનગરમાં ભાજપ સંગઠનની મહત્વની પ્રક્રિયા તેજ બની છે. જિલ્લા અને મહાનગરના પ્રભારી તેમજ પ્રમુખોને એક પછી એક ગાંધીનગર બોલાવવામાં આવી રહ્યા છે. પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માના નિવાસસ્થાને સતત બેઠકો યોજાઈ રહી છે. જેમાં જિલ્લા અને મહાનગર ભાજપ સંગઠનની નવી રચના અંગે ચર્ચા થઈ રહી છે. આ બેઠકો દરમિયાન ભાજપની સંગઠનાત્મક ગાઈડલાઈન સ્પષ્ટ રીતે આપવામાં આવી છે. જેમાં મહત્વની શરત તરીકે બે વખત મહામંત્રી પદે રહી ચૂકેલા અગ્રણીને ત્રીજી ટર્મ આપવામાં નહીં આવે



તેવો સ્પષ્ટ નિર્ણય લેવામાં આવ્યો છે. સાથે જ, તમામ નિયુક્તિમાં સર્વ સમાજને યોગ્ય પ્રતિનિધિત્વ મળે તે માટે ખાસ ધ્યાન રાખવાની સૂચના આપવામાં આવી છે. સંગઠનમાં મહામંત્રી અને ઉપપ્રમુખ પદોની પસંદગી અંગે આખરી ઓપ આપવામાં આવ્યો છે. ઉપરાંત વિવિધ મોરચાઓના પ્રમુખોની પસંદગી પર પણ અંતિમ મંજૂરી આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.આ સમગ્ર પ્રક્રિયાથી ભાજપ સંગઠનમાં નવા નેતૃત્વને તક મળશે અને સંગઠન વધુ મજબૂત બનશે તેવી ચર્ચા રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે. આગામી દિવસોમાં જિલ્લા અને મહાનગર સ્તરે નવી જાહેરાતો થવાની સંભાવના છે, જેના પર તમામની નજર ટકી છે.

### ક્રૂડ તેલ વાયદામાં સેંકડા વધ્યા

# સોના વાયદામાં રૂ.3,576 અને ચાંદી વાયદામાં રૂ.20,225નો સાપ્તાહિક ધોરણે જંગી ઉછાળો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.370942.83 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.3685177.27 કરોડનું ટર્નઓવરઃ




મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર 19થી 24 ડિસેમ્બરના સપ્તાહ દરમિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.4056267.64 કરોડનું સાપ્તાહિક ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.370942.83 કરોડનાં કામકાજ થયાં હતાં, જ્યારે કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.3685177.27 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જાન્યુઆરી વાયદો 34492 પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં સાપ્તાહિક ધોરણે કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.35387.2 કરોડનું થયું હતું. સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 295057.43 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે 10 ગ્રામદીઠ રૂ.134021ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.138676ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.133555ના સ્તરને સ્પર્શી, રૂ.134521ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.3576ના ઉછાળા સાથે રૂ.138097ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી વાયદો સપ્તાહના અંતે 8 ગ્રામદીઠ રૂ.3000ની તેજી સાથે રૂ.112051ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ જાન્યુઆરી વાયદો સપ્તાહના અંતે 1 ગ્રામદીઠ રૂ.357ની વૃદ્ધિ સાથે રૂ.13986 થયો હતો.

સોનું-મિની જાન્યુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.3420 ઊછળી રૂ.136104ના ભાવે સપ્તાહના અંતે બંધ થયો હતો. ગોલ્ડ-ટેન જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે 10 ગ્રામદીઠ રૂ.134445ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.139993ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.134120ના સ્તરને સ્પર્શી, રૂ.134803ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.3640 ઊછળી રૂ.138443ના ભાવે બોલાયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.202899ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.224430ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.202656ના મથાળે અથડાઈ, રૂ.203565ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.20225ના જંગી ઉછાળા સાથે રૂ.223790ના ભાવે બંધ થયો હતો. સપ્તાહના અંતે કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.20046ની તેજી સાથે રૂ.224310ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.20044ની તેજી સાથે રૂ.224313ના સ્તરે સપ્તાહના અંતે પહોંચ્યો હતો.

# પંચમહાલમાં ખનીજ માફિયાઓ દ્વારા અધિકારીઓની ગાડીઓની રેકી

### ઓડિયો મેસેજ વાયરલ, પ્રાંત અધિકારીએ કાર્યવાહીની ખાતરી આપી

• ગોધરા

પંચમહાલ જિલ્લામાં ખનીજ માફિયાઓ ફરી સક્રિય બન્યા છે. સરકારી અધિકારીઓની ગાડીઓની રેકી કરતા ઓડિયો મેસેજ સામે આવતા ખળભળાટ મચી ગયો છે. આ મામલે ગોધરા પ્રાંત અધિકારીએ આવા તત્વો સામે કડક કાર્યવાહી કરવાની ખાતરી આપી છે.

જિલ્લામાં ખનીજ ચોરી અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંકળાયેલા માફિયાઓ ફરી સક્રિય થયા છે. તેઓ સરકારી અધિકારીઓની હલચલ પર નજર રાખવા માટે એક રેકી નેટવર્ક ચલાવી રહ્યા છે. આ નેટવર્કના ઓડિયો મેસેજ અને વોટ્સએપ ગ્રુપ સામે આવતા વહીવટી તંત્રમાં ખળભળાટ મચી ગયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, જિલ્લાના સરકારી અધિકારીઓની ગાડીઓ ઓફિસમાંથી નીકળતા જ તેમની જાસૂસી શરૂ થઈ જાય છે. અધિકારીઓ કયા રૂટ પર જાય છે, કયા વિસ્તારમાં પહોંચે છે અને ક્યાં કેટલો સમય રોકાય છે, તેની સંપૂર્ણ માહિતી ખનીજ માફિયાઓના વોટ્સએપ ગ્રુપમાં ઓડિયો મેસેજ દ્વારા શેર કરવામાં આવે છે.

ખાસ કરીને ગોધરા અને કાલોલના વિવિધ લોકેશન અંગેની માહિતી નિયમિતપણે આ ગ્રુપમાં મૂકવામાં આવે છે.

અધિકારીઓ અચાનક ચેકિંગ કે કાર્યવાહી માટે ન પહોંચી જાય તે માટે રેકી કરનારા ઈસમો દ્વારા પહેલેથી જ એલર્ટ આપી દેવામાં આવે છે. આના પુરાવા રૂપે અનેક ઓડિયો ક્લિપ્સ અને સંબંધિત વોટ્સએપ ગ્રુપ સામે આવ્યા છે.

અધિકારીઓના લોકેશન જાહેર થતાં જ ખનીજ ચોરી અને અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંકળાયેલા ઈસમો સચેત થઈ જાય છે. પરિણામે, સરકારી કાર્યવાહી પહેલાં જ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ બંધ કરી દેવાય છે અથવા સ્થળ ખાલી કરી દેવામાં આવે છે. આનાથી સરકારી કામગીરી પર ગંભીર અસર પડી રહી છે.

સ્થાનિક સ્તરે આ મામલો માત્ર ખનીજ ચોરી પૂરતો સીમિત નથી, પરંતુ કાયદો અને વ્યવસ્થા માટે સીધો પડકાર બની રહ્યો છે. અધિકારીઓની સુરક્ષા અને વહીવટી કામગીરીની ગોપનીયતા પર પણ પ્રશ્નાર્થ ઊભો થયો છે.

હવે મુખ્ય પ્રશ્ન એ છે કે, સામે આવેલા ઓડિયો ક્લિપ્સ અને વોટ્સએપ ગ્રુપના આધારે વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા ખનીજ માફિયાઓ સામે ક્યારે અને કેવી કડક કાર્યવાહી કરવામાં આવશે. જિલ્લાવાસીઓની નજર હવે તંત્રના આગામી પગલાં પર ટકેલી છે.

આ અંગે ગોધરા પ્રાંત અધિકારી એન.બી. મોદીએ જણાવ્યું કે, આ સમગ્ર મામલે તપાસ કરવામાં આવશે. કસૂરવારો સામે સાયબર ક્રાઈમ હેઠળ ફરિયાદ પણ નોંધાવવામાં આવશે.

# હાલોલમાં VHP-બજરંગદળનું ઉગ્ર પ્રદર્શનઃ બાંગ્લાદેશમાં હિંદુઓ પર અત્યાચાર સામે કાર્યવાહીની માંગ

• હાલોલ



પંચમહાલના હાલોલ શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ (VHP) અને બજરંગદળ દ્વારા બાંગ્લાદેશમાં હિંદુઓ પર કથિત અત્યાચારના વિરોધમાં ઉગ્ર પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યકરોએ બાંગ્લાદેશની અંતરિમ સરકારના વડા મોહમ્મદ યુનુસનું પ્રતિકાત્મક પૂતળું સળગાવી ભારત સરકારને કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

શહેરના એસટી ડેપો નજીક આવેલી પોલીસ ચોકી સામે મોટી સંખ્યામાં કાર્યકરો એકત્ર થયા હતા. તેમણે બાંગ્લાદેશમાં હિંદુ સમુદાય પર થઈ રહેલા હુમલાઓ સામે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. પ્રદર્શનકારીઓએ આક્ષેપ કર્યો હતો કે બાંગ્લાદેશમાં રાજકીય અસ્થિરતાના માહોલ વચ્ચે હિંદુ સમુદાયને નિશાન બનાવવામાં આવી રહ્યો છે. તેમના જણાવ્યા અનુસાર, મંદિરો, હિંદુઓના ઘરો અને દુકાનો પર હુમલાઓ થઈ રહ્યા છે, છતાં સ્થાનિક સરકાર દ્વારા તેમને પૂરતી સુરક્ષા પૂરી પાડવામાં આવતી નથી.

વિરોધ પ્રદર્શન દરમિયાન કાર્યકરોએ બાંગ્લાદેશની અંતરિમ સરકાર સામે ઉગ્ર નારેબાજી કરી હતી. તેમણે ભારત સરકારને હિંદુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તાત્કાલિક અને કડક પગલાં લેવા વિનંતી કરી હતી. કાર્યકરોએ ચેતવણી આપી હતી કે જો બાંગ્લાદેશમાં હિંદુઓ પર થતા હુમલાઓ બંધ નહીં થાય, તો આગામી દિવસોમાં વધુ મોટા આંદોલનો કરવામાં આવશે.

આ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને પોલીસ તંત્ર દ્વારા કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસ સતત પરિસ્થિતિ પર નજર રાખી રહી હતી. સમગ્ર વિરોધ પ્રદર્શન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું હતું.

# ગોધરાનું સેન્ટ્રલ મેથોડિસ્ટ ચર્ચ નાતાલ માટે શણગારાયું : ઉજવણીનો માહોલ

• ગોધરા

દેશભરમાં ખ્રિસ્તી સમુદાયનો સૌથી મોટો પર્વ નાતાલ ઉત્સાહભેર ઉજવાઈ રહ્યો છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તના જન્મોત્સવ નિમિત્તે ગોધરા સહિતના શહેરોમાં ચર્ચને રોશનીથી શણગારવામાં આવ્યા છે. ગોધરા શહેરના મધ્યમાં આવેલા સેન્ટ્રલ મેથોડિસ્ટ ચર્ચને પણ નાતાલ અને નવા વર્ષની ઉજવણીના ભાગરૂપે ભવ્ય રીતે સજાવવામાં આવ્યું છે.

સેન્ટ્રલ મેથોડિસ્ટ ચર્ચને સમાજસેવાના પ્રમુખ અર્પિત પી. રાઠોડ અને તેમની સમિતિ દ્વારા રોશનીથી ઝગમગતું કરવામાં આવ્યું છે. આ શણગાર જોવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

ગોધરા સહિત સમગ્ર જિલ્લામાં નાતાલની ઉજવણીનો માહોલ જોવા મળ્યો હતો. ક્રિસમસ નિમિત્તે અનેક સ્થળોએ રોશનીથી શણગાર કરવામાં આવ્યો છે, જેના કારણે શહેરોની સુંદરતામાં વધારો થયો છે. ચર્ચ અને બજારો પણ શણગારેલા જોવા મળ્યા હતા.



## રાશીફળ (તા.27-12-2025)

**મેષ (અ.લ.ઈ)** આજનો દિવસ આનંદ અને સફળતા લાવનાર રહેશે. પ્રભાવશાળી લોકો સાથેની ચર્ચા ખૂબ જ સકારાત્મક રહેશે. કોઈ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે ભાઈઓનું પણ પૂરું સહકાર મળશે.

**વૃષભ (બ.વ.ઉ)** વૃષભ રાશિના લોકોને સમય પ્રમાણે પોતાના વર્તનમાં બદલાવ લાવવો જરૂરી છે. બાળકો સાથે વર્તન કરતી વખતે તેમના દ્રષ્ટિકોણથી વિચારવું યોગ્ય રહેશે.

**મિથુન (ક.છ.ઘ)** મિથુન રાશિના જાતકો માટે આજનો દિવસ સારો રહેશે. કોઈ ખાસ વ્યક્તિ સાથે મુલાકાત થઈ શકે છે. જીવનમાં કેટલાક સકારાત્મક બદલાવ આવશે.

**કર્ક (ડ.હ)** કર્ક રાશિના લોકો માટે આજે વ્યવસાયમાં લાભના અવસર મળશે. પૈસા સંબંધિત કામોમાં પણ પ્રગતિ થશે. લાંબા સમય સુધી બેસીને કામ કરનારાએ પોતાની પોઝિશન સુધારવાની જરૂર છે.

**સિંહ (મ.ટ)** સિંહ રાશિના લોકો માટે આજનો દિવસ મિશ્રિત રહેશે. જીવનસાથી સાથે કોઈ મતભેદ થઈ શકે. ભૂતકાળની ભૂલોમાંથી શીખીને તમે તમારી કાર્યપદ્ધતિમાં બદલાવ લાવશો, જે ખૂબ જ લાભદાયક રહેશે.

**કન્યા (પ.ઠ.ણ)** કન્યા રાશિના લોકો માટે આજનો દિવસ ખૂબ સારો રહેશે. જીવનસાથી તરફથી સહકાર મળશે. ઘરમાં સભ્યો વચ્ચે પ્રેમપૂર્ણ વાતાવરણ રહેશે. કોઈ મિત્રની મુલાકાતથી જૂની યાદો તાજી થશે.

**તુલા (ર.ત)** તુલા રાશિના લોકો માટે આજનો દિવસ ખુશીઓથી ભરેલો રહેશે. તમને તમારી અટકેલી રકમ મળી શકે છે. નોકરીમાં તમારા ઉત્તમ કાર્યની પ્રશંસા થશે અને પ્રમોશન સંબંધિત શુભ સમાચાર મળી શકે છે.

**વૃશ્ચિક (ન.ય)** વૃશ્ચિક રાશિના લોકોને આજનો દિવસ મુશ્કેલીઓથી ભરેલો રહેશે. સહકર્મચારીઓ સાથે વિવાદ થઈ શકે છે. કામમાં નેતૃત્વ, આયોજન અને ઝડપી નિર્ણય લેવાની જરૂર પડશે.

**ધન (ભ.ધ.ફ.ઢ)** ધનુ રાશિના લોકો માટે આજનો દિવસ પડકારોથી ભરેલો રહેશે. તમે તમારી આર્થિક સ્થિતિ મજબૂત કરવા વધુ મહેનત કરશો. જીવનસાથી તમારી કોઈ કડક વાતને ગેરસમજી શકે છે, એટલે સંવાદ શાંત રાખો.

**મકર (ખ.જ)** આજનો દિવસ મકર રાશિના લોકો માટે સારો રહેશે. જીવનસાથી સાથે ફરવા જઈ શકો અને એકબીજા સાથે સારો સમય વિતશો.


**કુંભ (ગ.શ.સ.ષ)** આજના દિવસે તમે કોઈ મુસાફરી અથવા પ્રવાસ પર જઈ શકો છો. દાંપત્ય જીવન સારું રહેશે. કામમાં સફળતા મળશે.

**મીન (દ.ચ.ઝ.થ)** મીન રાશિના લોકોને આજે આનંદ મળશે. કોઈ સામાજિક કાર્યક્રમમાં જીવનસાથી સાથે સમજણ અને નજીકીઓ વધશે.

# એક સ્ટ્રોંગ સ્ત્રી એ નથી જે હંમેશા ‘જીતે‘ છે. પરંતુ એ છે જે ‘હાર્યા‘ પછી પણ મેદાન છોડતી નથી.

• દર્શના પટેલ નેશનલ મેડાલિસ્ટ

આજના આધુનિક યુગમાં 'મહિલા સશક્તિકરણ' વિશે ઘણી વાતો થાય છે, પરંતુ સાચું સશક્તિકરણ બહારના દેખાવમાં નહીં, પણ સ્ત્રીના આંતરિક માઈન્ડસેટમાં રહેલું છે. સ્ત્રી હોવું એટલે માત્ર જવાબદારીઓ નિભાવવી એવું નથી, પણ પોતાની એક એવી ઓળખ ઊભી કરવી છે કે જેની હાજરીથી વાતાવરણમાં હકારાત્મક પરિવર્તન આવે. એક સ્ટ્રોંગ સ્ત્રી એ નથી જે રડતી નથી, પણ એ છે જે મન ભરીને રડી લીધા પછી આંસુ લૂછીને ફરીથી ઉભી થાય છે. તે પોતાની ભૂલોને છુપાવવાને બદલે તેને સ્વીકારે છે અને તેમાંથી શીખીને આગળ વધી છે.મૌનનું સામર્થ્ય તે જાણે છે કે ક્યારે અવાજ ઉઠાવવો અને ક્યારે શાંત રહીને પોતાના પરિણામોથી દુનિયાને જવાબ આપવો. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ (અદમ્ય સાહસનું પ્રતીક)જ્યારે આપણે મજબૂત સ્ત્રીની વાત કરીએ ત્યારે રાણી લક્ષ્મીબાઈનું નામ અચૂક લેવું પડે. જે પોતાની છેલ્લી ક્ષણ સુધી હક માટે લડે. ‘હું મારી ઝાંસી નહીં આપું‘ આ વાક્ય માત્ર શબ્દો નહોતા, પણ એક સ્ત્રીનો પોતાના આત્મસન્માન અને માતૃભૂમિ પ્રત્યેનો મક્કમ સંકલ્પ હતો. તેમણે સાબિત કર્યું કે સ્ત્રી ધારણ કરે તો કોમળતા અને રૌદ્ર સ્વરૂપ બંને ને એકસાથે સાધી શકે છે. સુધા મૂર્તિ (સાદગી અને જ્ઞાનનો સંગમ)તેમની મજબૂતી તેમની સાદગીમાં છે. અબજોપતિ હોવા છતાં તેમના વિચારો અને મૂલ્યો પ્રત્યેની તેમની મક્કમતા દરેક સ્ત્રી માટે આદર્શ છે. તેમણે શીખવ્યું કે સાચી સુંદરતા તમારા જ્ઞાન અને વિનમ્રતામાં છે.કિરણ બેદી (નિડરતાનું નામ)ભારતના પ્રથમ મહિલા IPS અધિકારી તરીકે તેમણે સાબિત કર્યું કે સ્ત્રી જો ધારે તો પુરુષપ્રધાન વ્યવસ્થામાં પણ પોતાની મજબૂત ઓળખ બનાવી શકે છે. મેકઅપથી પણ વધુ પ્રભાવશાળી બાહ્ય સુંદરતા સમય જતાં કરમાઈ જાય છે, પરંતુ તમારો 'માઈન્ડસેટ' કાયમી છે. ફેશન અને આધુનિકતા જરૂરી છે, પણ તે તમારા લક્ષ્યો (Focus) આડે ન આવવી જોઈએ. એક શક્તિશાળી સ્ત્રી ક્યારેય પોતાને ઓછી આંકતી નથી તે જાણે છે કે તે પોતે એક 'પાવર' (શક્તિ) છે.જે સ્ત્રી પોતાની જાતને પ્રેમ કરે છે, તે જ આખી દુનિયાને સંભાળવાની શક્તિ ધરાવે છે. પોતાનાજીવનની 'Queen' બનો, કોઈની 'Slave' (ગુલામ) નહીં. આર્થિક રીતે સધ્ધર થવું અને પોતાના નિર્ણયો જાતે લેવાની હિંમત કેળવવી એ જ સાચી આઝાદી છે.



(Powerful Quotes) ‘મેકઅપથી નહીં, માઈન્ડસેટથી ચમકો. કારણ કે સુંદર ચહેરો તો બધે મળશે, પણ સુંદર વ્યક્તિત્વ ક્યાંક જ મળશે. ‘‘સ્ત્રીની શક્તિ તેના હાથના સ્નાયુઓમાં નહીં, પણ તેના મનની મક્કમતામાં હોય છે જેમ ઝાંસીની રાણીએ સાબિત કર્યું!એવી સ્ત્રી બનો જેની હાજરીથી ફરક પડે, અને જેની ગેરહાજરીમાં દુનિયા તેને યાદ કરે. ‘એક સ્ટ્રોંગ સ્ત્રી બનવા માટે તમારે કોઈની નકલ કરવાની જરૂર નથી. બસ, એટલા સમર્થ બનો કે તમે મુશ્કેલીમાં પણ હસી શકો અને નવેસરથી શરૂઆત કરી શકો. જ્યારે તમે તમારી જાતનું સન્માન કરશો, ત્યારે જ આખી દુનિયા તમારું સન્માન કરશે. આજનો યુગ ટેકનોલોજી અને ગતિનો છે, જ્યાં સ્ત્રીઓ દરેક ક્ષેત્રમાં ડંકો વગાડી રહી છે. પરંતુ આ દોડધામમાં આધુનિક સ્ત્રીએ આ સત્ય ક્યારેય ન ભૂલવું જોઈએ દુનિયાને દેખાડવા માટે નહીં, પણ પોતાની નજરમાં ઊંચા ઉઠવા માટે જીવો. ‘ના‘ કહેતા શીખો (Power of No)એક આધુનિક સ્ત્રી તરીકે તમારે બધું જ પરફેક્ટ કરવાની જરૂર નથી. જો કોઈ બાબત તમારા સ્વાભિમાન કે માનસિક શાંતિને હણતી હોય, તો ત્યાં મક્કમતાથી ‘ના‘ કહેવું એ તમારી નબળાઈ નહીં પણ તમારી સૌથી મોટી તાકાત છે.ભીડનો હિસ્સો નહીં, ભીડનું કારણ બનો દુનિયા જે રસ્તે જાય છે તે રસ્તે ચાલવાને બદલે પોતાનો નવો રસ્તો કંડારો. કોઈની 'કોપી' બનવા કરતા 'ઓરિજિનલ' રહેવું વધુ ગૌરવપૂર્ણ છે. ફેશન ભલે આધુનિક હોય, પણ તમારા વિચારોમાં ભારતીય સંસ્કારોની મજબૂતી હોવી જોઈએ. ગમે તેટલી સુખ-સાહ્યબી હોય, પણ પોતાની કમાણી અને પોતાના પગ પર ઊભા રહેવું એ આજના સમયની સૌથી મોટી જરૂરિયાત છે. જ્યારે તમારી પાસે તમારી પોતાની ઓળખ હશે, ત્યારે દુનિયા તમને સાંભળવા માટે મજબૂર થશે. ‘એક એવી સ્ત્રી બનો કે જ્યારે તમારા પગ જમીન પર પડે, ત્યારે મુશ્કેલીઓ પણ એમ વિચારે કે... 'અરે બાપ રે! આ ફરીથી આવી ગઈ!' તમે કોઈના માટે વિકલ્પ (Option) નહીં, પણ અનિવાર્યતા (Necessity) બનો. ‘પાંખો તો પક્ષીઓને પણ હોય છે, પણ આકાશ એનું જ હોય છે જે ઉડવાની હિંમત અને પડવાની તૈયારી રાખે છે.‘



# 75 લાખની માંગણી મુદ્દે ફરી એક વાર સાંસદ મનસુખ વસાવા અને ચૈતર વસાવા સામ સામે

## કલેક્ટર ના યું ટર્ન બાદ તરત જ ચૈતર વસાવાએ પત્રકાર પરિષદ બોલાવી

• દીપક જગતાપ, રાજપીપલા

એ 75 લાખની માંગણી મુદ્દે ફરી એક વાર સાંસદ મનસુખ વસાવા અને ચૈતર વસાવા આમને સામને આવ્યા હતાં સાંસદ મનસુખ વસાવાની કલેક્ટર ની મુલાકાતમાં કલેકટર યુટર્ન માં ચૈતર વસાવા એ મારી ચેમ્બરમાં નહીં પણ હેલિપેડ કેવડિયા ખાતે અધિકારીની હાજરી માં 75 લાખ રૂપિયાની માંગણી ચૈતર વસાવાએ કરી હોવાની મીડિયા સમક્ષ કબૂલાત કરતાં સાંસદ મનસુખ વસાવા પોતે સાચા છે અને ચૈતર વસાવા ખોટા છે એવું સાબિત કરતાં ગણતરીના કલાકો પછી આજે ધારાસભ્ય ચૈતર વસાવાએ તરતજ સર્કિટ હાઉસ રાજપીપલા ખાતે પત્રકાર પરિષદ બોલાવી ચોકાવનારી હકીકત જણાવતા પુનઃરાજકીય ભૂકંપ સર્જાતા ભરૂચ નર્મદાના રાજકારણ માં ખળ ભળાટ મચી ગયો હતો.ચૈતર વસાવા એ જણાવ્યું હતું કેકલેકટર પર દબાણ કરવામાં આવ્યું, છે માટે કલેક્ટરે પોતાની વાત ફેરવી તોડવી પડી સરકારે ઉપરથી કલેકટરને કહ્યું કે "સત્તા સામે શાણપણ સારું ન લાગે, અમે કહીશું તેમ આવતીકાલે બોલજો"અમને મળતી માહિતી અનુસાર કલેક્ટરને ED સુધીની ધમકી આપવામાં આવીછેમનસુખભાઈ મારા પર જે 75 લાખનો આરોપ લગાવ્યો હતો તેને કલેક્ટરે અગાઉ નકારી કાઢ્યો હતોહવે યૂટર્ન લે છે.આ લોકોએ



મારા વિરુદ્ધ એક સ્ક્રિપ્ટ બનાવવામાં આવીછે. બધું પ્રિ પ્લાન હતું.ત્યારે કલેકટરને અમારી અપીલ છે કે કે તમે નીડર રહો, અમે તમારી સાથે છીએ. પહેલા મનસુખભાઈએ પ્રેસ કોન્ફરન્સ કરી, એમાં હેલીપેડનો કોઈ ઉલ્લેખ ન હતોમનસુખભાઈએ કહ્યું એમ એમની પાસે કોઈ સીસીટીવી ફૂટેજ કે કોઈ રેકોર્ડિંગ હોય તો તેને જનતા સમક્ષ જાહેર કરો.વડાપ્રધાનના કાર્યક્રમની વિગત મેં મારા અધિકાર અંતર્ગત માંગી છે પણ મનસુખભાઈના પેટમાં તેલ રેડાયું.મનસુખભાઈ બૌખલાઈ ગયા છે, માટે એમણે સરકાર અને ભાજપના ઉચ્ચ નેતાઓને રાજીનામાની ધમકી આપીહતીકલેક્ટર જો આજે મનસુખભાઈની વાતને સમર્થન આપતા હોય તો એમને કહીશ કે બંધારણીય પદ પર બેસીને બે મોઢાની વાત કરો નહીં. મારી રાજકીય કારકિર્દી અને મારા માન સમ્માનને નુકસાન થાય, એવી કોઈ પણ વસ્તુને સહન કરવામાં આવશે નહીં.જે પણ 10 ગણા ખર્ચાઓ થયા છે, તે મુદ્દે અમે CID તપાસની માંગપણ કરી હતી.ચૈતર વસાવા એ એવો પણ આક્ષેપ કર્યો હતો કે કોન્ટ્રાક્ટ મેળવેલ એજન્સીઓ મનસુખભાઈની સાથેની હોવાનું કહેવાય છે, જેને કારણે હવે તેમનું ચાલ-ચરિત્ર બહાર આવી ગયું છે, તેને તેઓ બચાવવા માંગે છે.અમે હવે ત્રીજીવાર કાર્યક્રમની માહિતી માંગીશું, પાંચ દિવસમાં જો માહિતી નહીં મળે તો કલેક્ટર કચેરી સામે સમર્થકોને લઈને હું ધરણા પર બેસીશએવી ચીમકી પણ આપી હતીકાર્યક્રમમાં આજે 50 કરોડ ખર્ચાયા તે નર્મદા જિલ્લાના આદિજાતિ લોકોના વિકાસના પૈસા હતા, તેનો અમે હિસાબ લઈશું

એની રચના પ્રોટેરોઝોઈક યુગમાં થઈ હતી — જો અરવલ્લી પર્વતમાળા ન હોત તો?

# અરવલ્લી પર્વતમાળા વિશ્વની સૌથી પ્રાચીન પર્વતમાળાઓમાંની એક છે

## ભારતના 'ફેફસા' તરીકે ઓળખાતા અરવલ્લીનું પર્યાવરણની દૃષ્ટિએ મહત્વ અત્યંત મોટું છે



વિજ્ઞાનજગત
લેખક :દીપક જગતાપ

અરવલ્લી પર્વતમાળા વિશ્વની સૌથી પ્રાચીન પર્વતમાળાઓમાંની એક છે, જેનો ઈતિહાસ અબજો વર્ષો જૂનો છે. તેની રચના પ્રોટેરોઝોઈક યુગમાં થઈ હતી, જ્યારે ભારતીય પ્લેટ અને યુરેશિયન પ્લેટ વચ્ચે મહાસાગર હતો. આ પર્વતમાળા અરવલ્લી-દિલ્હી ઓરોજેની પ્રક્રિયા દ્વારા લગભગ 1.5 અબજ વર્ષ પહેલાં રચાઈ હતી. તે દિલ્હીથી ગુજરાત સુધી લગભગ 692 કિલોમીટર સુધી વિસ્તરેલી છે અને તેની ઊંચાઈ 1,722 મીટર સુધી પહોંચે છે (ગુરુ શિખર શિખર). પર્યાવરણની દૃષ્ટિએ અરવલ્લીનું મહત્વ અત્યંત મોટું છે. તે ઉત્તર ભારતના 'ફેફસા' તરીકે ઓળખાય છે, કારણ કે તે થાર મરુસ્થળના પૂર્વ તરફ વિસ્તારને અટકાવે છે અને રેતીના તોફાનોને દિલ્હી-એનસીઆર જેવા વિસ્તારોમાં પ્રવેશતા અટકાવે છે. તે વરસાદી પાણીને શોષીને ભૂગર્ભજળને રિચાર્જ કરે છે, જેનાથી આસપાસના વિસ્તારોમાં પાણીની ઉપલબ્ધતા જળવાય છે. તે વન્યજીવો અને જૈવવિવિધતાને આશ્રય આપે છે, જેમાં વાઘ, દીપડો અને વિવિધ પક્ષીઓનો સમાવેશ થાય છે. તેમજ, તે વરસાદને આકર્ષે છે, જળચક્રને જાળવે છે અને મહત્વપૂર્ણ નદીઓના સ્ત્રોત તરીકે કાર્ય કરે છે. તેના જંગલો વાયુ પ્રદૂષણને ઘટાડે છે અને આબોહવાને મધ્યમ રાખે છે. જો અરવલ્લી પર્વતમાળા ન હોત તોઉત્તર ભારતમાં વિશાળ નુકસાન થાત. થાર મરુસ્થળ હરિયાણા, દિલ્હી અને ઉત્તર પ્રદેશ સુધી વિસ્તરી જતું, જેનાથી આ વિસ્તારો મરુસ્થળમાં ફેરવાઈ જતા. ભૂગર્ભજળનું રિચાર્જ ન થતું, જેનાથી પાણીની તીવ્ર અછત સર્જાત અને કૃષિ તથા પીવાના પાણીની સમસ્યા વધતી. જૈવવિવિધતાનું વિશાળ નુકસાન થતું, જેનાથી વન્યજીવો અને માનવ વચ્ચેના સંઘર્ષમાં વધારો થતો. વાયુ પ્રદૂષણ અને ધૂળના તોફાનો વધતા, જેનાથી આરોગ્ય સમસ્યાઓ અને આબોહવા પરિવર્તનની અસર વધુ તીવ્ર થતી. કુલ મળીને, આ વિસ્તારનું પર્યાવરણીય સંતુલન ખોરવાઈ જતું અને આર્થિક તથા સામાજિક અસરો પણ વ્યાપક હોત. ભૂગોળવિદ સીમા જાલાન જણાવે છે કે અરવલ્લી 67 કરોડ વર્ષ પુરાણી ગિરિમાળા છે અને એ ન હોત તો ન જાણે ઉત્તર ભારતની કેટલીય નદીઓનું અસ્તિત્વ સુધ્ધાં ન હોત. આજે વિશ્વનાં સૌથી સુંદર શહેરો પૈકી એક ઉદયપુર અરવલ્લી વિના ન વસી શક્યું હોત. આ એ સમયનું રિંગ ફેન્સ સિટી હતું, જે દરેક પ્રકારનાં આક્રમણો સામે લોકોનું રક્ષણ કરતું.

આ જંગલ માં જેતે વખતના શાસકો ના shash-nma3 375 કરતાં વધુ વાઘોનો શિકાર કરરાયો હતો.1949-1954નાં પાંચ વર્ષોમાં મેવાડે અરવલ્લીના લગભગ 140 વાઘ ગુમાવ્યા એટલે કે સરેરાશ 28 વાઘ પ્રતિ વર્ષ. આનો અર્થ એ છે કે 1960ના દાયકા સુધી મેવાડમાં વાઘ વિલુપ્ત થઈ ગયા, સાથે જ જંગલ અને જંગલી શાકાહારી પ્રજાતિઓ પણ લગભગ સમાપ્ત થઈ ગઈ. આજેઅરવલ્લીમાંથી વાઘનું ગાયબ થવું એ ચિંતા નું કારણ કહી શકાય અરવલ્લી પર્વતમાળાના જંગલો મુખ્યત્વે ટ્રોપિકલ ડ્રાય ડિસિડ્યુઅસ ફોરેસ્ટ (સૂકા પાનખર જંગલો) અને થોર્ન સ્ક્રબ ફોરેસ્ટ (કાંટાળા ઝાડીવાળા જંગલો)ના છે. આ જંગલો રાજસ્થાન, હરિયાણા, દિલ્હી અને ગુજરાતમાં ફેલાયેલા છે અને તેમની જૈવવિવિધતા અત્યંત સમૃદ્ધ છે. અરવલ્લીના જંગલોમાં મુખ્ય વૃક્ષો અને વનસ્પતિઓમાં ધોક (ધાક), બાવળ (એકેશિયા), ખેજડી, લીમડો, આમળા, ગુગ્ગુલ જેવી ઔષધીય વનસ્પતિઓ, તેમજ કાંટાળા ઝાડીઓ જેમ કે ગુલાબ, બોગનવેલ અને બાંબુના જંગલો (ખાસ કરીને માઉન્ટ આબુ વિસ્તારમાં) જોવા મળે છે. આ વનસ્પતિઓ શુષ્ક આબોહવામાં અનુકૂળ છે અને ભૂગર્ભજળને જાળવવામાં મદદ કરે છે. અરવલ્લી જંગલો જૈવવિવિધતાના હોટસ્પોટ છે, જ્યાં 200થી વધુ પક્ષીઓની પ્રજાતિઓ, તેમજ સસ્તન પ્રાણીઓ જેમ કે લેપર્ડ (દીપડો), સ્ટ્રાઈપ્ડ હાયના, જંગલ કેટ, સ્લોથ બેર, નીલગાય, જેકલ, ફોક્સ, પોર્ક્યુપાઈન, મોન્ગુસ અને વિવિધ પક્ષીઓ (મોર, ગીધ વગેરે) વસે છે.

આ વિસ્તાર વન્યજીવ કોરિડોર તરીકે પણ મહત્વનો છે, જે સરિસ્કા અને રણથંભોરથી ગિર સુધી જોડાયેલો છે. અરવલ્લી ma2મહત્વપૂર્ણ વન્યજીવ અભયારણ્યો અને પાર્ક આવેલા છે જેમકે 1)સરિસ્કા ટાઈગર રિઝર્વ (રાજસ્થાન): વાઘ, તેંડુઆઅનેઅન્યવન્યજીવો.2)રણથંભોરનેશનલ પાર્કઃ વાઘ અને વિવિધ પ્રાણીઓ.3)માઉન્ટ આબુ વાઈલ્ડલાઈ ફસેન્ક્ચ્યુઅરી (ગુજરાત-રાજસ્થાન): દુર્લભ વનસ્પતિ અને દીપડા. 4)અરવલ્લી બાયોડાઈવર્સિટી પાર્ક (ગુરુગ્રામ અને દિલ્હી): ખાણકામથી બચાવેલા વિસ્તારમાં પુનઃસ્થાપિત જંગલો.5)કુંભલગઢ વાઈલ્ડલાઈફ સેન્ક્ચ્યુઅરીઅનેજલાના લેપર્ડ સફારીઆવેલાછે.

ડાંગ જિલ્લા વહીવટી તંત્ર અને સરકારી વિજ્ઞાન કોલેજ આહવાના સંયુક્ત ઉપક્રમે

# વીર બાલ દિવસ ની ઉજવણી કરવામાં આવી

**શહીદી વ્હોરી હતી** — શીખ ધર્મના દસમા ગુરુ શ્રી ગોવિંદસિંહજીના પુત્રો-સાહિબજાદાઓના અદ્ભુત શૌર્યને સન્માન

• આહવા-ડાંગ

શીખ ધર્મના દસમા ગુરુ શ્રી ગોવિંદસિંહજીના પુત્રો-સાહિબજાદાઓના અદ્ભુત શૌર્ય અને બલિદાનની સ્મૃતિમાં દર વર્ષે ૨૬મી ડિસેમ્બરના રોજ સમગ્ર દેશમાં 'વીર બાલ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય દેશના બાળકો અને યુવાનોમાં વીરતા, નૈતિક મૂલ્યો અને દેશભક્તિની ભાવના વિકસાવવાનો છે. ગુજરાત સરકાર દ્વારા આ વર્ષે 'વીર બાલ દિવસ' ની ઉજવણીરૂપે તા. ૨૭ ડિસેમ્બર-૨૦૨૫ સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જે કાર્યક્રમ અંતર્ગત આજરોજ ડાંગ જિલ્લા વહીવટી તંત્ર તેમજ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ આહવા તથા સરકારી વિજ્ઞાન કોલેજ આહવાના સંયુક્ત ઉપક્રમે આહવામાં 'વીર બાલ દિવસ' ની ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે સરકારી વિજ્ઞાન કોલેજના



આચાર્યશ્રી ડો. એ. જી. ધારિયાએ જણાવ્યું હતું કે, 'વીર બાલ દિવસ' ની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોની વીરતા કંઈ રીતના બહાર લાવી શકાય તેમજ ભાવિ પેઢીમાં સંસ્કારોનું સિંચન થાય તે માટેનો છે. રાષ્ટ્રહિતે યોગદાન આપવા આપણામાં દેશદાઝ, પ્રમાણિકતા, નિષ્ઠા નૈતિકતાની ભાવના હોવી જરૂરી છે. નૈતિકતાની આ શરૂઆત અત્યાર થી જ થશે. જેમાં વિદ્યાર્થીઓએ અત્યારથી જ સમયનો સદુપયોગ કરવો, દરેકે નિષ્ઠા જાળવવી, તેમજ સહનશીલતાના ગુણો વિકસાવવા જરૂરી છે. કાર્યક્રમના મુખ્ય વક્તા પ્રાધ્યાપકશ્રી ડો. ઉમેશ હડસે વીર બાલ દિવસની ઉજવણીનો ખ્યાલ આપ્યો હતો સાથે જ તેઓએ જણાવ્યું હતું કે, આ દિવસ માત્ર એક તારીખ નથી, પરંતુ તે ભારતીય ઈતિહાસના એવા અમર બાલકોની યાદ છે, જેમણે પોતાની નાની ઉંમરમાં પણ અદમ્ય સાહસ, અડગ શ્રદ્ધા અને અપરંપાર બલિદાનનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. વીર બાલ દિવસ શીખ ધર્મના દશમા ગુરુ, ગુરુ ગોબિંદ સિંહજીના ચાર પુત્રો – ચાર સાહિબઝાદાઓને સમર્પિત છે. સાહિબઝાદા અજિત સિંહ અને જુઝાર સિંહએ ચમકૌર સાહિબની યુદ્ધભૂમિમાં અણગમતી પરિસ્થિતિ હોવા છતાં શત્રુ સામે અડીખમ રહી શહીદી વ્હોરી હતી. જ્યારે બીજી તરફ, માત્ર ૯ વર્ષના જોરાવર સિંહ અને ૬ વર્ષના ફતેહ સિંહને સિરહિંદમાં ધર્મ પરિવર્તન માટે દબાણ કરવામાં આવ્યું. પરંતુ આ નાનાં બાલકોને સત્તા અને લાલચ સામે ઝૂકી જવા કરતાં મૃત્યુ સ્વીકારી, પરંતુ પોતાના ધર્મ અને આત્મસન્માનનો ત્યાગ ન કર્યો. તેમને જીવતા દીવાલમાં ચણાવી દેવામાં આવ્યા, છતાંય તેમના વિચારો અને આત્મા અમર બની ગયા. ડો.ઉમેશ હડસે વિદ્યાર્થીઓને સત્ય માટે અડગ રહેવા, અન્યાય સામે ડર્યા વિના ઉભા રહેવા, તેમજ દેશ, ધર્મ અને માનવ મૂલ્યો માટે બલિદાન આપવાની તૈયારી રાખવા માટે પ્રેરણાદાયી પ્રવચન આપ્યું હતું. આ પ્રસંગે સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ, આહવા કોલેજના વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમની આભારવિધિ ડાંગ જિલ્લા વિકાસ અધિકારી આહવાના અધિકારી શ્રી ચેતન ત્રિવેદીએ આટોપી હતી.

# મોટી કુંકાવાવ માં નવનિર્મિત એસ.ટી બસ સ્ટેન્ડ પોઈન્ટ નું લોકાર્પણ કરતા મંત્રી જીતુભાઈ વાઘાણી

## લોકાર્પણ થતાં ગ્રામજનો માં પણ એક અનેરી ખુશી જોવા મળી હતી

• મોટીકુંકાવાવ

મોટી કુંકાવાવ ખાતે આજે સાંજે 4:30 કલાકે અમરેલી રોડ પર આવેલા નવાં એસટી બસ સ્ટેશન પોઈન્ટ નું કૃષિ અને ખેડૂત કલ્યાણ સહકાર પશુપાલન ગૌ સંવર્ધન,મત્સ્ય અને પ્રોટોકોલ મંત્રી એવા જીતુભાઈ વાઘાણી ના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં સૌ પ્રથમ આવેલ અધિકારીઓ તેમજ રાજકીય મહાનુભાવો નું વાજતે ગાજતે ગ્રામ્ય સંસ્કૃતિ મુજબ સુંદર સામૈયા સાથે કુમકુમ તિલક કરી મહાનુભાવો નું સ્વાગત કરવામાં આવેલ હતું. ત્યારબાદ નવા બસ સ્ટેન્ડ નું દિપ પ્રાગટય કરી લોકાર્પણ કરવામાં આવેલ હતું સાથે સાથે ધારી તેમજ બગસરા ના વર્કશોપ નું પણ ઈ ભૂમિ પૂજન ખાતમુહૂર્ત કરવામાં આવેલ હતુ. આ પ્રસંગે ઉપસ્થિત તમામ રાજકીય મહાનુભાવો તેમજ અધિકારીશ્રી ઓનું થી પુષ્પ ગુચ્છ થી સ્વાગત તેમજ સ્મૃતિ ચિત્ર આપી તેઓને લાગણી સભર આવકારેલ હતા.આજ ના કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં ગ્રામજનો ની પણ જુજ ઉપસ્થિતિ રહેલ હતી. આ પ્રસંગે રાજ્ય કક્ષાના કાયદા ન્યાય અને ઉર્જા પેટ્રો કેમિકલ્સ વૈધાનિક અને સંસદીય બાબતો ના મંત્રી એવા કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારી ના ધારાસભ્ય જે.વી કાકડિયા, અમરેલી કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પી.બી પંડ્યા, ડીવાયએસપી ચિરાગ દેસાઈ, એચ.ડી.એમ બગસરા કમલેશભાઈ નંદા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, કુંકાવાવ માર્કેટિંગ યાર્ડ ચેરમેન ગોપાલભાઈ અંટાળા, તાલુકા ભાજપ પ્રમુખ પરશોત્તમભાઈ હિરપરા, કુંકાવાવ સરપંચ સંજયભાઈ લાખાણી(ફૌજી ) વડીયા સરપંચ મનીષભાઈ ઢોલરીયા. તેમજ એસ ટી વિભાગ અમરેલી ના ચીફ મેનેજર આર.ડી ગલચર, વિભાગીય નિયામક બી.ટી.પટેલ, વિભાગીય પરિવહન અધિકારી એચ એન ખાંભલા, વિભાગીય યાંત્રિક ઈજનેર કે જે મહેતા, અમરેલી ડેપો મેનેજર એચ.એન દવે, બાંધકામ ઈજનેર એચ.આર મોરધરા, ઉના ડેપો મેનેજર વી.એમ મકવાણા, અમરેલી એસ.ટી આંકડા અધિકારી એસ.આઈ અપારનાથી, સુરક્ષા અધિકારી જે.વી માંકડીયા ,ડેપો મેનેજર ધારી એમ.એમ દાદુ, સહિત ના અધિકારીઓ,એસટી નિગમ માન્ય ત્રણેય યુનિયન ના પ્રમુખ ની વિશેષ ઉપસ્થિત રહેલ હતી. પ્રાસંગિક ઉદબોધન માં સરકાર ની વિકાસલક્ષી યોજનાઓ,ખેડુત લક્ષી તેમજ પ્રજાલક્ષી રોડ રસ્તાઓ, છેવાડાના વિસ્તારોમાં નર્મદાના મીઠાનિર ની કામગીરી તેમજ કમોસમી વરસાદ થી પાક સહાય યોજના તેમજ ફાસ્ટ માં ખેડુતો ને સહાય પેકેજ જાહેર થયું તે બાબત પર વાત કરવામાં આવેલ.સરકારશ્રી તરફ થી કેન્દ્ર સરકાર રાજ્ય સરકારે ફાળવેલી ગ્રાન્ટ ની રકમ થી પણ સૌને પરીચીત કરાવવામાં આવેલ હતા. સુંદર નવ નિર્મિત એસ ટી બસ પોઈન્ટ નું આજે લોકાર્પણ થતાં ગ્રામજનો માં પણ એક અનેરી ખુશી સાથે આનંદ ની લાગણી જોવા મળી રહી છે.

# ચિકટિયા અને ગોંડલવિહિર ખાતે "વીર બાળ દિવસ" ની ઉજવણી

## ડાંગ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી આહવા દ્વારા ઉજવણી કરવામાં આવી હતી

• આહવા-ડાંગ

મહિલાઅનેબાળઅધિકારીશ્રી ડૉ.મનિષાબેન મુલતાનીના દિશાદર્શન હેઠળ આશ્રમ શાળા ચિકટિયા તેમજ પ્રાથમિક શાળા ગોંડલવિહિર ખાતે વીર બાળ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ બાળકોમાં સર્જનાત્મક્તા વિકસાવવાનો અને વિકસિત ભારતના દ્રષ્ટિકોણમાં યોગદાન આપવા માટે તેમને પ્રેરિત કરવાનો ઉદ્દેશ હતો. પ્રાથમિક શાળા ગોંડલવિહિર ખાતે આ કાર્યક્રમ દરમિયાન મહિલા અને બાળ અધિકારીશ્રી ડૉ. મનીષાબેન મુલતાનીએ બાળકોને વીર બાળ દિવસના ઐતિહાસિક મહત્વ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન દેશ માટે શહીદ થયેલા વીર બાળકોના અદમ્ય સાહસ અને બલિદાનને યાદ કરાવી બાળકોમાં દેશપ્રેમ, સાહસ, શૌર્ય અને આત્મવિશ્વાસ જેવા મૂલ્યો



વિકસે તે માટે પ્રેરણા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આજના બાળકો આવતીકાલના જવાબદાર નાગરિક છે અને તેમને સકારાત્મક વિચારસરણી, શિસ્ત તથા મજબૂત નૈતિક મૂલ્યો સાથે જીવનમાં આગળ વધવું જરૂરી છે.બાળકોમાં સર્જનાત્મકતા, વિચારશક્તિ અને વ્યક્તિત્વ વિકાસ થાય તે હેતુસર આ કાર્યક્રમ અંતર્ગત ચિત્ર સ્પર્ધા તથા નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રોત્સાહિક ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

# ધરણીધર તાલુકા ના દૈયપ થી સણવાલ જતા રસ્તાની બંને બાજુ જીવલેણ ખાડા..



• પ્રધાનજી ઠાકોર

વાવ થરાદ જિલ્લાના ધરણીધર તાલુકા ના દૈયપ થી સણવાલ 8, કિ.મી .ના રસ્તા ની બન્ને સાઈડ પર જીવલેણ ઠેર ઠેર ખાડાઓ છે ત્યારે આ ખાડાઓને લહિને સ્થાનિક લોકો માં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે વાહનચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે. માર્ગ મકાન વિભાગ ને વાર મ વાર રજુઆત કરવા છતાં કેમ આ ખાડાઓ નું કામ કાજ હાથ ધરતાં નથી કે પછી કોઈ અકસ્માતિક બનાવ બનશે એવી રહ્યા જોઈ રહ્યા છે કે શું ?એવા લોકો મા સવાલ ઉભા થાય છે. આ રસ્તા પર દૈયપ ની પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળા પણ આવેલ છે. તો વાહન ચાલકોની અને સ્થાનિક લોકો માગ છે કે તાત્કાલિક ધોરણે રોડ સાઈડ ના ખાડાઓ બુરવામા

રાહ તાલુકા ના બેવટા ગામે ઠાકોર સમાજ નું બંધારણ

# રાવણમાં દારૂ, બીડી કે કોઈપણ પ્રકારનું વ્યસન લાવનારને દંડકીય જોગવાઈ

• પ્રધાનજી ઠાકોર

.રાહ તાલુકા ના બેવટા ગામે ઠાકોર સમાજ નું બંધારણ, રાવણમાં દારૂ, બીડી કે કોઈપણ પ્રકારનું વ્યસન લાવનારને કે કોઈપણ પ્રસંગમાં કુવાસી સિવાય ઓઢામણું કરવું નહીં. કોઈપણ પ્રસંગમાં કુવાસીને ઓઢામણું રોકડમાં આપવું સમાજમાં બેવતા ગામનાં લોકોએ કોઈપણ જગ્યાએથી ઓઢામણું ઓઢીને આવવું નહીં. તાલુકા વાઈઝ જે બંધારણ નક્કી કરવામાં આવ્યું છે, તેનું સંપૂર્ણ પાલન કરવું. મરણ પ્રસંગે મરણ પૂર્ણ થયા પછી કોઈપણ પ્રકારનો કાર્યક્રમ કરવો નહીં. આ નિયમોમાંથી કોઈપણ નિયમ તોડનારને રૂ. ૧૧,૦૦૦



(અગિયાર હજાર રૂપિયા) તથા ૧ બોરી બાજરી દંડ કરવામાં આવશે. જો કોઈ વ્યક્તિ દંડ ન આપે અને તેને કોઈપણ પ્રકારનું સમર્થન આપે, તો સમર્થન આપનારને પણ રૂ. ૧૧,૦૦૦/- નો દંડ ભરવો પડશે. જે વ્યક્તિઓ આ નિયમો સ્વીકારશે નહીં, તેમના સાથે બેવટા ગામનાં ઠાકોર સમાજ દ્વારા તમામ પ્રકારનો સામાજિક વ્યવહાર બંધ કરવામાં આવશે. આ નિર્ણય સમાજના હિત અને એકતા જાળવવાના હેતુથી બેવટા ગામે એમના ગામ પુરતોજ લેવામાં આવ્યો છે અને તમામ સમાજ બંધુઓને તેનું કડક પાલન કરવા વિનંતી કરવામાં આવી આ આ નિર્ણય બેવટા ગામનાં ઠાકોર સમાજના લોકો પુરતોજ લેવામાં આવ્યો.

**કાર્યક્રમ** આ બલિદાન આપણને ભારતીય બંધારણીય મૂલ્યો અને ધાર્મિક સ્વતંત્રતાના સિદ્ધાંતોની યાદ અપાવે છે જે દરેક નાગરિકને તેમના વિશ્વાસનો મૂળભૂત અધિકાર આપે છે

# દિલ્હી યુનિવર્સિટીમાં વીર બાલ દિવસની ઉજવણી કરવામાં આવી

## સાઉથ કેમ્પસના ડિરેક્ટર પ્રો. રજની અબ્બી, કોલેજોના ડીન પ્રો. બલરામ પાની, રજિસ્ટ્રાર ડૉ. વિકાસ ગુપ્તા અને SOLના ડિરેક્ટર પ્રો. પાયલ માગો પણ હાજર રહ્યા હતા




• અતુલ સચદેવ, વરિષ્ઠ પત્રકાર - નવી દિલ્હી

'વીર બાલ દિવસ' ની ઉજવણી માટે, દિલ્હી યુનિવર્સિટી ખાતે સેન્ટર ફોર ઈન્ડિપેન્ડન્સ એન્ડ પાર્ટીશન સ્ટડીઝ (CIPS) એ સાહિબજાદાઓના સર્વોચ્ચ બલિદાન, નૈતિક બહાદુરી અને અજોડ બહાદુરી પર કેન્દ્રિત એક ખાસ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. યુનિવર્સિટીના ઐતિહાસિક વાઈસ રીગલ લોજના કન્વેન્શન હોલમાં આયોજિત, રાજ્યસભાના ભૂતપૂર્વ સાંસદ અને રાષ્ટ્રીય લઘુમતી આયોગના ભૂતપૂર્વ અધ્યક્ષ સરદાર તરલોચન સિંહ મુખ્ય વક્તા હતા, જ્યારે કાર્યક્રમની અધ્યક્ષતા દિલ્હી યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. યોગેશ સિંહે કરી હતી.

કાર્યક્રમના અધ્યક્ષપદે, વાઈસ ચાન્સેલર પ્રો. યોગેશ સિંહે કહ્યું કે જો આજે શીખોનો ઈતિહાસ યોગ્ય રીતે લખવામાં આવે તો હિન્દુઓનો ઈતિહાસ આપમેળે સાચો થઈ જશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતાં તેમણે કહ્યું કે તેમની પ્રેરણાથી સમગ્ર દેશ આ મહત્વપૂર્ણ દિવસની ઉજવણી કરી રહ્યો છે. પ્રો. સિંહે કહ્યું કે આ ગાથા ફક્ત ઈતિહાસની એક ઘટના નથી, પરંતુ બલિદાન, ત્યાગ, તપસ્યા અને દેશભક્તિની પરાકાષ્ઠા છે. ગુરુ ગોવિંદ સિંહજીના વિશાળ વ્યક્તિત્વ પર પ્રકાશ પાડતા તેમણે કહ્યું કે પિતાના વ્યક્તિત્વએ જ તેમના નાના પુત્રોને રાષ્ટ્ર માટે બલિદાન આપવા માટે તૈયાર કર્યા હતા. આજે, મુખ્ય પ્રશ્ન એ છે કે જો તેમણે તે સમયે ઔરંગઝેબ સમક્ષ શરણાગતિ સ્વીકારી હોત, તો શું ભારત આજે આપણે જે જોઈએ છીએ તે હશે? તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે વીર બાળ દિવસ એ શીખ શહીદીને યાદ કરવાનો અને તેમાંથી પ્રેરણા લેવાનો દિવસ છે. વિશ્વ ઈતિહાસમાં ક્યારેય બલિદાનની આવી ઘટના બની નથી અને ક્યારેય બનશે નહીં. આ ભારતને 'ભારત' બનાવવાની ગાથા છે. તેમણે એમ પણ કહ્યું કે 'શીખોના દસ ગુરુ' કહેવાને બદલે 'આપણા દસ ગુરુ' કહેવું વધુ યોગ્ય છે. બાબા જોરાવર સિંહના શબ્દોને યાદ કરતાં, વાઈસ ચાન્સેલરે કહ્યું, 'આપણે અહીં આપણા ધર્મ માટે મરવાનું શીખીને આવ્યા છીએ, ડરવાનું નહીં; આપણે મૃત્યુ સ્વીકારીશું પણ ઈસ્લામ નહીં.'

મુખ્ય વક્તા સરદાર તરલોચન સિંહે પોતાના સંબોધનમાં કહ્યું કે દિલ્હી યુનિવર્સિટીએ આપણને પહેલીવાર ભાગલાની પીડાની યાદ અપાવી છે, અને તે સંદર્ભમાં, આજે એક નવી જાગૃતિ છે. ઈતિહાસના પાનાઓ પર સવાલ ઉઠાવતા તેમણે પૂછ્યું, 'જો ૧૮૫૭ને સ્વતંત્રતાનું પ્રથમ યુદ્ધ માનવામાં આવે છે, તો પછી શિવાજી મહારાજ અને મહારાણા પ્રતાપનો સંઘર્ષ કઈ શ્રેણીમાં આવે છે?' તેમણે કહ્યું કે ગુરુ ગોવિંદ સિંહના પુત્રોએ ખૂબ જ નાની ઉંમરે આપેલું સર્વોચ્ચ બલિદાન કોઈપણ ક્રાંતિ કરતાં મહાન છે. સરદાર તરલોચન સિંહે સ્પષ્ટતા કરી કે જ્યારે આપણે કોઈ ધર્મની વિરુદ્ધ નથી, કારણ કે ગુરુ ગ્રંથ સાહિબમાં બધા સમાન છે, ત્યારે આપણે બળજબરીથી ધર્માંતરણનો સખત વિરોધ કરીએ છીએ. તેમણે કહ્યું કે તે વિડંબના છે કે આ ઈતિહાસ લાંબા સમયથી ભૂલી ગયો હતો, પરંતુ હવે ગર્વની વાત છે કે આખો દેશ આ બલિદાનને યાદ કરી રહ્યો છે. તેમણે બંદા બહાદુરના દુઃખ અને તેમના અતૂટ વ્યક્તિત્વને પણ યાદ કર્યા, અને કહ્યું કે ગુરુ નાનક દેવજીના ઉપદેશો ભારતના આત્માને જાગૃત કરશે. અગાઉ, તેમના સ્વાગત પ્રવચનમાં, CIPS ના અધ્યક્ષ પ્રો. રવિ પ્રકાશ ટેકચંદાનીએ સમજાવ્યું કે સરદાર તરલોચન સિંહ ૧૯૬૯ થી શીખ શહીદોના મહિમાને જનતા સુધી પહોંચાડવાનું કામ કરી રહ્યા છે. વીર બાળ દિવસની સુસંગતતા વિશે ચર્ચા કરતા તેમણે કહ્યું કે ભારતનો દરેક કણ દિવ્યતાથી રંગાયેલો છે. મધ્યયુગીન આક્રમણકારોના અત્યાચારોનો ઉલ્લેખ કરતા, તેમણે કવિ ભૂષણની કવિતાઓ ટાંકી અને સમજાવ્યું કે શિવાજી અને શીખ ગુરુઓના બલિદાનને સાહિત્યમાં કેવી રીતે વણાવવામાં આવ્યા છે. તેમણે ગુરુ પરિવારની 21 ડિસેમ્બરથી 26 ડિસેમ્બર સુધીની કઠિન યાત્રાનું વર્ણન કર્યું, જેમાં સાહિબઝાદાઓએ ધર્મની રક્ષા માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું. CIPS ના ડિરેક્ટર પ્રોફેસર રવિન્દર કુમારે કૃતજ્ઞતા વ્યક્ત કરતા કહ્યું કે રાષ્ટ્ર માટે માત્ર આધ્યાત્મિક શક્તિ જ નહીં પરંતુ લશ્કરી શક્તિ પણ જરૂરી છે, જે શીખ બલિદાનની વાર્તાઓ વાંચીને સમજી શકાય છે. ઔરંગઝેબના શાસનકાળ દરમિયાન પણ, જ્યારે દેશ અત્યાચાર અને સામૂહિક ધર્માંતરણના સમયગાળામાંથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે સાહિબઝાદાઓએ નમવાનો ઈનકાર કર્યો હતો. સંપત્તિ અને સુરક્ષિત જીવનની લાલચને નકારીને, તેઓએ થાંડા બુર્જના ત્રાસ સહન કર્યા અને આખરે દિવાલમાં જીવતા ઈંટથી કચડી નાખવામાં આવ્યા. આ બલિદાન આપણને ભારતીય બંધારણીય મૂલ્યો અને ધાર્મિક સ્વતંત્રતાના સિદ્ધાંતોની યાદ અપાવે છે જે દરેક નાગરિકને તેમના વિશ્વાસનો મૂળભૂત અધિકાર આપે છે. તેમણે ઉપસ્થિત તમામ મહેમાનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી. કાર્યક્રમનું સંચાલન CIPS ના સહ-નિર્દેશક પ્રો. જ્યોતિ ત્રેહન શર્મા દ્વારા કુશળ રીતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે, યુનિવર્સિટી અને કોલેજોના પ્રોફેસરો, આચાર્યો, શિક્ષણવિદો, સંશોધકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમાં સાઉથ કેમ્પસના ડિરેક્ટર પ્રો. રજની અબ્બી, કોલેજોના ડીન પ્રો. બલરામ પાની, રજિસ્ટ્રાર ડૉ. વિકાસ ગુપ્તા અને SOLના ડિરેક્ટર પ્રો. પાયલ માગો પણ હાજર રહ્યા હતા.

બાળકોના ભવિષ્ય માટેની ચિંતા અને શિક્ષણ પ્રત્યેની લાગણીનું પ્રતિક

# થરાદના ભામાસા નટુભાઈ વાણીયા નિ:સ્વાર્થ સેવા અને માનવતાનો જીવંત દીવો

**સેવા પરમો ધરમ** સેવાભાવી લોકો થકી જ સમાજ મજબૂત અને સંવેદનશીલ બનશે





• પ્રધાનજી ઠાકોર

થરાદ તાલુકામાં જો કોઈ વ્યક્તિને "ભામાસા" તરીકે ઓળખવામાં આવે તો સૌપ્રથમ નામ નટુભાઈ વાણીયાનું આવે. નટુભાઈ વાણીયા એ એવો માનવતાભર્યો ચહેરો છે, જે હંમેશા માનતા આવ્યા છે કે માણસ નાનો કે મોટો નથી હોતો, પરંતુ સમય અને દુઃખ મોટું હોય છે. અને એ દુઃખના સમયમાં જે કામ આવે એ સાચો માનવ. નટુભાઈ વાણીયા વર્ષોથી સમાજસેવામાં સતત સક્રિય રહ્યા છે. ખાસ કરીને કોરોનાના કપરા સમયમાં, જ્યારે લોકો ઘરમાં કેદ હતા અને રોજગાર, ભોજન અને દવાઓ માટે સંઘર્ષ કરી રહ્યા હતા, ત્યારે નટુભાઈએ માનવતાની અનોખી મિસાલ ઉભી કરી હતી. તેમણે ઘરે ઘરે જઈને જરૂરિયાતમંદ પરિવારોને રાશન કીટનું વિતરણ કર્યું હતું. કોઈ ઓળખાણ વગર, કોઈ જાત-પાત કે ભેદભાવ વગર, માત્ર માનવતાના નાતે તેમણે આ સેવા કરી હતી. એટલું જ નહીં, શિક્ષણ પ્રત્યે પણ નટુભાઈનો અભિગમ ખૂબ જ સકારાત્મક રહ્યો છે. તેમણે અનેક શાળાઓમાં બાળકો માટે નાસ્તાની વ્યવસ્થા કરાવી, જેથી ગરીબ પરિવારોના બાળકો ભૂખ્યા ન રહે અને મન લગાવીને ભણતર કરી શકે. બાળકોના ચહેરા પર સ્મિત લાવવું એ જ તેમની સાચી કમાણી છે, એવું તેઓ વારંવાર કહે છે. તાજેતરમાં આનંદનગર પ્રાથમિક શાળામાં નટુભાઈ વાણીયાએ 100 થાળીઓનું દાન કરી ફરી એકવાર પોતાની ઉદારતાનો પરિચય આપ્યો. આ દાન માત્ર થાળીઓનું નથી, પરંતુ બાળકોના ભવિષ્ય માટેની ચિંતા અને શિક્ષણ પ્રત્યેની લાગણીનું પ્રતિક છે. શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને ગ્રામજનોએ તેમના આ કાર્યને દિલથી બિરદાવ્યું હતું. નટુભાઈ વાણીયા માત્ર શાળા કે સંસ્થાઓ પૂરતા સીમિત નથી. સમાજમાં જ્યાં પણ સમૂહ લગ્ન હોય, ધાર્મિક પ્રસંગ હોય કે કોઈ સામાજિક કાર્યક્રમમાં દાનની જરૂર પડે, ત્યાં તેઓ ક્યારેય પાછી પાની કરતા નથી. શાંતિથી, પ્રસિદ્ધિ વગર, પરંતુ પુરા મનથી તેઓ હંમેશા આગળ આવે છે. આજના સમયમાં જ્યારે ઘણા લોકો મદદ કરવા પહેલાં ફોટા અને નામની ચિંતા કરે છે, ત્યારે નટુભાઈ વાણીયા નિ:સ્વાર્થ સેવાથી સમાજ માટે પ્રેરણારૂપ બની રહ્યા છે. તેમનું જીવન એ સાબિત કરે છે કે સાચી સેવા એ શબ્દોમાં નહીં પરંતુ કાર્યમાં દેખાય છે. થરાદ જેવા વિસ્તારમાં નટુભાઈ વાણીયા જેવા ભામાસા હોવું એ ગૌરવની વાત છે. તેમની માનવતા, ઉદારતા અને સતત સેવા ભાવના આવનારી પેઢી માટે એક આદર્શ છે. સમાજ એમના આ સેવાકાર્યોને હંમેશા યાદ રાખશે અને આવા સેવાભાવી લોકો થકી જ સમાજ મજબૂત અને સંવેદનશીલ બનશે.

# કામદારોના શોષણના ભોગે ભાજપના નેતાઓ કંપનીઓ પાસેથી હપ્તા લે છે

## વડોદરામાં વિશ્વામિત્રી નદીમાં દર વર્ષે પૂર આવે અને ભારે તબાહી સર્જાય છે



• વડોદરા

જન આક્રોશ યાત્રાના છઠ્ઠા દિવસની શરૂઆત સાવલીથી કરવામાં આવી ત્યારબાદ યાત્રા ગોઠડા, બહુથા, ટુંડાવ, મંજુસર, દુમાડ, છાણી, વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાંથી પસાર થઈ અટલાદરા તરફ આગળ વધી. યાત્રા દરમિયાન રસ્તામાં સ્થાનિક નાગરિકોએ ઠેરઠેર યાત્રાનું ભવ્ય સ્વાગત કર્યું. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી અમિત ચાવડા તથા વિધાનસભા વિરોધ પક્ષના નેતા ડો તુષાર ચોધરી ની આગેવાનીમાં સેંકડો યુવાઓએ બાઈક રેલીના માધ્યમથી પ્રજાના જન આક્રોશને વાચા આપી હતી મંજુસર ખાતે 'કામદાર સંવાદ' દ્વારા શોષિત કામદારો, ફિક્સ પગાર કર્મીઓ, કોન્ટ્રાક્ટ પદ્ધતિથી કામ કરતા યુવાઓ સાથે સંવાદ કરીને અસંગઠિત કામદારો માટે મજબૂત સંગઠન રચી તેમના માટે કોંગ્રેસ દ્વારા કાનૂની, રાજકીય અને આંદોલનાત્મક લડાઈ લડવાનો સંકલ્પ લેવામાં આવ્યો.

વડોદરા ખાતે જાહેરસભામાં ઉપસ્થિત મોટી સંખ્યામાં હાજર રહેલા નાગરિકોએ વડોદરા શહેરના સળગતા પ્રશ્નો માટે રજૂઆત કરી આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ જણાવ્યું કે સાવલી તાલુકાની મંજુસર GIDCમાં કામદારોનું શોષણ કરવામાં આવે છે. 8 કલાકના કામનો કાયદો હોવા છતાં અનેક કંપનીઓ દ્વારા કામદારોને 12 કલાકથી પણ વધુ સમય કામ કરાવવામાં આવે છે અને એ માટે યોગ્ય વેતન પણ આપવામાં આવતું નથી. ઉપરાંત GIDCમાં વારંવાર અકસ્માતોની ઘટનાઓ બને છે છતાં કંપનીઓ દ્વારા જરૂરી સેફટી વ્યવસ્થાઓ કરવામાં આવતી નથી. અકસ્માતમાં કામદારોના મૃત્યુ થાય ત્યારે તેમના પરિવારજનોને કોઈ યોગ્ય વળતર કે સહાય આપવામાં આવતી નથી. સ્થાનિક યુવાઓને રોજગાર આપવામાં આવતો નથી. કામદારો દ્વારા એવી પણ ગંભીર રજૂઆત કરવામાં આવી છે કે ભાજપના નેતાઓ કામદારોના શોષણના ભોગે કંપનીઓ પાસેથી મોટી રકમ ઉઘરાવે છે, જેના કારણે કામદારોની હાલત વધુ દયનીય બની રહી છે. કામદારો માટે કોંગ્રેસની સરકારોમાં કાયદા બન્યા હતા પરંતુ ભાજપના રાજમાં એકપણ કાયદાનું પાલન થતું નથી. ઉપરાંત ભાજપના રાજમાં કોર્પોરેશનમાં કાયમી નોકરીઓ મળી રહી નથી, કાયદો-વ્યવસ્થાના હાલ બેહાલ છે, બળાત્કારની ઘટનાઓ વધી રહી છે, કોલેજોમાં દારૂ અને ડ્રગ્સનું દૂષણ વધી રહ્યું છે, પરંતુ ભાજપની સરકાર તાયફાઓ કરવામાં વ્યસ્ત છે. વધુમાં દર વર્ષે વડોદરા જેવા શહેરમાં પૂર જેવી સ્થિતિનું નિર્માણ થાય છે અને આ માટે માત્ર ને માત્ર કોર્પોરેશન અને ગાંધીનગરની સત્તામાં બેઠેલા લોકોની ગુનાહિત બેદરકારી અને ભ્રષ્ટાચાર જ જવાબદાર છે. પૂરથી અસરગ્રસ્ત લોકોને સહાય પણ આપવામાં આવતી નથી અને વિશ્વામિત્રી નદી ઊંડી કરવાના નામે કરોડોના પ્રોજેક્ટના બહાને સત્તામાં બેઠેલા લોકો માત્ર પોતાના ખિસ્સાઓ જ ભરે છે. એમને જનતાની કોઈ પડી નથી. બાંગ્લાદેશમાં હિંદુ અને અન્ય લઘુમતી વર્ગના લોકો પર અત્યાચાર થઈ રહ્યો છે, તેમની હત્યાઓ થઈ રહી છે વડાપ્રધાનને વિનંતી કરીએ છીએ કે બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર હુમલા થઈ રહ્યા છે. ચૂંટણી અગાઉ તમે ખૂબ મોટી વાતો કરી હતી કે પડોશી દેશો કોઈ ગુસ્તાખી કરશે તો લાલ આંખ કરીશું, ઈંટનો જવાબ પથ્થરથી આપીશું. ત્યારે આજે બાંગ્લાદેશમાં જે થઈ રહ્યું છે તેની સામે લાલ આંખ બતાવો, હિંદુઓનું રક્ષણ કરો. અહીંયા હિંદુઓના નામે રાજનીતિ કરો છો, અહીંયા સત્તાની તમામ તાકાત તમારી પાસે છે, ત્યારે બાંગ્લાદેશમાં હિંદુઓના મર્ડર થાય છે, જુલ્મ થાય છે, તેને તાત્કાલિક અટકાવો અને રક્ષણ આપો. CLP નેતા ડૉ. તુષારભાઈ ચૌધરીએ જણાવ્યું કે આ ઉદ્યોગપતિઓની સરકાર છે. આ સરકાર માત્ર એમનું જ વિચારી શકે છે. ગમે એવું ખોટું કરે તો પણ ઉદ્યોગપતિઓને સંરક્ષણ આપતી સરકાર છે. અહીં લેબર લો, ફેક્ટરી એક્ટ અને કાયદો-વ્યવસ્થા કામદારો માટે લાગુ પડતા નથી. જો પરિવર્તન લાવવું હશે તો સંગઠિત લડત જરૂરી છે અને કોંગ્રેસ પાર્ટી એ લડત માટે સંપૂર્ણ રીતે તૈયાર છે અને આગામી સમયમાં સડકથી લઈને સદન સુધી કામદારોના હક્ક અને અધિકારોની લડાઈ લડીશું.

# અમદાવાદના સુભાષબ્રિજની બન્ને તરફ નવા બ્રિજ બનાવાશે

## હયાત બ્રિજને રીપેર કરી મજબૂત બનાવાશે

• અમદાવાદ

છેલ્લા ઘણા સમયથી બંધ પડેલા અને વિવાદમાં રહેલા અમદાવાદના સુભાષ બ્રિજને લઈને મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા આજે ઐતિહાસિક જાહેરાત કરવામાં આવી છે. તંત્રએ મધ્યમ માર્ગ કાઢતા નિર્ણય લીધો છે કે, હયાત બ્રિજને તોડી પાડવાને બદલે તેને રીપેર કરીને મજબૂત કરવામાં આવશે અને તેની બંને બાજુ બે-બે લેનના નવા બ્રિજ બનાવીને રસ્તાને વધુ પહોળો કરવામાં આવશે. AMCની જાહેરાત મુજબ, અત્યારે જે સુભાષ બ્રિજ છે તેની બંને તરફ બે નવી લેન એક્સટેન્ડ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ વાહનચાલકોને કુલ 36 મીટર પહોળો રસ્તો મળશે, જેનાથી ટ્રાફિકની સમસ્યા કાયમી ધોરણે હલ થઈ જશે. પ્રથમ ફેઝમાં હાલના બ્રિજના સુપરસ્ટક્ચરને સંપૂર્ણ પણે દૂર કરી, 38 મીટર સ્પાન મુજબ સ્ટીલ કોમ્પોઝીટ ગર્ડર આધારિત નવું સુપરસ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવશે. આ કામગીરી માટે હયાત પીયરને માઈકો કોન્ક્રીટ દ્વારા જેકેટિંગ કરીને મજબૂત બનાવવામાં આવશે, જેથી નવી રચનાને પૂરતો આધાર મળી રહે. બીજા ફેઝમાં હાલના બ્રિજની બન્ને બાજુ એકજ લેવલે નવા 2-2 લેનના બ્રિજનું નિર્માણ કરવામાં આવશે. આ માટે ફાઉન્ડેશનથી લઈને સુપરસ્ટ્રક્ચર સુધીની સમગ્ર કામગીરી નવેસરથી કરવાની યોજના તૈયાર કરવામાં આવી છે. બન્ને ફેઝની કામગીરી માટે EPC મોડ હેઠળ સંયુક્ત ટેન્ડર મંગાવવાનું આયોજન છે. તે મુજબ સમગ્ર કામ માટે EPC ટેન્ડરની બેઝિક કોસ્ટ અંદાજિત રૂ. 250 કરોડ રાખવામાં આવી છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ શહેરના ઉત્તર અને મધ્ય વિસ્તારો વચ્ચેનું ટ્રાફિક દબાણ ઘટશે અને ભવિષ્યની ટ્રાફિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે સક્ષમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ બનશે. અમદાવાદીઓને વધુ સમય સુધી હાલાકી ન ભોગવવી પડે તે માટે તંત્રએ આક્રમક પ્લાન તૈયાર કર્યો છે. આગામી સોમવારે જ આ પ્રોજેક્ટ માટે ટેન્ડર બહાર પાડવામાં આવશે. વર્ક ઓર્ડર આપ્યાના 9 મહિનાની અંદર સમગ્ર કામગીરી પૂર્ણ કરવાની સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે. નિષ્ણાતોના મતે બ્રિજને આખેઆખો તોડી પાડવા કરતાં રિસ્ટોરેશન અને એક્સટેન્શન કરવું વધુ વ્યવહારુ છે.

# ચાઈનીઝ દોરી અને પ્રતિબંધિત તુક્કલ વેચનારા અને વપરાશ કરનારા પર કડક પગલાં ભરો : હાઇકોર્ટ

• અમદાવાદ

ઉત્તરાયણ 2026 પહેલા ગુજરાત હાઈકોર્ટે નાયલોન અને ચાઈનીઝ માંઝામાંથી બનેલા પ્રતિબંધિત પતંગ ઉડાવવાના દોરા પર પ્રતિબંધ લાગુ કરવાના રાજ્યના પ્રયાસોની સમીક્ષા કરી છે. જેમાં હાઈકોર્ટ દ્વારા ચાઈનીઝ દોરી અને પ્રતિબંધિત તુક્કલ જેવી જીવલેણ વસ્તુઓનું વેચાણ, સંગ્રહ કે વપરાશ કરનાર સામે કડકમાં કડક પગલાં લેવાનો આદેશ અપાયો છે. કોર્ટે તમામ જિલ્લા પોલીસ વડાઓને નિર્દેશ કર્યો છે કે પ્રતિબંધિત વસ્તુઓના વેચાણ અંગેનો ડે-ટુ-ડે (રોજિંદો) રિપોર્ટ રજૂ કરવાનો રહેશે. ગુજરાતના ગૃહ વિભાગના મુખ્ય સચિવ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં સોગંદનામુ રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં તંત્ર દ્વારા ચાઈનીઝ માંઝા, નાયલોન, કૃત્રિમ કોટિંગવાળા પ્લાસ્ટિકના દોરા, કાચથી કોટેડ નાયલોન અથવા કૃત્રિમ દોરા (પરંપરાગત માંઝા સિવાય) અને ચાઈનીઝ સ્કાય ફાનસ (તુક્કલ) સહિતના ખતરનાક દોરાનો ઉપયોગ કરવા સામે તેની અમલીકરણ ઝુંબેશ અને જનજાગૃતિ ઝુંબેશની વિગતવાર માહિતી આપી હતી. સોગંદનામા મુજબ, 21 નવેમ્બરથી 10 ડિસેમ્બર, 2025 દરમિયાન, પોલીસે આ પ્રતિબંધિત વસ્તુઓના ઉત્પાદન, વેચાણ, સંગ્રહ અથવા ઉપયોગ સંબંધિત 59 ગુના નોંધ્યા હતા. અધિકારીઓએ 12,066થી વધુ પ્રતિબંધિત દોરા અને સંબંધિત સામગ્રી - જેમ કે રીલ, સ્પૂલ, બોબિન્સ અને ટેલર, કટ દોરા જપ્ત કર્યા છે જેની કિંમત આશરે રૂ. 36.80 લાખ છે. વધુમાં, રાજ્યભરમાં 73 આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. જાહેર જાગૃતિ લાવવા માટે, રાજ્ય તંત્રએ શાળાઓ, કોલેજો, બજારો અને અન્ય સ્થળોએ 116 બેઠકોનું આયોજન કર્યું હતું. જાગૃતિ માટે વ્યાપકપણે અખબારોમાં જાહેરાતો પ્રકાશિત કરવામાં આવી હતી, અને જિલ્લા પોલીસ અને વહીવટી એકાઉન્ટ્સ દ્વારા X, Facebook, Instagram અને WhatsApp જેવા પ્લેટફોર્મ પર 230 સત્તાવાર સોશિયલ મીડિયા પોસ્ટ શેર કરવામાં આવી હતી.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

## બોલીવુડ ગોસીપ

### કરણ જોહરે વિરુષ્કાનાં લગ્નને એક ખાનગી ઓપરેશન ગણાવ્યાં

તાજતરમાં કરણ જોહરે બોલિવૂડમાં સૌથી વધુ ચર્ચાયેલાં સેલેબ્રિટી વેડિંગ વિશે વાત કરી હતી. તેણે આ લગ્નને એક ખાનગી ઓપરેશન જેવા ગણાવ્યાં હતાં, જેણે હાઈ પ્રોફાઈલ ડેસ્ટિનેશન સેરેમનીને નવી વ્યાખ્યા આપી હતી. કરણ જોહર અનુશ્કા શર્મા અને વિરાટ કોહલીનાં ૨૦૧૭માં ઈટાલીમાં



થયેલાં લગ્ન વિશે વાત કરતો હતો. જેણે લગ્નોની ગોપનીયતા અને દંપતિની અંગત પસંદ-નાપસંદ તેમજ વેડિંગ પ્લાનિંગ જેવી બાબતોને એક નવો દૃષ્ટિકોણ આપ્યો.૧૧ ડિસેમ્બર, ૨૦૧૭ના દિવસે અનુશ્કા અને વિરાટે ઈટાલીનાં ટસ્કનીમાં લગ્ન કર્યાં હતાં. આ વખતે બધું એટલું ખાનગી રાખવામાં આવ્યું હતું કે જયારે તેમની તસવીરો જાહેર થઈ તો તેમનાં ફૅન્સ સાથે ઈન્ડસ્ટ્રીનાં લોકોપણ ચકિત રહી ગયાં હતાં. આ લગ્નમાં એટલી તકેદારી રાખવામાં આવી હતી કે કશું જ લીક ન થઈ જાય, કોઈ જ અફવાઓ નહીં,પહેલાંથી કોઈ જ મીડિયા કવરેજ થયું નહોતું. તેમણે જ્યાં સુધી ઓફિશીયલી પોતાની તસવીરો સોશિયલ મીડિયા પર પોસ્ટ ન કરી ત્યાં સુધી કોઈને કશી જ ખબરપડી નહોતી. કરણ જોહરે કહ્યું, ‘‘આ લગ્નથી લગ્નોનું ડીએનએ અને માળખું જ બદલાઈ ગયું. તેનું સમગ્ર શ્રેય હું અનુશ્કા અને વિરાટનાં લગ્નને આપું છું. સમગ્ર દેશને સવારે ઉઠતાંવેંત આ સમાચાર મળ્યા, કોઈને ખબર નહોતી કે આવું થવા જઈ રહ્યું છે.આ એક ખાનગી ઓપરેશન હતું, અનુશ્કા જે રીતે ચાલીને મંડપમાં પ્રવેશી, તેનાથી બધાં તેનાં પ્રેમમાંપડી ગયાં હતાં.’’ કરણ જોહરે વેડિંગ પ્લાનર દેવિકા નારાયણ સાથેનીપોડકાસ્ટમાં આ અંગે વાત કરી હતી.

### હોરર ક્લાસિક ‘વીરાના’ અને ‘પુરાના મંદિર’ પરથી સોહમ શાહ ફિલ્મ બનાવશે

એક્ટર પ્રોડ્યુસર સોહમ શાહની ૨૦૧૮માં આવેલી ફિલ્મ ‘તુંબાડ’ને ૨૦૨૪માં ફરી રિલીઝ કરવામાં આવી હતી અને તે સાથે આ ફિલ્મે બોક્સ ઓફિસ પર કમાણીનાં ઘણા રેકોર્ડ તોડી નાખ્યા હતા. તુંબાડની રીરિલીઝને સારો પ્રતિસાદ મળ્યો હતો. આ સફળતાએ સોહમને તેમની ટીમનો



ફિલ્મની ગુણવત્તામાં વિશ્વાસ વધુ મજબુત કર્યો હતો. તેની સફળતા પછી સોહમ શાહ અને ટીમે તુંબાડ ટુની પણ જાહેરાત કરી દીધી હતી. હવે સોહમ શાહે હોરર ફિલ્મના શોખીનો માટે વધુ એક રસપ્રદ અપડેટ આપી છે. તેમણે ૮૦ અને ૯૦ના દસકાના હોરર ફિલ્મોના જાણીતા ફિલ્મ મેકર્સ રામસે બ્રધર્સની કેટલીક જાણીતી ફિલ્મના અધિકાર મેળવી લીધાં છે.આ અંગે સોહમ શાહે જાહેર કર્યું છે કે, ‘‘મેં તેમની ફિલ્મ વીરાના,પુરાની હવેલી અને પુરાના મંદીરના અધિકારો મેળવ્યા છે. તો હું આ ફિલ્મો બનાવીશ. મને હંમેશા થાય છે કે આપણે આ જોનરમાં ઘણું સારું કરી શકીએ છીએ. આજકાલ ઘણી હોરર કોમેડી ફિલ્મ બની રહી છે.પરંતુ તમે એક લેખક તરીકે સંપુર્ણ હોરર ફિલ્મમાં ઈચ્છો એવું કામ કરી શકો છો. લોકોને પ્રેડિક્ટિબલ ફિલ્મ જોવી ગમતી નથી તેથી તમે હોરર ફિલ્મમાં તમે ઘણું કામ કરી શકો છો. એવો એક મોટો વર્ગ છે, જેને સંપુર્ણ હોરર ફિલ્મ જોવામાં રસ છે. તેથી તેને બિઝનેસ તરીકે જોવા માટે આ યોગ્ય સમય છે.’’હાલ એક જોનરની ફિલ્મોના યુનિવર્સનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. ત્યારે પોતાની હોરર ફિલ્મોના યુનિવર્સ વિશે સોહમ શાહે જણાવ્યું, ‘‘એ તો, વિચારવુંપડશે કે બધું કઈ રીતે આગળ વધે છે,પરંતુ માત્ર તુંબાડનું જ એક અલગ યુનિવર્સ છે.

## બોની કપૂરની ઈચ્છા સલમાન સાથે ગજની બનાવવાની હતી

આમીર ખાનની ફિલ્મ ગજની બ્લોકબસ્ટર હતી. ફિલ્મમાં આમિર ખાનના અભિનયથી બધાનું દિલ જીતી લીધું ગજની એ અસિનને મુખ્ય ભૂમિકામાં દર્શાવતી દક્ષિણ ભારતીય ફિલ્મની હિન્દી રિમેક હતી.નિર્માતા બોની કપૂર મૂળ રીતે બીજા સ્ટાર સાથે આ ફિલ્મ બનાવવા માંગતા હતા. બોનીએ ખુલાસો કર્યો કે તેઓ શરૂઆતમાં ૨૦૦૦ ના દાયકાના મધ્યમાં સલમાન ખાન અભિનીત ગજનીની હિન્દી રિમેક બનાવવા માંગતા હતા. ૨૦૦૬ માં ગજનીમાં સુર્યાને જોયા પછી, બોનીને લાગ્યું કે સલમાન આ ભૂમિકા માટે યોગ્ય રહેશે. તેરે નામના પહેલા ભાગમાં સલમાનના વાળ લાંબા હતા, જ્યારે ઈન્ટરવલ પછી, જ્યારે સલમાનના પાત્ર રાધેને આશ્રમમાં મોકલવામાં આવે છે અને તેના વાળ કાપવામાં આવે છે, ત્યારે બોનીને લાગ્યું કે સલમાનનું શરીર ગજની માટે યોગ્ય રહેશે.બોનીએ વધુમાં કહ્યું કે પછી તેણે ફિલ્મના રાઈટ્સ માટે નિર્માતાઓનો સંપર્ક કર્યો, પરંતુ તેમણે તેમને કહ્યું કે અલ્લુ અરવિંદે તેમને રિમેકના રાઈટ્સ પહેલાથી જ આપી દીધા છે, જેમણે તેને તેલુગુમાં વિતરિત કરી હતી. ત્યારબાદ બોનીએ રાઈટ્સ મેળવવા માટે અલ્લુના મિત્ર મધુ મન્ટેનાનો સંપર્ક કર્યો. મધુ તેમને કહેતા રહ્યા કે તે બનશે. ફિલ્મમાં ખલનાયકની ભૂમિકા ભજવનારા પ્રદીપ રાવતે આમિરને તમિલ ફિલ્મ બતાવી. આમિરે છ મહિના સુધી ચર્ચા કરી કે શું તેણે ગજિનીની હિન્દી રિમેકમાં કામ કરવું જોઈએ,જ્યારે આમિરે આખરે હા પાડી, ત્યારે મધુ અને અલ્લુએ પોતે ફિલ્મનું નિર્માણ કરવાનું નક્કી કર્યું, અને હું ફિલ્મમાંથી બહાર થઈ ગયોઅંતે, એ.આર. મુરુગદાસ દ્વારા દિગ્દર્શિત, આમિર, અસીન, જિયા ખાન અને પ્રદીપ રાવત સાથે ગજિની બનાવવામાં આવી. તે સ્થાનિક સ્તરે ૧૦૦ કરોડ રૂપિયાની કમાણી કરનારી પહેલી ભારતીય ફિલ્મ હતી.

**લવ એન્ડ વોર અને રામાયણ ભાગ ૧. બાદની દિવાળી ૨૦૨૬ પર રિલીઝ થશે**

## રણબીર કપૂરની ‘એનિમલ પાર્ક’માં સલોની બત્રાની એન્ટ્રી કન્ફર્મ



રણબીર કપૂર પહેલાથી જ મજબૂત વાપસી માટે તૈયારી કરી રહ્યો છે. અલબત્ત, ૨૦૨૩ પછી તેની કોઈ પણ ફિલ્મ રિલીઝ થઈ નથી. પરંતુ ૨૦૨૬ અભિનેતાનું વર્ષ હોઈ શકે છે. તેની આગામી બંને ફિલ્મો મજબૂત કમાણી કરશે. જ્યારે રણબીર કપૂર બે વર્ષથી સખત મહેનત કરી રહ્યો છે, ત્યારે તે જે બે ફિલ્મો પર કામ કરશે તે છે લવ એન્ડ વોર અને રામાયણ ભાગ ૧. બાદની દિવાળી ૨૦૨૬ પર રિલીઝ થશે. જોકે, અભિનેતા પાસે ઘણી બધી ફિલ્મો છે. તેને પહેલા નિતેશ તિવારીની ‘રામાયણ ભાગ ૨’ પૂર્ણ કરવાની જરૂર છે. તે પછી, તે એનિમલ પાર્ક માટે પાછો ફરશે. રણબીર કપૂર હાલમાં અન્ય ફિલ્મોમાં કામ કરી રહ્યો છે. ‘‘એનિમલ પાર્ક’’ માટે તે ળી થશે ત્યાં સુધીમાં, સંદીપ રેડ્ડી વાંગા પણ પૂર્ણ થઈ જશે. તે હાલમાં પ્રભાસની ‘‘સ્પિરિટ’’ પર કામ કરી રહ્યો છે. જોકે, બધા જાણે છે કે રણબીર કપૂરની ‘‘એનિમલ પાર્ટ ૨’’ માટે ઘણી અપેક્ષાઓ છે. તેથી, આ ફિલ્મની વાર્તા અલગથી કેન્દ્રિત કરવામાં આવશે. જોકે બોબી દેઓલને ભાગ ૨ પહેલા જ ફિલ્મમાંથી બહાર કરવામાં આવ્યો હતો, પરંતુ એક અભિનેત્રી એવી છે જેણે તેની વાપસીની પુષ્ટિ કરી દીધી છે. તે ફિલ્મમાં રણબીર કપૂરની ખૂબ નજીક હતી.તાજેતરમાં, સલોની બત્રાએ વેબ સિરીઝ ‘‘ભય’’ માં જબરદસ્ત કામ કર્યું છે, જેના માટે તેણીની ખૂબ પ્રશંસા થઈ રહી છે. તેણીએ એ પણ પુષ્ટિ કરી કે તે રણબીર કપૂરની બ્લોકબસ્ટર એક્શન ફિલ્મ ‘‘એનિમલ’’ ની સિક્વલનો ભાગ બનશે. ભાગ ૨ ની વાર્તા પહેલા ભાગમાં જોવા મળતી એ જ હાઈ-ઓક્ટેન એક્શન ગાથા ચાલુ રાખશે. એક ઈન્ટરવ્યુમાં જ્યારે ‘‘એનિમલ ૨’’ વિશે પૂછવામાં આવ્યું ત્યારે અભિનેત્રીએ કહ્યું, ‘‘હું ‘‘એનિમલ ૨’’ માં હોઈશ. લોકોને ‘‘એનિમલ’’ ખૂબ ગમ્યું, તેથી નિર્માતાઓ મનોરંજન અને એક્શન સાથે સમાન સિનેમા બનાવવા માંગે છે. આ બોક્સ ઓફિસ અને આપણા માટે સારું છે.’’‘‘એનિમલ’’ માં, સલોની બત્રાએ રણબીર કપૂરની બહેન, રીતની ભૂમિકા ભજવી હતી, જે રણવિજયના પરિવારનો ભાગ હતી. તે વાર્તાની શરૂઆતમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જોકે, ફિલ્મના બીજા ભાગમાં અભિનેત્રીને મર્યાદિત સ્ક્રીન સમય મળ્યો હતો. ફિલ્મે ૯૧૫ કરોડની કમાણી કરી હતી. તેણીએ કહ્યું, ‘‘આ ઉતાર-ચઢાવની શ્રેણી રહી છે, કોઈ સરળ, સીધો રસ્તો નથી. જીવન દરેક માટે આવું જ છે. તમે તે પૃષ્ઠભૂમિમાંથી નથી આવતા, તેથી તમારી પાસે તમારા પોતાના અનોખા પડકારો છે, જે ક્યારેક ખૂબ ડરામણા હોઈ શકે છે. આ સફરમાં મેં ઘણું શીખ્યું છે.

**અક્ષય ખન્ના રાતોરાત સ્ટાર બની ગયો**

## પહેલાં રણવીરે ડોન 3 અને હવે અક્ષયે દૃશ્યમ 3 છોડી



એક તરફ અક્ષય ખન્નાના ધુરંધરમાં અભિનયના ભારોભાર વખાણ થઈ રહ્યા છે, તેની રીલ્સ વાયરલ થઈ રહી છે, જાણે અક્ષય ખન્ના રાતોરાત સ્ટાર બની ગયો છે. ત્યારે બીજી તરફ તેણે એક મહત્વની ફિલ્મ છોડી દીધી હોવાના અહેવાલો છે. અજય દેવગનની અતિ લોકપ્રિય ફ્રેન્ચાઇઝી દૃશ્યમમાં અક્ષય ખન્ના એકપોલિસ અધિકારીના રોલમાં જોવા મળ્યો છે. તાજેતરમાં જ અજય દેવગને આ ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મની જાહેરાત કરી છે. ત્યારે હવે એવા અહેવાલો આવી રહ્યા છે કે અક્ષય ખન્ના આ ફિલ્મનો ભાગ નથી. વળતર અને ક્રેએટીવ ડિરેકશન બાબતે પ્રોડક્સન ટીમ સાથે અસમહતીને કારણે અક્ષયે આ ફિલ્મ છોડી હોવાના અહેવાલો છે. આ અંગે ખુબ ચર્ચા છે અને ધુરંધરનાપગલે રનવીરે ડોન ૩ છોડ્યાપછી આ સમાચાર વધુ ધ્યાન ખેંચી રહ્યા છે,પરંતુ અક્ષય ખન્ના તરફથી આ અંગે કોઈ જ કન્ફર્મેશન કે સ્પષ્ટતા આપવામાં આવી નથી. ધુરંધરની સફળતાપછી અક્ષય ખન્નાએ આ રોલ માટે ઘણી વધારે ફી માગી હોવાની ચર્ચા છે. ધુરંધરમાં તેનુંપાત્ર વખણાયાપછી તેણે દૃષ્યમની ટીમ સાથે વળતર મુદ્દે ઘણી વાટાઘાટો કરી હતી. જેમાં તે મેકર્સ સાથે સહમત થઈ શક્યો નહીં. આ ઉપરાંત ક્રિએટીવ અસમહતીનેપણ આ નિર્ણયપાછળનું કારણ માનવામાં આવે છે. અક્ષયે સ્ક્રિપ્ટમાં તેના રોલમાં કેટલાંક મહત્વના સુધારા કરવા મેકર્સને વિનંતિ કરી હતી. મેકર્સને ફિલ્મની દૃષ્ટિએ એ સુધારા યોગ્ય લાગતા નહોતા. તેથી તેણે આ ફિલ્મ છોડી હોવાનીપણ ચર્ચા છે. છતાં સુત્રો એવુંપણ કહે છે કે, આ કોઈ આખરી નિર્ણય નથી, હજુ શૂટ શરૂ થયું નથી, તેથી આ મુદ્દે વધુ વાટાઘાટો થઈ શકે છે અને અક્ષય ફિલ્મમાંપાછોપણ ફરી શકે છે. દૃષ્યમ ૩ અભિષેકપાઠક દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે અને અજય દેવગન તેમાં ફરી એક વખત વિજય સલગાંવકરના રોલમાં જોવા મળશે. આ ફિલ્મમાં ફરી જુની કાસ્ટમાંથી તબુ, શ્રિયા સરન અને ઈશિતા દત્તા સહિતના કલાકારો જોવા મળશે.

## સુંદરતામાં ઐશ્વર્યા અને સુષ્મિતા વચ્ચે સ્પર્ધા, અક્ષય કુમારની “બહેન” ને ભક્તિ મળી

બોલિવૂડની ચમકતી દુનિયા દરેકને આકર્ષે છે. ગ્લેમર, ખ્યાતિ અને ચાહકોનો ઉન્માદ કોઈપણનું જીવન સંપૂર્ણપણે બદલી શકે છે. પરંતુ આ ચમકતી દુનિયામાં, કેટલાક એવા છે જે બાહ્ય પ્રકાશ વચ્ચે, પોતાના આંતરિક પ્રકાશને શોધવા માટે નીકળી પડે છે. આવી જ એક અભિનેત્રીની વાર્તા છે જેણે સ્વેચ્છાએ ગ્લેમરના જીવનને વિદાય આપી, ફિલ્મ ઉદ્યોગ છોડીને આધ્યાત્મિકતા અને ધ્યાનનો માર્ગ પસંદ કર્યો. એક સમયે રેડ કાર્પેટ પર ચાલતી આ અભિનેત્રી હવે સંયમ, મૌન અને આંતરિક શાંતિથી ભરેલું જીવન જીવે છે. આપણે વાત કરી રહ્યા છીએ બરખા મદન વિશે.બરખા મદનની સફર ગ્લેમરની દુનિયામાં શરૂ થઈ. આત્મવિશ્વાસપૂર્વક રેમ્પ પર ચાલતી, બરખાએ સુષ્મિતા સેન અને ઐશ્વર્યા રાય જેવી સુંદર સ્પર્ધકો સાથે મિસ ઈન્ડિયા જેવા ભવ્ય પ્લેટફોર્મ પર સ્પર્ધા કરી. ૧૯૯૪ ની મિસ ઈન્ડિયા સ્પર્ધામાં, તેણીએ ‘‘મિસ ટુરિઝમ ઈન્ડિયા’’ નો ખિતાબ જીત્યો. ત્યારબાદ તેણી મલેશિયામાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય સૌંદર્ય સ્પર્ધામાં ત્રીજા સ્થાને રહી. તે સમયે, બરખા એક ઉભરતી મોડેલ હતી, અને તેની કારકિર્દી ઝડપથી આગળ વધી રહી હતી.મોડેલિંગ પછી, બરખા મદન બોલિવૂડમાં પ્રવેશી. ૧૯૯૬માં, તેણી સુપરહિટ ફિલ્મ ‘‘ખિલાડીયોં કા ખિલાડી’’ માં અક્ષય કુમાર, રેખા અને રવિના ટંડન જેવા મોટા સ્ટાર્સ સાથે જોવા મળી હતી. ૨૦૦૩માં રામ ગોપાલ વર્માની ફિલ્મ ‘‘ભૂત’’ માં મનજીતની ભૂમિકાએ દર્શકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા. તેણીએ ટેલિવિઝન પર પણ મજબૂત હાજરી સ્થાપિત કરી હતી., ‘‘ન્યાય’’, ‘‘૧૮૫૭ ક્રાંતિ’’ જેવી લોકપ્રિય શ્રેણીઓમાં મુખ્ય ભૂમિકાઓ ભજવી હતી, જ્યાં તેણીએ રાણી લક્ષ્મીબાઈની ભૂમિકા ભજવી હતી, અને ‘‘સાત ફેરે’’. તેણીની કારકિર્દી સતત વધતી રહી, પરંતુ અંદર એક શૂન્યતા સ્થાયી થવા લાગી.બહારની દુનિયામાં તેની સફળતા અને ઓળખ હોવા છતાં, બરખાની બેચેની વધતી ગઈ. તેણી વારંવાર પોતાને પૂછતી હતી, ‘‘શું જીવનમાં આટલું જ છે?’’ તેણીની ખ્યાતિ અને ખ્યાતિ હોવા છતાં, તેણી એકલતા અનુભવતી હતી. તે તે ખાલીપણું સમજવાનો પ્રયાસ કરી રહી હતી જેને પૈસા કે લોકપ્રિયતા ભરી શકતી નથી.

**ત્રિવિક્રમ શ્રીનિવાસની ફિલ્મનું બજેટ ૧૦૦૦ કરોડ હોવાની ચર્ચા**

## અલ્લુ અર્જુન માયથોલેજિકલ એપિક ફિલ્મમાં અભિનય કરશે



અલ્લુ અર્જૂનનીપુષ્પાપછી તેની દરેક ફિલ્મની ચર્ચા રહે છે. લાંબા સમયથી તેની અટલી સાથેની સાઈ ફાઈ ફિલ્મનીપણ ચર્ચા છે. ત્યારે હવે અલ્લુ અર્જૂન અને ત્રિવિક્રમ એક માઈથોલોજિકલ એપિક ફિલ્મ કરી રહ્યા અહેવાલો છે. આ પહેલાં ત્રિવિક્રમ અને અલ્લુ અર્જૂન અલા વૈકુંઠપુર્રમુલ્લુ, જુલાયી, એસઓ સત્યમુર્તિ જેવી ફિલ્મ સાથે કરી ચૂક્યા છે. ‘‘તેમની આગામી ફિલ્મપહેલાં ક્યારેય જોવા ન મળી હોય એવા વિશાળ સ્કેલપર બની રહી છે, જેનું ૧૦૦૦ કરોડનું ભારે ભરખમ બજેટ છે.’’આ ફિલ્મ સાથે સંકળાયેલા એક સુત્રના જણાવ્યા અનુસાર, ‘‘આ એક ઘણો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે, જે અલ્લુ અર્જૂનને ધ્યાનમાં રાખીને જ લખાયો છે. તેથી અલ્લુ અર્જૂનના ફૅન્સ ઉત્સાહમાં છે. આ એક માઈથોલોજિકલ ફિલ્મ હોવાથી જેટલા વૈભવી અને વિશાળ દૃશ્યો હશે, એટલી જ તેની વાર્તાપણ રસપ્રદ હશે.પૅન ઈન્ડિયા અને ગ્લોબલ ઓડિયન્સ માટે આ ફિલ્મ માઈથોલોજી જોનરની ફિલ્મની નવી વ્યાખ્યા સમાન સાબિત થશે. ફેબ્રુઆરી ૨૦૨૭થી આ ફિલ્મનું શૂટ શરૂ થશે. એપહેલાં અલ્લુ અર્જૂન અટલીની ફિલ્મ શૂટ કરશે. તેની રિલીઝપછી તે ત્રિવિક્રમની ફિલ્મ શરૂ કરશે.’’અલ્લુ અર્જૂન અને ત્રિવિક્રમ જોડીની ફિલ્મ હંમેશા સફળ રહી છે અને તેઓ બંનેપણ એકબીજા સાથે કામ કરવા ઉત્સુક છે. રસપ્રદ વાત એ છે કે ત્રિવિક્રમ પહેલાંથી જ આ ફિલ્મ અલ્લુ અર્જૂન સાથે જ બનાવવા માગતા હતા.પરંતુ આ ફિલ્મ જુનિયર એનટીઆર પાસેપહોંચી ગઈ.પરંતુ હવે આ ફિલ્મ ફરી એક વખત અલ્લુ અર્જૂન પાસે પહોંચી ગઈ છે અને થોડાં વખતમાં આ ફિલ્મની ઓફિશિયલ અનાઉન્સમેન્ટ થશે. હાલ તો અલ્લુ અર્જૂન અટલીની મોટા બજેટની ફિલ્મ, જેને હાલ એએ૨૨એ૬ કહેવાય છે, તે મોટા બજેટની સાઈ-ફાઈ ફિલ્મ માટે કામ કરી રહ્યો છે. જેમાં ઈન્ટરનેશનલ લેવલના વીએફએક્સનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ એક મોટાપાયાની ફિલ્મ અને બારીકીથી બનેલી વાર્તા હોવાથી મેકર્સ તેને બે ભાગમાં રિલીઝ કરવાનું વિચારી રહ્યા છે.

**શૂટિંગ પૂર્ણ થઈ ગયાની જાહેરાત બાદ ફરી શિડયૂલ**

## શાહિદની ‘ઓ રોમિયો’નું રિલીઝના મહિના પહેલાં પણ શૂટિંગ ચાલશે

શાહિદ કપૂરની ‘ઓ રોમિયો’નું શૂટિંગ શિડયૂલ આ મહિનાના અંતે અને આગામી જાન્યુઆરીમાં પણ ગોઠવાયું હોવાના અહેવાલોથી આશ્ચર્ય પ્રસર્યું છે. વિશાલ ભારદ્વાજના પ્લાન પ્રમાણે આ ફિલ્મ આગામી વેલેન્ટાઈન ડેએ રીલિઝ થવાની છે. ફિલ્મનું શૂટિંગ અગાઉ પૂર્ણ થઈ ચૂક્યાની પણ જાહેરાત થઈ ગઈ છે. તેને બદલે હવે આ નવું શિડયૂલ ગોઠવાયું છે.સામાન્ય રીતે આજકાલ કોઈ ફિલ્મનું શૂટિંગ પૂર્ણ થાય પછી પોસ્ટ પ્રોડક્શન કમસે કમ છ મહિના ચાલતું હોય છે. તેને બદલે ફેબ્રુઆરીના સેકન્ડ વીકમાં રીલિઝ ડેટ હોવા છતાં પણ જાન્યુઆરીમાં શૂટિંગ શિડયૂલ ગોઠવાયું છે. આથી, ફિલ્મનાં રો ફૂટેજ જોયા પછી વિશાલ




**અન્ય ફિલ્મોનું છ માસ પોસ્ટ પ્રોડક્શન ચાલતું હોય છે : વિશાલ ભારદ્વાજનો આત્મવિશ્વાસ ડગ્યો**

ભારદ્વાજનો આત્મવિશ્વાસ ડગી ગયો છે કે શું તેવી ચર્ચા થઈ રહી છે. આ રિશિડયૂલમાં તૃપ્તિ ડિમરી તથા રણદીપ હુડાને બ્રેક અપાયો છે. મતલબ કે શાહિદનાં એક્શન દ્રશ્યોથી વિશાલ ભારદ્વાજ સંતુષ્ટ નહિ હોવાનું કહેવાય છે. એક દાવા અનુસાર અત્યાર સુધી શૂટ થઈ ચૂકેલી ફિલ્મનુંપેરેલલ એડિટિંગપણ શરુ થઈ ચૂક્યું છે.

**આ લગ્નથી ઇન્ડિયન ડેસ્ટિનેશન વેડિંગની વ્યાખ્યા બદલાઇ ગઇ**

## કરણ જોહરે વિરુષ્કાનાં લગ્નને એક ખાનગી ઓપરેશન ગણાવ્યાં

તાજતરમાં કરણ જોહરે બોલિવૂડમાં સૌથી વધુ ચર્ચાયેલાં સેલેબ્રિટી વેડિંગ વિશે વાત કરી હતી. તેણે આ લગ્નને એક ખાનગી ઓપરેશન જેવા ગણાવ્યાં હતાં, જેણે હાઈ પ્રોફાઈલ ડેસ્ટિનેશન સેરેમનીને નવી વ્યાખ્યા આપી હતી. કરણ જોહર અનુશ્કા શર્મા અને વિરાટ કોહલીનાં ૨૦૧૭માં ઈટાલીમાં થયેલાં લગ્ન વિશે વાત કરતો હતો. જેણે લગ્નોની ગોપનીયતા અને દંપતિની અંગત પસંદ-નાપસંદ તેમજ વેડિંગ પ્લાનિંગ જેવી બાબતોને એક નવો દૃષ્ટિકોણ આપ્યો.૧૧ ડિસેમ્બર, ૨૦૧૭ના દિવસે અનુશ્કા અને વિરાટે ઈટાલીનાં ટસ્કનીમાં લગ્ન કર્યાં હતાં. આ વખતે



બધું એટલું ખાનગી રાખવામાં આવ્યું હતું કે જયારે તેમની તસવીરો જાહેર થઈ તો તેમનાં ફૅન્સ સાથે ઈન્ડસ્ટ્રીનાં લોકોપણ ચકિત રહી ગયાં હતાં. આ લગ્નમાં એટલી તકેદારી રાખવામાં આવી હતી કે કશું જ લીક ન થઈ જાય, કોઈ જ અફવાઓ નહીં,પહેલાંથી કોઈ જ મીડિયા કવરેજ થયું નહોતું. તેમણે જ્યાં સુધી ઓફિશીયલી પોતાની તસવીરો સોશિયલ મીડિયા પર પોસ્ટ ન કરી ત્યાં સુધી કોઈને કશી જ ખબરપડી નહોતી. કરણ જોહરે કહ્યું, ‘‘આ લગ્નથી લગ્નોનું ડીએનએ અને માળખું જ બદલાઈ ગયું. તેનું સમગ્ર શ્રેય હું અનુશ્કા અને વિરાટનાં લગ્નને આપું છું. સમગ્ર દેશને સવારે ઉઠતાંવેંત આ સમાચાર મળ્યા, કોઈને ખબર નહોતી કે આવું થવા જઈ રહ્યું છે.આ એક ખાનગી ઓપરેશન હતું, અનુશ્કા જે રીતે ચાલીને મંડપમાં પ્રવેશી, તેનાથી બધાં તેનાં પ્રેમમાંપડી ગયાં હતાં.’’ કરણ જોહરે વેડિંગ પ્લાનર દેવિકા નારાયણ સાથેનીપોડકાસ્ટમાં આ અંગે વાત કરી હતી.

**સોહમન શાહે રામસે બ્રધર્સની હોરર ફિલ્મોના અધિકારો મેળવ્યા**

## હોરર ક્લાસિક ‘વીરાના’ અને ‘પુરાના મંદિર’ પરથી સોહમ શાહ ફિલ્મ બનાવશે

એક્ટર પ્રોડ્યુસર સોહમ શાહની ૨૦૧૮માં આવેલી ફિલ્મ ‘તુંબાડ’ને ૨૦૨૪માં ફરી રિલીઝ કરવામાં આવી હતી અને તે સાથે આ ફિલ્મે બોક્સ ઓફિસ પર કમાણીનાં ઘણા રેકોર્ડ તોડી નાખ્યા હતા. તુંબાડની રીરિલીઝને સારો પ્રતિસાદ મળ્યો હતો. આ સફળતાએ સોહમને તેમની ટીમનો ફિલ્મની ગુણવત્તામાં વિશ્વાસ વધુ મજબુત કર્યો હતો. તેની સફળતા પછી સોહમ શાહ અને ટીમે તુંબાડ ટુની પણ જાહેરાત કરી દીધી હતી. હવે સોહમ શાહે હોરર ફિલ્મના શોખીનો માટે વધુ એક રસપ્રદ અપડેટ આપી છે. તેમણે ૮૦ અને ૯૦ના દસકાના હોરર ફિલ્મોના જાણીતા ફિલ્મ મેકર્સ રામસે બ્રધર્સની કેટલીક



જાણીતી ફિલ્મના અધિકાર મેળવી લીધાં છે.આ અંગે સોહમ શાહે જાહેર કર્યું છે કે, ‘‘મેં તેમની ફિલ્મ વીરાના,પુરાની હવેલી અને પુરાના મંદીરના અધિકારો મેળવ્યા છે. તો હું આ ફિલ્મો બનાવીશ. મને હંમેશા થાય છે કે આપણે આ જોનરમાં ઘણું સારું કરી શકીએ છીએ. આજકાલ ઘણી હોરર કોમેડી ફિલ્મ બની રહી છે.પરંતુ તમે એક લેખક તરીકે સંપુર્ણ હોરર ફિલ્મમાં ઈચ્છો એવું કામ કરી શકો છો. લોકોને પ્રેડિક્ટિબલ ફિલ્મ જોવી ગમતી નથી તેથી તમે હોરર ફિલ્મમાં તમે ઘણું કામ કરી શકો છો. એવો એક મોટો વર્ગ છે, જેને સંપુર્ણ હોરર ફિલ્મ જોવામાં રસ છે. તેથી તેને બિઝનેસ તરીકે જોવા માટે આ યોગ્ય સમય છે.’’હાલ એક જોનરની ફિલ્મોના યુનિવર્સનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. ત્યારે પોતાની હોરર ફિલ્મોના યુનિવર્સ વિશે સોહમ શાહે જણાવ્યું, ‘‘એ તો, વિચારવુંપડશે કે બધું કઈ રીતે આગળ વધે છે,પરંતુ માત્ર તુંબાડનું જ એક અલગ યુનિવર્સ છે.

જયપુર જિલ્લાના ચૌમૂ શહેરમાં મધ્યરાત્રિ પછી અચાનક કોમી તણાવની સ્થિતિ ફાટી નીકળી, પોલીસે પથ્થરમારો કર્યો અને ઈન્ટરનેટ બંધ કરી દીધું

# રાજસ્થાનના ચૌમૂ કોમી તણાવ : જયપુર ચૌમૂ બસ સ્ટેન્ડ પોલીસ છાવણીમાં ફેરવાયું

### ઘણા પોલીસકર્મીઓ ઘાયલ થયા, પોલીસે ટીયર ગેસના શેલ અને લાઠીચાર્જનો આશરો લીધા, કડક કાર્યવાહી બાદ થોડા કલાકોમાં પરિસ્થિતિ કાબુમાં આવી ગઈ

• જયપુર,તા.૨૬

જયપુર જિલ્લાના ચૌમૂ શહેરમાં મધ્યરાત્રિ પછી અચાનક કોમી તણાવની સ્થિતિ ફાટી નીકળી હતી. એક મસ્જિદને લગતા વિવાદ દરમિયાન, કેટલાક અસામાજિક તત્વોએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો, જેમાં ઘણા પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. પરિસ્થિતિ વધુ વણસી જતાં, પોલીસે ટીયર ગેસના શેલ અને લાઠીચાર્જનો આશરો લીધો હતો. કડક કાર્યવાહી બાદ, થોડા કલાકોમાં પરિસ્થિતિ કાબુમાં આવી ગઈ હતી. અહેવાલો અનુસાર, શુક્રવાર સાંજથી મસ્જિદ સંકુલ નજીક રસ્તાની બાજુમાં પડેલા પથ્થરોને દૂર કરવાનું કામ ચાલી રહ્યું હતું. આ પથ્થરો લાંબા સમયથી વસ્તીવાળા વિસ્તારમાં રસ્તા પર પડયા હતા, જેના કારણે ટ્રાફિકમાં અવરોધ ઉભો થયો હતો અને વારંવાર ટ્રાફિક જામ થતો હતો. સ્થાનિક રહેવાસીઓએ પથ્થર હટાવવાનો વિરોધ કર્યો હતો, જેના કારણે ઘટનાસ્થળે મોટી સંખ્યામાં લોકો ભેગા થયા હતા. વિરોધ દરમિયાન, કેટલાક અસામાજિક તત્વોએ અચાનક પોલીસ દળ પર પથ્થરમારો શરૂ કર્યો. પરિસ્થિતિ કાબુ બહાર જતી જોઈને, પોલીસે ભીડને કાબુમાં લેવા માટે ટીયર-ગેસના શેલિંગ અને લાઠીચાર્જનો આશરો લીધો. ઘણા પોલીસ અધિકારીઓ ઘાયલ થયા. પરિસ્થિતિની ગંભીરતાને ઓળખીને, સ્પેશિયલ ઓપરેશન કમિશનર રાહુલ પ્રકાશ, એડિશનલ પોલીસ કમિશનર ડૉ. રાજીવ પચાર અને મનીષ અગ્રવાલ ઘટનાસ્થળે પહોંચ્યા. વરિષ્ઠ અધિકારીઓએ વ્યક્તિગત રીતે ચાર્જ સંભાળ્યો અને પરિસ્થિતિને કાબુમાં લીધી.

ઘટના બાદ, સાવચેતીના પગલા તરીકે ચૌમુન બસ સ્ટેન્ડ અને આસપાસના વિસ્તારોમાં ભારે પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું છે. સમગ્ર વિસ્તારને પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યો છે, અને પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ ચૌમુનમાં થયેલી હિંસાના જવાબમાં પોલીસને ઝડપી અને નિર્ણાયક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે. CMએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે રાજસ્થાનમાં કાયદો અને વ્યવસ્થામાં



કોઈપણ ખલેલ પહોંચાડવામાં આવશે નહીં. તેમણે સ્પષ્ટ કર્યું કે પથ્થરમારો કરનારાઓ પર ફૂલોનો વરસાદ નહીં થાય, પરંતુ તેમને જેલના સળિયા પાછળ મોકલવામાં આવશે. રાજ્ય સરકાર હવે બદમાશો સામે 'ઝીરો ટોલરન્સ' નીતિ લાગુ કરી રહી છે. પ્રત્યક્ષદર્શીઓ કહે છે કે ચાર દાયકાથી વધુ સમયથી ધાર્મિક સ્થળની નજીક પથ્થરમારો થઈ રહ્યો હતો. પોલીસ વહીવટીતંત્ર ટ્રાફિક જામને દૂર કરવા માટે પથ્થરો દૂર કરવા માંગતું હતું. સમુદાયના સભ્યો સાથે ચર્ચા કર્યા પછી એક સમજૂતી થઈ. રમખાણો પહેલા પથ્થર હટાવવાનું કામ ચાલી રહ્યું હતું. જોકે, કેટલાક તોફાનીઓએ મૂંઝવણ ઉભી કરી હતી. ૨૫ ડિસેમ્બરની રાત સુધી ચૌમુ સંપૂર્ણપણે શાંતિપૂર્ણ હતું. પરંતુ ૧૨ વાગ્યા સુધીમાં, એક હિંસક ઘટના બની, જેમાં ભીડ અચાનક હિંસક બની ગઈ અને તેમની સુરક્ષા માટે તૈનાત પોલીસકર્મીઓને નિશાન બનાવી. ચૌમુમાં હિંસા બાદ ઈન્ટરનેટ સેવાઓ બંધ કરવામાં આવી છે. વહીવટીતંત્રે આમ કરવાનો આદેશ જારી કર્યો છે. દરમિયાન, પોલીસ દળો દરોડા પાડી રહ્યા છે અને પથ્થરમારો કરનારાઓને પકડી રહ્યા છે. વરિષ્ઠ અધિકારીઓ વિસ્તારમાં તૈનાત છે. સ્પેશિયલ પોલીસ કમિશનર રાહુલ પ્રકાશે જણાવ્યું હતું કે પોલીસે હવે ચૌમુનમાં દરોડા શરૂ કર્યા છે. અત્યાર સુધીમાં, પોલીસે બજારની વચ્ચેથી ત્રણ બદમાશોની ધરપકડ કરી છે. ચૌમુનમાં પરિસ્થિતિને નિયંત્રિત કરવા માટે વરિષ્ઠ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે હાજર છે. તેમાં સ્પેશિયલ કમિશનર (ઓપરેશન) રાહુલ પ્રકાશ, ડીસીપી (પશ્ચિમ) હનુમાન પ્રસાદ મીણા, વધારાના પોલીસ કમિશનર ડૉ. રાજીવ પચાર અને વધારાના પોલીસ કમિશનર (કાયદો અને વ્યવસ્થા) ડૉ. રાજીવ પચારનો સમાવેશ થાય છે. પરિસ્થિતિને નિયંત્રિત કરવા માટે ચૌમુનમાં અનેક પોલીસ સ્ટેશનની પોલીસ તૈનાત કરવામાં આવી છે. આમાં જયપુર પોલીસ લાઈન્સ, હરમારા, દૌલતપુરા, મુરલીપુરા અને વિશ્વકર્મા પોલીસ સ્ટેશનની પોલીસનો સમાવેશ થાય છે. વહીવટીતંત્રે ઘટનાસ્થળે એક સ્પેશિયલ ટાસ્ક ફોર્સ, રમખાણ નિયંત્રણ વાહનો અને વધારાના દળો પણ મોકલ્યા છે. પોલીસે જનતાને શાંતિ જાળવવા અપીલ કરી છે. તેમણે લોકોને સોશિયલ મીડિયા પર અફવાઓ ન ફેલાવવા વિનંતી કરી. જે લોકો ખોટા સમાચાર, ભ્રામક પોસ્ટ અથવા સમાજમાં તણાવ ઉશ્કેરતી અફવાઓ ફેલાવવાને બહાદુરી માને છે તેઓએ સાવધ રહેવું જોઈએ. તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે.

---

બુશરા બીબીએ ૧૫ કિલો વજન ઘટાડયું

## જેલમાં બુશરા બીબીને જીવતી જંતુઓ અને ઉંદરો ફાડી નાખે છે

• ઈસ્લામાબાદ,તા.૨૬

પાકિસ્તાનના ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનની પત્ની બુશરા બીબી હાલમાં અદિયાલા જેલમાં કેદ છે. તેમની સ્થિતિ પ્રાણી કરતાં પણ ખરાબ છે. પરિસ્થિતિ એટલી ખરાબ છે કે સત્ય જાણીને કોઈ પણ ચોંકી જશે. અમે આ બનાવી રહ્યા નથી. આ બધી વિગતો યુએન ઑફિસ ફોર હ્યુમન રાઈટ્સ દ્વારા એક પ્રેસ રિલીઝમાં વિગતવાર આપવામાં આવી છે. બુશરા બીબીને એક નાના, હવાની અવરજવર વગરના સેલમાં રાખવામાં આવી છે. સેલ ગંદો, વધુ ગરમ અને જંતુઓ અને ઉંદરોથી ભરેલો છે. વીજળીના ગુલામ થવાથી ઘણીવાર અંધારું થઈ જાય છે. તેણીને દૂષિત પીવાનું પાણી મળે છે, અને તેના ખોરાકમાં એટલું બધું મરચું હોય છે કે તે સ્વાદહીન બની જાય છે. પરિણામે, બુશરા બીબીએ લગભગ ૧૫ કિલોગ્રામ વજન ઘટાડયું છે. તેણી વારંવાર ચેપ અને બેહોશીથી પીડાય છે. તેણીની અગાઉની જેલ દરમિયાન તેણીને મળેલા અસ્વચ્છ ખોરાકને કારણે તેણીને પેટમાં અલ્સર થયા હતા અને સારવાર ન કરાયેલ દાંતમાં સડો થયો હતો. અહેવાલ મુજબ, બુશરા બીબીને દિવસમાં ૨૨ કલાકથી વધુ સમય માટે એકલી રાખવામાં આવે છે. કેટલીકવાર, કોઈ પણ વ્યક્તિ સતત ૧૦ દિવસથી વધુ સમય માટે મળવા જતું નથી. તેણીને બહાર જવા, પુસ્તકો વાંચવા, તેના વકીલ અથવા પરિવાર સાથે મળવા અથવા તેના ડૉક્ટર પાસેથી સારવાર લેવાની મંજૂરી નથી. અહેવાલમાં જણાવાયું છે કે પાકિસ્તાન સરકાર બુશરા બીબીને વકીલો સાથે વાત કરવા, પરિવાર સાથે મળવા અથવા કોઈ માનવ સંપર્ક કરવાની મંજૂરી આપવાની મંજૂરી નથી. યુએન નિષ્ણાત એલિસ જીલ એડવર્ડ્સે આ મામલે પાકિસ્તાનની કડક ટીકા કરી છે. તેણી કહે છે કે આવી પરિસ્થિતિઓ કોઈપણ કેદી માટે અસહ્ય છે. ગરમી, અસ્વચ્છ ખોરાક અને પાણી અને બીમારીને અવગણવી ખોટી છે. એડવર્ડ્સે પાકિસ્તાનને યાદ અપાવ્યું કે કેદનું સ્થાન અને કેદીની ઉંમર, લિંગ અને સ્વાસ્થ્યને ધ્યાનમાં લેવું જોઈએ. બુશરા બીબીની સ્થિતિ અંગે ઔપચારિક ફરિયાદ સરકારને મોકલવામાં આવી છે અને તેના પર વધુ દેખરેખ રાખવામાં આવશે. પંજાબ સરકાર અને જેલ અધિકારીઓએ યુએનના આરોપોને સંપૂર્ણપણે નકારી કાઢયા છે. તેઓ કહે છે કે બુશરાને એક અલગ રૂમ, નિયમિત ડૉક્ટર ચેકઅપ અને પરિવાર અને વકીલો સાથે સંપૂર્ણ સંપર્ક મળી રહ્યો છે. અગાઉના અહેવાલો કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા જેમાં કહેવામાં આવ્યું હતું કે બધું બરાબર છે.

---

## ૧૦ કિમી સુધી ડ્રોન શોધી શકે તેવી એન્ટી-ડ્રોન સિસ્ટમLoC પર તૈનાત

• ઈસ્લામાબાદ, તા.૨૬

પાકિસ્તાને પાક-અધિકૃત કાશ્મીર(PoK)માં લાઇન ઓફ કંટ્રોલ(LoC) નજીક એન્ટી-ડ્રોન સિસ્ટમ તૈનાત કરી છે. રિપોર્ટ્સ અનુસાર, નવી કાઉન્ટર-અનમેન્ડ એરિયલ સિસ્ટમ (C-UAS)ને રાવલકોટ, કોટલી અને ભિમ્બર સેક્ટરમાં સ્થાપિત કરવામાં આવી છે. પાકિસ્તાની સેનાને આશંકા છે કે ભારત ફરીથી ઓપરેશન સિંદૂર જેવું પગલું ભરી શકે છે. રિપોર્ટ્સ અનુસાર, પાકિસ્તાને LoC પર ૩૦થી વધુ ખાસ એન્ટી-ડ્રોન યુનિટ્સ તૈનાત કરી છે. આ તૈનાતી મુર્રીની ૧૨મી ઈન્ફન્ટ્રી ડિવિઝન અને ૨૩મી ઈન્ફન્ટ્રી ડિવિઝન દ્વારા કરવામાં આવી છે, જે કોટલી-ભિમ્બર વિસ્તારની બ્રિગેડ્સનું સંચાલન કરે છે. તેનો હેતુ LoC નજીક હવાઈ દેખરેખ અને ઈલેક્ટ્રોનિક વોરફેયર ક્ષમતાને મજબૂત કરવાનો છે. સ્પાઈડર એન્ટી-ડ્રોન સિસ્ટમ રેડિયો ફ્રીક્વન્સી દ્વારા ડ્રોનનો પત્તો લગાવે છે અને લગભગ ૧૦ કિલોમીટર સુધી નાના ડ્રોન અને લોઈટરિંગ મ્યુનિશનને ઓળખી શકે છે. તે પોર્ટેબલ અને વાહન-માઉન્ટેડ બંને સ્વરૂપોમાં ઉપલબ્ધ છે. તે ડ્રોનના કમ્યુનિકેશનને અવરોધીને તેને હવામાં રોકાવા, પાછા ફરવા અથવા લેન્ડ કરવા મજબૂર કરે છે.

એન્ટ્રી ડ્રોન સિસ્ટમની સાથે પાકિસ્તાને એર ડિફેન્સ હથિયારો પણ તૈનાત કર્યા છે. આમાં ઓર્લિકોનGDF 35 mm ડબલ બેરલ એન્ટી-એરક્રાફ્ટ ગન, રડાર સપોર્ટ સાથે અનેAnzaMk-II અનેMk-III MANPADSનો સમાવેશ થાય છે, જે ઓછી ઊંચાઈએ ઉડતા લક્ષ્યોને નિશાન બનાવી શકે છે. રિપોર્ટ્સ અનુસાર, આ તૈનાતીઓ પશ્ચિમી સરહદ પર ભારતની વધતી સૈન્ય સક્રિયતાને લઈને પાકિસ્તાનની બેચેની દર્શાવે છે. આ દરમિયાન, પાકિસ્તાન તુર્કી અને ચીન પાસેથી નવા ડ્રોન અને એર ડિફેન્સ સિસ્ટમ ખરીદવા અંગે પણ વાતચીત કરી રહ્યું છે..

---

સોનાનો પણ ઓલ ટાઇમ હાઇ રેકોર્ડ

## ચાંદીમાં એક જ દિવસમાં ૮૪૦૦નો ઐતિહાસિક ઉછાળો

• નવી દિલ્હી, તા.૨૬

વૈશ્વિક બજારોમાંથી મળેલા મજબૂત સંકેતો અને ઘરેલુ બજારમાં રોકાણકારોની ભારે ખરીદીને પગલે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ(MCX) પર સોના અને ચાંદીના ભાવમાં શુક્રવારે ઐતિહાસિક ઉછાળો જોવા મળ્યો હતો.

ચાંદીના ભાવમાં તોફાની તેજી જોવા મળી હતી, જ્યારે સોનાએ પણ નવી સર્વોચ્ચ સપાટી બનાવી હતી, જેના કારણે બુલિયન માર્કેટમાં રોકાણકારોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

MCX પર ફેબ્રુઆરી ૨૦૨૬ વાયદાના સોનાનો ભાવ રૂ.૧,૦૬૪ના ઉછાળા સાથે રૂ.૧,૩૯,૧૬૧ પ્રતિ ૧૦ ગ્રામની રેકોર્ડ સપાટીએ પહોંચી ગયો હતો. જોકે, ખરી તેજી ચાંદીમાં જોવા મળી હતી. માર્ચ ૨૦૨૬ વાયદાના ચાંદીના ભાવમાં પ્રતિ



કિલોગ્રામે રૂ.૮,૪૪૯નો જબરદસ્ત ઉછાળો નોંધાયો હતો, અને ભાવ રૂ.૨,૩૨,૨૩૯ની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચી ગયો હતો. શુક્રવારે શરુઆતી વેપારમાં ચાંદીના વાયદાના ભાવ રૂ.૮,૦૦૦થી વધુ ઉછળીને રૂ.૨,૩૨,૭૪૧ પ્રતિ કિલોગ્રામની નવી ટોચે પહોંચ્યા હતા. બજારના નિષ્ણાતોના મતે, આ અભૂતપૂર્વ તેજી પાછળ આંતરરાષ્ટ્રીય અને ઘરેલુ પરિબળો જવાબદાર છે. આંતરરાષ્ટ્રીય બજારમાં, યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા ભવિષ્યમાં વ્યાજદરમાં ઘટાડો થવાની સંભાવનાઓને કારણે સોનાના ભાવમાં વધારો થયો છે. આ ઉપરાંત, વધતા ભૌગોલિક-રાજકીય તણાવને કારણે રોકાણકારો સુરક્ષિત રોકાણ તરીકે સોના-ચાંદી તરફ વળ્યા છે. ચાંદીના ભાવમાં થયેલા મોટા ઉછાળા પાછળ વૈશ્વિક સ્તરે પુરવઠાની અછત, મજબૂત ઔદ્યોગિક માંગ અને ભારતીય આયાતમાં વધારો જેવા કારણો મુખ્ય છે. સપ્લાય ચેઈનમાં વિક્ષેપ પણ આ તેજી પાછળ એક મુખ્ય પરિબળ છે. વિશ્વભરની કેન્દ્રીય બેંકો દ્વારા સોનાની સતત ખરીદી પણ ભાવ વધારાને ટેકો આપી રહી છે. ડૉલર સામે રૂપિયાના મૂલ્યમાં થતી વધઘટ પણ સ્થાનિક બજારમાં સોના-ચાંદીના ભાવને પ્રભાવિત કરે છે.

---

## બાંગ્લાદેશી હિંદુ યુવકની હત્યા કેસમાં વધુ 6ની ધરપકડ:અત્યાર સુધીમાં 18ની અટકાયત

### મંદિર તોડવા, મહિલાઓ પર હુમલા અને આવી ઘટનાઓ પર હવે ચૂપ રહી શકાય નહી

• ઢાકા

બાંગ્લાદેશમાં દીપુ ચંદ્ર દાસની નિર્દયતાથી કરવામાં આવેલી હત્યાના કેસમાં પોલીસે વધુ છ લોકોની ધરપકડ કરી છે. આ ધરપકડ મયમનસિંહ જિલ્લાના ભાલુકા વિસ્તારમાં દરોડા દરમિયાન થઈ હતી. ઢાકા ટ્રિબ્યુનના રિપોર્ટ અનુસાર, આ લોકો પર આરોપ છે કે તેઓ દીપુ દાસ પર પોતાની નોકરી છોડવા માટે દબાણ કરી રહ્યા હતા. આ કેસમાં અત્યાર સુધીમાં કુલ 18 લોકોની અટકાયત કરવામાં આવી છે. દીપુ ચંદ્ર દાસની 18 ડિસેમ્બરે ભીડે માર મારીને હત્યા કરી દીધી હતી. ત્યારબાદ હુમલાખોરોએ તેમને એક ઝાડ સાથે બાંધીને આગ પણ લગાડી દીધી હતી. આ ઘટના બાદ લઘુમતી હિંદુ સમુદાયે



મોટા પાયે વિરોધ પ્રદર્શન કર્યું હતું. પ્રદર્શનકારીઓએ 18 ડિસેમ્બરે દીપુના મૃતદેહને નગ્ન કરીને ઝાડ પર લટકાવીને આગ લગાડી દીધી હતી. આ ઘટનાના વિરોધમાં હિંદુ સંગઠન નેશનલ હિંદુ મહાજોતે ઢાકાના નેશનલ પ્રેસ ક્લબ ખાતે પ્રદર્શન કર્યું. પ્રદર્શનકારીઓએ દીપુ દાસની હત્યાની નિંદા કરી અને માગ કરી કે દોષિતોને કડક સજા કરવામાં આવે. તેમણે એમ પણ કહ્યું કે બાંગ્લાદેશમાં લઘુમતી હિંદુઓ પર હુમલા વધી રહ્યા છે અને સરકારે તેમની સુરક્ષા માટે નક્કર પગલા ભરવા જોઈએ. બાંગ્લાદેશમાં વધતી હિંસાને લઈને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. વિશ્વ હિંદુ પરિષદના નેતા વિનોદ બંસલે કહ્યું છે કે ચૂંટણી પહેલા થઈ રહેલી આ હિંસા સમગ્ર વિશ્વ માટે ચેતવણી છે અને સંયુક્ત રાષ્ટ્ર (UN)એ તેમાં તાત્કાલિક હસ્તક્ષેપ કરવો જોઈએ. તેમણે સવાલ ઉઠાવ્યો કે આંતરરાષ્ટ્રીય માનવાધિકાર સંસ્થાઓ આ મામલે કેમ મૌન છે. આ પહેલા UN મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે નિવેદન જાહેર કરીને બાંગ્લાદેશના લોકોને અપીલ કરી હતી.


---

આરોપી ફરાર; ૩ દિવસમાં ૨ ઈન્ડિયનનું મર્ડર

## કેનેડામાં ભારતીય વિદ્યાર્થીની હત્યા, યુનિવર્સિટીમાં ગોળી મારી:કેમ્પસમાં સુરક્ષા એલર્ટ જારી કરાયું

• ટોરોન્ટો, તા.૨૬

કેનેડાની યુનિવર્સિટી ઓફ ટોરોન્ટો નજીક ભારતીય મૂળના ૨૦ વર્ષીય વિદ્યાર્થી શિવાંક અવસ્થીની ગોળી મારીને હત્યા કરવામાં આવી. આ ટોરોન્ટોમાં ૨૦૨૫ની ૪૧મી હત્યા છે. આ ઘટના કેમ્પસ નજીક બનતા વિદ્યાર્થીઓમાં ભયનો માહોલ છે અને યુનિવર્સિટીએ પણ સુરક્ષા એલર્ટ જાહેર કર્યું છે. પોલીસના જણાવ્યા અનુસાર, ૨૩ ડિસેમ્બરે બપોરે હત્યાની જાણ થઈ હતી. પોલીસે ઘટનાસ્થળે શિવાંક અવસ્થીને ગોળી વાગેલી હાલતમાં જોયા અને તેમને ઘટનાસ્થળે જ મૃત જાહેર કરવામાં આવ્યા. શંકાસ્પદ વ્યક્તિઓ પોલીસ આવે એ પહેલાં ઘટનાસ્થળેથી ફરાર થઈ ગઈ હતી. પોલીસે લોકોને શંકાસ્પદ વ્યક્તિઓ સંબંધિત કોઈપણ માહિતી મળે તો જાણ કરવા અપીલ કરી છે. ટોરોન્ટોમાં ૩ દિવસમાં બે ભારતીયની હત્યા થઈ. આ પહેલાં ૨૦ ડિસેમ્બરે ભારતીય



મૂળની મહિલા હિમાંશી ખુરાનાની તેના પાર્ટનર દ્વારા હત્યા કરવામાં આવી હતી. ટોરોન્ટોમાં ભારતીય દૂતાવાસે આ દુઃખદ ઘટના પર ઘેરો શોક વ્યક્ત કર્યો અને જણાવ્યું કે તેઓ શિવાંકના પરિવારના સંપર્કમાં છે. સ્થાનિક અધિકારીઓ સાથે મળીને દરેક સંભવ મદદ પૂરી પાડી રહ્યા છે. દૂતાવાસે પોતાના નિવેદનમાં શિવાંકને એક યુવા ભારતીય ડોક્ટરલ વિદ્યાર્થી ગણાવ્યો છે, જોકે કેટલાક અહેવાલોમાં તેમને લાઈફ સાયન્સના અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થી પણ કહેવામાં આવ્યા છે.

---

## કેરળમાં ભાજપે રચ્યો ઈતિહાસ પ્રથમવાર મેયર પદ કબજે કર્યું

### કેરળના રાજકારણમાં એક નવો સૂર્યોદય થયો : તિરુવનંતપુરમમાં વી વી રાજેશને ૧૦૦માંથી ૫૧ વોટ

• થિરૂવનંતપૂરમ્ , તા.૨૬

કેરળના રાજકારણમાં શુક્રવારે એક નવો સૂર્યોદય થયો છે. દાયકાઓથી ડાબેરીઓ અને કોંગ્રેસના વર્ચસ્વવાળા આ રાજ્યમાં ભાજપે ઈતિહાસ રચી દીધો છે. ભાજપના વરિષ્ઠ નેતા વી.વી. રાજેશ કેરળની રાજધાની તિરુવનંતપુરમ નગર નિગમના પ્રથમ ભાજપના મેયર તરીકે ચૂંટાયા છે. શુક્રવારે સવારે યોજાયેલી મેયરની ચૂંટણીમાં ૪૫ વર્ષીય વી.વી. રાજેશને કુલ ૫૧ મતો મળ્યા હતા, જેની સાથે જ ૧૦૦ સભ્યોની હાજરીવાળા ગૃહમાં ભાજપે બહુમતી માટે જરૂરી આંકડો સફળતાપૂર્વક મેળવી લીધો હતો. આ ચૂંટણીમાં ભાજપના ઉમેદવારને એક અપક્ષ કાઉન્સિલર એમ. રાધાકૃષ્ણનનું પણ મહત્ત્વનું સમર્થન પ્રાપ્ત થયું હતું. મતોના સમીકરણ પર નજર કરીએ તો, ભાજપના વી.વી. રાજેશને ૫૧ મત મળ્યા હતા, જ્યારે તેમની સામે લડી રહેલા CPIMના આર.પી. શિવાજીને ૨૯ અને કોંગ્રેસ પ્રેરિત UDFના ઉમેદવાર કે.એસ. સબરિનાથનને માત્ર ૧૯ મતોથી સંતોષ માનવો પડયો હતો. ઉલ્લેખનીય છે કે, ડિસેમ્બરની શરૂઆતમાં યોજાયેલી મ્યુનિસિપલ ચૂંટણીમાં ભાજપે ૧૦૦ માંથી ૫૦ બેઠકો જીતીને અગાઉથી જ પોતાની મજબૂત પકડ સાબિત કરી દીધી હતી. આ જીત ભાજપ માટે માત્ર એક શહેરની સત્તા નથી, પરંતુ એક મોટી વિચારધારાની જીત માનવામાં આવે છે. છેલ્લા ૪૫ વર્ષોથી તિરુવનંતપુરમ નગર નિગમ પરCPM(ડાબેરીઓ)નો કબજો હતો. ભાજપે આ પરંપરાને તોડીને દક્ષિણ ભારતમાં પોતાની શક્તિનો પરિચય આપ્યો છે. કેરળ ભાજપ અધ્યક્ષ રાજીવ ચંદ્રશેખરે આક્ષેપ કર્યો હતો કે પાછલા શાસનમાં નિગમ ભ્રષ્ટાચારનો અડ્ડો બની ગયું હતું અને પાયાની સુવિધાઓ જેવી કે કચરા વ્યવસ્થાપન અને પાણીના મુદ્દે શહેર પાછળ ધકેલાઈ ગયું હતું. પદ સંભાળ્યા બાદ પોતાની પ્રથમ પ્રતિક્રિયામાં વી.વી. રાજેશે જણાવ્યું કે, અમે સૌને સાથે લઈને આગળ વધીશું. શહેરના તમામ ૧૦૧ વોર્ડમાં સમાન વિકાસ કરવામાં આવશે. અમારું લક્ષ્ય તિરુવનંતપુરમને એક આધુનિક અને વિકસિત શહેરમાં બદલવાનું છે. કેરળમાં આગામી છ મહિનામાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે.

---

ભૂતપૂર્વ વડા પ્રધાન નજીબને તેમની અંતિમ અપીલ ગુમાવ્યા બાદ ઓગસ્ટ ૨૦૨૨ માં પ્રથમ વખત જેલમાં મોકલવામાં આવ્યા હતા. તેઓ મલેશિયાના પહેલા ભૂતપૂર્વ વડા પ્રધાન છે જેમને જેલમાં મોકલવામાં આવ્યા છે

# મલેશિયાના ભૂતપૂર્વ વડા પ્રધાન નજીબ રઝાક ભ્રષ્ટાચારના આરોપો સહિત અનેક કેસોમાં દોષિત

• પુત્રજયા,તા.૨૬

૧એમડીબી રાજય રોકાણ ભંડોળમાંથી લૂંટાયેલા અબજો ડોલર સંબંધિત ભ્રષ્ટાચાર કેસમાં શુક્રવારે મલેશિયાના ભૂતપૂર્વ વડા પ્રધાન નજીબ રઝાકને દોષિત ઠેરવવામાં આવ્યા હતા. દેશની હાઈકોર્ટે ૭૨ વર્ષીય નજીબને સત્તાના દુરુપયોગના ત્રણ ગુનામાં દોષિત ઠેરવ્યા હતા. વધારાના આરોપો પર ચુકાદા જારી કરવામાં આવી રહ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે તેમણે ૧એમડીબી ભંડોળમાંથી ૭૦૦ મિલિયનથી વધુ તેમના અંગત બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કર્યા હતા.

જેલમાં બંધ મલેશિયાના ભૂતપૂર્વ વડા પ્રધાન નજીબ રઝાક પહેલાથી જ અનેક કેસોમાં દોષિત ઠેરવવામાં આવ્યા છે. નજીબે ૨૦૦૯ થી ૨૦૧૮ સુધી વડા પ્રધાન તરીકે સેવા આપી હતી. હાલમાં તેઓ ૧એમડીબી કૌભાંડ સંબંધિત અગાઉના કેસમાં દોષિત ઠેરવવામાં આવી રહ્યા છે, જેના કારણે ૨૦૧૮ માં તેમની સરકારનો પરાજય થયો હતો. ૨૦૨૦ માં, તેમને સત્તાના દુરુપયોગ, વિશ્વાસઘાતના ગુનાહિત ભંગ અને મની લોન્ડરિંગ માટે ૧૨ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી, જેમાં ૧એમડીબી ના ભૂતપૂર્વ એકમ એસઆરસી ઈન્ટરનેશનલમાંથી ૪૨ મિલિયન રિંગિટ (૧૦.૩ મિલિયન) તેમના ખાતાઓમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. ભૂતપૂર્વ વડા પ્રધાન નજીબને તેમની અંતિમ અપીલ ગુમાવ્યા બાદ ઓગસ્ટ ૨૦૨૨ માં પ્રથમ વખત જેલમાં મોકલવામાં આવ્યા હતા. તેઓ મલેશિયાના પહેલા ભૂતપૂર્વ વડા પ્રધાન છે જેમને જેલમાં મોકલવામાં આવ્યા છે. માફી આપવા અંગે શાસકોને સલાહ આપતી સંસ્થા, પેર્ડન્સ બોર્ડે ૨૦૨૪ માં તેમની સજા અડધી કરી અને તેમના દંડમાં નોંધપાત્ર ઘટાડો કર્યો. નજીબે ૨૦૦૯ માં પદ સંભાળ્યા પછી ૧ એમડીબી વિકાસ ભંડોળની સ્થાપના કરી. વડા પ્રધાન તરીકે, તેમણે ૧MDB ના સલાહકાર બોર્ડના અધ્યક્ષ હતા અને નાણાં પ્રધાન તરીકે વીટો પાવર રાખ્યો હતો. આ ભ્રષ્ટાચાર કૌભાંડે વૈશ્વિક બજારોને હચમચાવી નાખ્યા છે અને યુનાઈટેડ સ્ટેટ્સ અને અન્ય દેશોમાં તપાસ શરૂ કરી છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ અનુસાર, ૨૦૦૯ અને ૨૦૧૪ ની વચ્ચે, નજીબના ટોચના અધિકારીઓ અને સહયોગીઓએ ફંડમાંથી ૪.૫ બિલિયનથી વધુની ઉચાપત કરી, તેને યુએસ, સિંગાપોર અને સ્વિટ્ઝર્લૅન્ડ સહિતના દેશોમાં લોન્ડરિંગ કર્યું. અધિકારીઓએ આરોપ લગાવ્યો કે આ ભંડોળનો ઉપયોગ હોલીવુડ ફિલ્મોને નાણાં આપવા અને હોટલ, લકઝરી યાટ્સ, કલા અને ઘરેણાં જેવી ઉડાઉ ખરીદી કરવા માટે કરવામાં આવતો હતો. તત્કાલીન યુએસ એટર્ની જનરલ જેફ સેશન્સે તેને 'ક્લેપ્ટોક્રસી સૌથી ખરાબ' ગણાવ્યું. આ કૌભાંડથી વોલ સ્ટ્રીટ પર પણ અસર પડી, જ્યાં ગોલ્ડમેન સૅક્સને ૧ એમડીબી માટે ભંડોળ એકત્ર કરવામાં ભૂમિકા બદલ અબજો ડોલરનો દંડ ફટકારવામાં આવ્યો. એક અગ્રણી રાજકીય પરિવારના વંશજ નજીબને લાંબા સમયથી અસ્પૃશ્ય માનવામાં આવતા હતા, જ્યાં સુધી ૧સ્ઢમ્ પરના લોકોના રોષને કારણે ૨૦૧૮ ની ચૂંટણીમાં તેમના શાસક પક્ષની હાર થઈ, જે બ્રિટનથી સ્વતંત્રતા પછી મલેશિયા પર શાસન કરતો હતો. નજીબે કોઈપણ ખોટું કામ કરવાનો ઈનકાર કર્યો. તેમણે દાવો કર્યો હતો કે ભંડોળ સાઉદી અરેબિયા તરફથી દાન હતું અને તેમને જો લો ટેક જોના નેતૃત્વ હેઠળના બદમાશ ફાઈનાન્સરો દ્વારા ગેરમાર્ગે દોરવામાં આવ્યા હતા. તેમણે એવી પણ દલીલ કરી હતી કે ફરિયાદ પક્ષ રાજકીય રીતે પ્રેરિત હતો. કૌભાંડનો કથિત માસ્ટરમાઈન્ડ જો લો હજુ પણ ફરાર છે. ફરિયાદીઓએ દલીલ કરી હતી કે નજીબ આ યોજનાના મુખ્ય નિર્ણય લેનાર અને અંતિમ લાભાર્થી હતા.